ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૪)
અંક-૨ • મે, ૨૦૧૬ • પાના ૪૪ • કિંમત રૂા. ૨૦/-
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 2 • MAY 2016 • PAGES 44 • PRICE 20/-



## જિન-વચન

**એક દિવસ મારે મારું સઘળું કાંઇ છોડીને ચાલ્યા જવાનું છે**

खेत्त वत्थुं हिरण्णं च पुत्तदारं च बंधवा ।
चइत्ता णं इमं देहं गन्तव्वमवसस्स मे ।।

(ઉ.૧૯-૧૭)

માણસે સમજવું જોઇએ કે: 'એક દિવસ મારે મારાં પોતાનાં જમીન અને ઘર, સોનું અને ઝવેરાત, સ્ત્રી અને સંતાનો, સગાં અને સંબંધીઓને છોડીને અને મારા પોતાના દેહને પણ છોડીને અવશ્ય ચાલ્યા જવાનું છે.'

A man should realise that some day he certainly has to leave this world, leaving behind his land and estate, house and property, gold and ornaments, wife and children, relatives and friends, and even his own body.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ
ડૉ. ધનવંત તિલકરાય શાહ

## નવી કેળવણીએ બધાને હાથકામની મહત્તા સમજતા અટકાવ્યા છે

### આચમન

આશ્રમમાં એક પછી એક ચિત્રવિચિત્ર માનવીઓ આવ્યે જતાં હતાં. એક બપોરે એક નવા એમ.એ., એલએલ. બી. ગયા, ને કહેવા લાગ્યા: 'સાહેબ, મારા લાયક કંઈ કામ બતાવો.' ગાંધીજી કહે : 'આવો, આ ઘઉં વીણો.' પોતે પણ તે વખતે ઘઉં વીણતા હતા, ને દળવા જવાની તૈયારીમાં હતા. પેલા એમ.એ., એલએલ. બી. તો ડઘાઈ જ ગયા. કૉલર, ટાઈ, પાટલૂન અને પાઘડી પહેરેલાં, એટલે એક તો પલાંઠી વાળીને બેસવાનું જ મુશ્કેલ હતું. તેમાંયે અરધો કલાક થયો છતાં ગાંધીજી એમને 'રહેવા દો' એમ પણ કહે નહીં. આખરે પરસેવાથી રેબઝેબ થયેલા ઊઠ્યા, ને કહ્યું: 'સાહેબ, હવે હું રજા લઉં છું!' ગાંધીજી કહે : 'પધારો.' આ વાતનો સાંજની પ્રાર્થનામાં ગાંધીજીએ ઉલ્લેખ કર્યો, ને કહ્યું : 'હું એ ભાઈનો દોષ કાઢતો નથી. નવી કેળવણીએ બધાને હાથકામની મહત્તા સમજતા અટકાવ્યા છે. આવા બહુ ભાઈઓ મારી પાસે આવે છે. હમણાં હું કંઈ રાજકીય મંડળ કાઢું કે છાપું કાઢું તો એના મંત્રી થવા ઉત્સુક હોય છે. પણ હું એવું કંઈ કરતો નથી. કરું તો અહીં ઘોડાગાડીઓની હાર જામે, સભાઓ થાય, ચર્ચાઓ થાય, અને લોકો માને કે સ્વરાજ આવ્યું, સ્વરાજ આવ્યું. પણ મને એ પદ્ધતિએ કામ કરવું ગમતું નથી. હું બહુ નાનો માણસ છું. અને દેશ બહુ મોટો છે. પણ મારું માને તો હું એને સાચા કાર્યની દિશા સૂઝાડું ખરો.'

* * *

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ગ્રંથ સાથે મૈત્રી : સમણસુત્તં (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | શ્રમણ અને શ્રમણસૂત્ર | ઉપા. ભુવનચંદ્ર 'ચિન્મય' | ૬ |
| ૩. | જૈન ધર્મદર્શન અને જૈન તત્ત્વમીમાંસા | ડૉ. નરેશ વેદ | ૮ |
| ૪. | 'સમણસુત્તં'નું સંકલન, અનુવાદ અને અનુવાદકો | ડૉ. રમજાન હસણિયા | ૧૨ |
| ૫. | મારું પ્રિય પુસ્તક–'સમણસુત્તં' | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૮ |
| ૬. | જૈન ગ્રંથ 'સમણસુત્તં'નું શિક્ષણ શાસ્ત્રીય અધ્યયન | ડૉ. શુદ્ધાત્મપ્રકાશ જૈન | ૨૦ |
| ૭. | 'સમણસુત્તં'ની જ્ઞાનયાત્રા | — | ૨૨ |
| ૮. | શ્રી મું. જૈ. યુ. સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૨૮ |
| ૯. | સંસારી સંત ધનવંતભાઈ શાહના દિવ્ય આત્માને ભાવવંદના | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૨૯ |
| ૧૦. | શોક સંદેશાઓ અને શ્રદ્ધાંજલિઓ | — | ૩૦ થી ૩૭ |
| 11. | Seeker's Diary : Ability to be creative | Reshma Shah | 38 |
| 12. | Sammana Suttam | Dr. Kokila Hemchand Shah | 39 |
| 13. | `Saman Suttam' A Devout Embellish for Today's World! | Prachi Shah | 41 |
| 14. | Story of 10 th & 11th Chakravartis Harishen & Jay | Dr. Renuka Porwal | 42 |
| 15. | Story of 10 th & 11th Chakravartis Harishen & Jay Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૬. | પંથે પંથે પાથેય : સમાધાન | વિનોબા ભાવે | ૪૪ |


### આ અંકનું મુખપૃષ્ઠ




ચાર ભુજાવાળા સરસ્વતી માતાની આ મૂર્તિ મહાવીર સ્વામી જૈન મંદિર, થરાદ, ગુજરાતમાં છે. આ મૂર્તિ ઈ. સ. ૧૨૧૨ની છે. સોનાના આભૂષણોથી ખચિત માતાની એક ભુજામાં કમળની વેલી, બીજી ભુજામાં વીણા, ત્રીજી ભુજામાં માળા અને ચોથી ભુજામાં હસ્તપ્રત છે.

ફોટો સૌજન્ય : આચાર્ય વિમલસાગરજી મહારાજ.

ફોટો વિશે માહિતી : ડૉ. રેણુકા પોરવાલ

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) • અંક : ૨ • મે ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૨ • વીર સંવત ૨૫૪૨ • વૈશાખ સુદ તિથિ ૧૦ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●    ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## ગ્રંથ સાથે મૈત્રી

## સમણસુત્તં

યુનેસ્કોએ વાંચનને પ્રોત્સાહિત કરવા માટે ૨૩મી એપ્રિલના દિવસને વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. પુસ્તકો આપણા મિત્રો છે. માર્ગદર્શક છે. વાંચન, સ્વાધ્યાય, અધ્યયન આપણને કેળવે છે, સજ્જ બનાવે છે, માનવ સમાજના સુસંસ્કૃત સભ્ય તરીકેનું સ્થાન અપાવે છે. શ્રુતજ્ઞાનના મહિમા અંગે આપણે જાણીએ છીએ. અનેક તત્ત્વમૂલક, મુલ્ય આદર્શથી ભરેલા ગ્રંથોનો ભંડાર જૈનધર્મ પાસે છે. ભગવાન મહાવીરના ઉપદેશને સંકલિત કરી, એને શબ્દબદ્ધ કરવાનું કાર્ય એમના શિષ્યો પાસેથી દ્વાદશાંગના રૂપે મળે છે. ત્યારથી લઈ આજ સુધી અનેક ગ્રંથો પ્રાપ્ત થયા છે. આ ગ્રંથોએ અન્ય ધર્મી પ્રજાને પણ પ્રભાવિત કર્યા છે. એવો જ એક ગ્રંથ સમણસુત્તં, જેને સંકલિત કરવાની પ્રેરણા આપનાર વિનોબાજી હતા, કેવો પ્રભાવ હશે એ ગ્રંથનો! ત્યારથી લઈ આજ સુધી આ ગ્રંથને અનુવાદિત અને સંકલિત કરવાના પ્રયત્નો અનેક વિદ્વાનો દ્વારા થતા રહ્યા છે. સુસમૃદ્ધ પરંપરા આપણને વારસામાં મળી છે જેને માત્ર પુસ્તકાલયમાં સજાવાને બદલે તેના પાના, શબ્દોના સ્પર્શ દ્વારા ગ્રંથની નિકટ જવાનો પ્રયત્ન કરીએ, કદાચ ત્યાંથી જ શરૂ થતી હશે આપણા આત્મોદ્ધારની યાત્રા!

સમણસુત્તંની પ્રાકૃત ગાથાઓમાં જીવનના શાશ્વત મૂલ્યો સમાવાયા છે. એ ગ્રંથને કોઈ ધર્મ, જાતિ, દેશકાળના બંધનમાં નહીં બાંધી શકાય. આજે ભૌતિક સાધનોની અમાપ ઉપલબ્ધિઓ હોવા છતાં સંતોષ નથી મળતો. મનુષ્ય એ નથી સમજી શકતો કે આખરે તેને જોઈએ છે શું અને એની પ્રાપ્તિની દોટ ક્યારે અટકશે? સમણસુત્તં ગ્રંથનું વાચન આપણી અંદર એ સમજ કેળવે છે કે ઈન્દ્રિયસુખથી થોડા સમય માટે શાંતિ મળે પરંતુ એ હંમેશ માટે નથી હોતી. આપણે આજે બાહ્યશરીરની સુશ્રુષામાં એવા અટવાઈ ગયા છીએ કે આંતર તરફ ગતિ કરવાનું ભાન ભુલી ગયા છીએ. પરમાત્માના દર્શન માટે અજ્ઞાન, મોહના આવરણ દૂર થવા જરૂરી છે. આત્મ-જાગૃતિ અતિ-આવશ્યક છે. એ જ સાચા અર્થમાં જૈનદર્શનનું સમ્યગ્દર્શન છે. સમણસુત્તં એ સ્વ-જાગૃતિ તરફ વાળનાર શાસ્ત્ર છે. સંયમ અને તપ દ્વારા પોતાના પર વિજય પ્રાપ્ત

**આ અંકના સૌજન્યદાતા**

સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)ના સ્મરણાર્થે

હસ્તે :

શ્રીમતી ડૉ. નીતા કર્ણિક પરીખ

શ્રી કર્ણિક કાંતિલાલ પરીખ

કુ. સ્રિસ્ટી કર્ણિક પરીખ

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

કરવો જોઈએ. એવું ન બનવું જોઈએ કે સંયમ કે તપ એ બંધનનું કારણ બને. જો એવું થાય તો જે સમભાવ માટે છે તે જ બંધનનું કારણ બને. સમણસુત્તંમાં શ્રાવક આચારના નિયમોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વિશ્વશાંતિ માટે અહિંસા અને અપરિગ્રહ આવશ્યક છે. સમણસુત્તંમાં આળસી, અસાવધાન વ્યક્તિઓને હિંસક કહી છે જ્યારે કાર્યનિષ્ઠ વ્યક્તિને અહિંસક કહી છે. જીવનમાં સદ્‌ગુણનો વિકાસ ત્યારે થાય છે જ્યારે આપણો આપણી જાત પર સંયમ હોય છે. જ્ઞાની હોવાની એક ફરજ એ પણ છે કે જ્ઞાની હિંસક ના બની શકે. કુટિલ વિચારો, એષણાઓને, કષાય કહેવાયા છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર પ્રમુખ કષાય છે. સમણસુત્તંમાં કહ્યું છે કે ક્રોધ પ્રીતિને નષ્ટ કરે છે, માન વિનયને નષ્ટ કરે છે, માયા મૈત્રીને નષ્ટ કરે છે, લોભ બધા જ સદ્‌ગુણોને નષ્ટ કરે છે.

સમણસુત્તં ગ્રંથમાં આપણા અંતર્ગત અવગુણોને જીતવાનો ઉપાય બતાવ્યો છે. મૃદુતા, સંતોષ, સરળતા વગેરેથી વ્યક્તિનો વિકાસ થાય છે. આ ગ્રંથ આજના સમયમાં જરૂરી છે, જેમાં શાંતિનો સંદેશ રહ્યો છે. આ ગ્રંથને જૈન ધર્મનો પ્રતિનિધિ ગ્રંથ કહી શકાય. સમ્યક્ દર્શન અને સમ્યક્ ચરિત્રથી જ મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે. જેને તત્ત્વનું જ્ઞાન હોય, ચિત્તને કાબુમાં રાખ્યું હોય, આત્મા વિશુદ્ધ હોય એ જ જ્ઞાની આત્માના અનેક ગુણો છે, તે પૈકી એક જ્ઞાન પણ છે. મિથ્યા જ્ઞાનથી બચવાના ઉપાય કરવાના છે. જ્ઞાનના સંબંધમાં જૈન ધર્મની માન્યતા વિશેષ મહત્ત્વ રાખે છે. જ્ઞાનના અભાવને જેમ અજ્ઞાન કહે છે તેમ જ મિથ્યાજ્ઞાનને પણ અજ્ઞાન કહ્યું છે. જીવ એકવાર સમ્યક્‌દર્શન રહિત હોઈ શકે, પરંતુ જ્ઞાન રહિત ન હોઈ શકે. કોઈ ને કોઈ રૂપે જ્ઞાન જીવમાં હોય જ છે. એ જ જ્ઞાનનો સમ્યકત્વ રૂપે આવિર્ભાવ થાય એને જ સમ્યક્-જ્ઞાન કહેવાય છે. આ ગ્રંથ આપણા આચારોનું માર્ગદર્શન કરાવે છે. આમાં રહેલાં ઉચ્ચ જીવન મૂલ્યો અને ચરિત્ર નિર્માણ માટેની ભૂમિકા આપવામાં આવી છે. અદ્વિતીય જીવનને સાકાર કરવા માટેની આ પ્રાયોગિક શિક્ષા છે. સમણસુત્તંની લક્ષ્યપ્રાપ્તિ માટે આત્મપ્રેરણાની સાથે બાહ્યપ્રેરણાને મહત્ત્વ આપ્યું છે. વર્તમાન સમયમાં લોકોનું ધ્યાન સૈદ્ધાંતિક બાબતોથી હટીને પ્રાયોગિક અને વ્યવહારિક કાર્યોમાં વધુ જોડાયું છે. તેથી આ ગ્રંથનું અધ્યયન વધુ અપેક્ષિત છે. આ ગ્રંથમાં જે રીતે જ્ઞાનનો મહિમા કર્યો છે તેમ શિક્ષણનો મહિમા પણ કર્યો છે.

णाणं सरणं मे, दंसणं च सरणं च चरिय सरणं च ।

तव संजमं च सरणं, भगवं सरणो महावीरो ।।१।।

જ્ઞાન મારું શરણ છે, દર્શન મારું શરણ છે, ચારિત્ર મારું શરણ છે, તપ અને સંયમ મારું શરણ છે અને શ્રમણ ભગવાન મહાવીર મારું શરણ છે.

Right knowledge is my shelter, right faith is my shelter, right conduct is my shelter, austerity and self-restraint are my shelters, Bhagavan Mahavira is my shelter.

આ શરણને મારે પ્રાપ્ત કરવું છે અને એના ચાર રસ્તા ચાર ખંડ રૂપે દર્શાવ્યા છે. પ્રથમ જ્યોતિર્મુખ અર્થાત્ નિમ્ન ભૌતિક ભૂમિકા અથવા બાહ્ય જીવનથી ઉપર ઊઠીને આભ્યંતર જીવનનું દર્શન કરવું. જાગૃતિની અવસ્થા સાથે મોક્ષમાર્ગ તરફ વિચરણ કરે છે. મોક્ષમાર્ગમાં વ્યક્તિની તમામ શંકાઓ નષ્ટ થાય છે, મન શાંત, સમતામય અવસ્થા ધારણ કરે છે, દેહ જીવન-મુક્ત દશામાં દિવ્ય ઉપદેશ મારફતે જગતમાં કલ્યાણ માર્ગનો પ્રસાર કરતાં વિચરણ કરે છે. આ ગતિ સિદ્ધ અવસ્થા તરફની છે. સમણસુત્તં ગ્રંથનો ત્રીજો ખંડ તત્ત્વદર્શન વિષયક છે, જેમાં છ દ્રવ્યનો પરિચય આપીને વિશ્વ સૃષ્ટિની અકૃત્રિમતા અને અનંતતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ચોથો ખંડ સ્યાદ્વાદ પર છે અને એમાં અનેકાંતનો પરિચય મળે છે. ચાર ખંડ અને ૭૫૬ ગાથાઓમાં જૈન-ધર્મ, તત્ત્વ-દર્શન અને આચારમાર્ગનો સારાંશ સમણસુત્તં ગ્રંથમાં મળે

### પછી શું જોઈએ ?

*ચોપાસ નજર નાખીએ ને જીવનમાં જે મળ્યું છે એ તપાસીએ:*
*શ્વાસ ભરવા માટે અખૂટ હવા,*
*સૃષ્ટિને અજવાળતો પ્રકાશપુંજ, મધુર સ્વરસુધા,*
*વાંચવા માટે અપરંપાર પુસ્તકો,*
*સ્વપ્નમાં મઢી લેવા જેવો તારકલોક,*
*આંખોને લીલી આંજળ દેતાં વૃક્ષો,*
*નર્તન માટેઆવો વિશાળ પૃથ્વીપટ,*
*સરસ મિત્રોની ભરી મિજલસ,*
*દોસ્તી કરવા દિલ થાય એવા દુશ્મનો,*
*મળવાનો ઉમળકો થાય તેવા અણજાણ લોકો,*
*જેની પગદંડીઓ ચાલવા માટે બોલાવતી હોય એવાં વનાંચલો,*
*જેની રેત પર પગલાંની લિપિ પાડવાનું મન થાય તેવાં સાગરતીર,*
*જેને આંબવાનું દિલ થાય તેવી પાષાણશિખાઓ,*
*તરબોળ કરનારાં વર્ષાજળ,*
*ધરતીને ભીંજવતી સરિતાઓ અને સકલ સચરાચર સૃષ્ટિ*
*અખૂટ આવા વિપુલ વૈભવના સ્વામી છીએ–પછી શું જોઈએ?*

**☐ માઈક ડૂલી**

સૌજન્ય : પ્રસાર, ભાવનગર

છે.

જૈન ધર્મનો તમામ આચાર આત્મલક્ષી છે, એમાં શ્રાવક અને શ્રમણ માટેની સંહિતા પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથનું મહત્ત્વ એ છે કે પાંચ સમવાય ભેગા થવાથી સમણસુત્તં ગ્રંથની રચના થઈ. જૈન ધર્મની પરંપરામાં આત્મવાદ અને અનેકાંતવિચારનું મહત્ત્વ રહ્યું છે. જિને ઉપદેશેલા માર્ગ પર ચાલવું અને તે જ કલ્યાણ માર્ગ છે. પોતાના દેહગત, આત્માગત વિકાર પર કાબુ મેળવવો. આત્માને સમજવો અને પરમાત્માને પામવાની ઈચ્છા દરેકને હોય છે.

સૃષ્ટિનો પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. એનું અસ્તિત્વ-ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ નિર્મિત હોય છે. પદાર્થ પોતાના સ્વભાવને બદલતો નથી. સત્તાના રૂપમાં એ સદૈવ સ્થિત હોય છે. પર્યાય કરતાં એ નિરંતર પરિવર્તનશીલ હોય છે. આ જ ત્રિપદી પર સંપૂર્ણ જૈન દર્શન ઉભેલું છે. જેના આધાર પર લોક-વ્યવસ્થાનું પ્રતિપાદન થાય છે. પ્રભુ મહાવીરે તત્ત્વદર્શનમાં કહ્યું છે, સમભાવ એ જ અહિંસા છે, મમત્ત્વ ન હોવું તે અપરિગ્રહ છે. સત્ય શાસ્ત્રમાં નહિ અનુભવમાં વસે છે, માત્ર કર્મથી કે માત્ર જ્ઞાનથી ઉદ્ધાર નથી જ. આત્મ-પ્રતીતિ, આત્મ-જ્ઞાન અને આત્મલીનતા–નિજાનંદ રસલીનતા જ મનુષ્યને મુક્તિ આપવી શકે છે. આ જ સાચું સમ્યકત્વ છે.

આપણે જાણીએ છીએ કે શ્રાવકાચાર અને શ્રમણાચારમાં શ્રાવકો માટેનો આચાર સરળ છે કારણ કે એમને ગૃહત્યાગ નથી કરવાનો. શ્વેતાંબર હોય કે દિગંબર, બુદ્ધ ધર્મી હોય કે અન્ય ધર્મી હોય જેનો આત્મા 'સમભાવ'થી ભાવિત છે તેના આત્માનો મોક્ષ થાય એમાં જરા પણ શંકા નથી એમ જિનેન્દ્ર દેવે કહ્યું છે. સાચું સામાયિક એ જ સમભાવ છે, એ જ મોક્ષ છે.

આ એક એવો ગ્રંથ છે તેમાં દાર્શનિકની સાથે સમાજશાસ્ત્રીય અભિગમ પણ જોવા મળે છે. આજે વિભાજક પરિવારના સમયમાં બાળક માટે સંયુક્ત પરિવાર અને માતા-પિતાનું સ્થાન કેટલું મહત્ત્વનું છે તે પણ પ્રતીકો દ્વારા સમજાવ્યું છે. જીવનમાં અનેક સમસ્યાઓ છે, તણાવ છે, અનેક મુશ્કેલીઓથી વ્યક્તિ ભાગી રહી હોય ત્યારે અંદરની તરફ વળવાથી અને આત્મા-ગુણોને સમજવાથી સુખ પ્રાપ્ત થશે. આજે જ્યારે આપણે સહિષ્ણુતાની વાત કરીએ છીએ ત્યારે અન્યના આદર્શ માટેની અને પોતાના મૂલ્યો પરની શ્રદ્ધા આવા ગ્રંથોના વાંચન અને અધ્યયન દ્વારા વધે છે. એમ કહી શકાય કે સમણસુત્તં અનુસાર એક સારા શ્રોતા બનવું, જાગૃત રહેવું, જીવનને ઉત્તરોત્તર મહાવીર બનાવવું, ઉચ્ચ કાર્ય કરવા, વિનય, ઋજુતા, ક્ષમાશીલતા જેવા ગુણો ધારણ કરવા, વગેરે મહત્ત્વનું છે. જીવન અને મૃત્યુના છેડા વચ્ચે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત જેવા વિચારો સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે જરૂરી છે. આના સ્વીકાર દ્વારા મનુષ્ય જાતિ સ્વમાન અને સન્માનીય જીવન તરફ ગતિ કરશે. છેવટે તો એમ જ કહેવાનું કે સારો મિત્ર, સારું પુસ્તક અને સારો વિચાર પ્રકાશ તરફ ગતિ કરાવે છે. આપણે સહુ એ પ્રકાશને ઓળખીએ અને એને યોગ્ય બનીએ. હાલમાં જ ગયેલા મહાવીર જન્મ-કલ્યાણકના શુભ દિવસ નિમિત્તે આ ગ્રંથનો મહિમા કરી આરાધના કરીએ.

હે જીવ, તમામ પ્રકારના પરિગ્રહને છોડી નિઃસંગ બની જા,
સુખકારી-દુઃખકારી ભાવો પર અંકુશ મેળવ,
એ જ સાચો ધર્મ છે...હવે આ જ્ઞાન મને લાધ્યું છે,
તેથી મને મૃત્યુનો ડર નથી..

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com

## 'પ્રબુદ્ધ જીવન' પરદેશના પોસ્ટલ ચાર્જિસમાં વધારો

પોસ્ટ ખાતાએ પરદેશના પોસ્ટલ ચાર્જિસમાં જાન્યુઆરી ૨૦૧૬થી વધારો કર્યો છે. પહેલાં એક અંકનો પોસ્ટેજ ખર્ચ રૂ.૯૦ હતો. જાન્યુઆરીમાં ૨૦૧૬થી એક અંકનો પોસ્ટેજ દર રૂા. ૧૦૨ થયો છે. ફેબ્રુઆરી ૨૦૧૬ના ખાસ અંકનો પોસ્ટલ ચાર્જ રૂા. ૨૪૭ એક અંકનો નવા પોસ્ટલ નિયમ મુજબ થયો હતો.

આ સંજોગોમાં તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

આપના સહકારની આશા રાખીએ છીએ.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

# શ્રમણ અને શ્રમણસૂત્ર

☐ ઉપા. ભુવનચંદ્ર 'ચિન્મય'

ભગવાન મહાવીરની પહેલી ઓળખ સ્થપાઈ–'જ્ઞાતપુત્ર'-જ્ઞાતકુળના પુત્રરત્ન તરીકે. વર્ધમાન કુમાર નામ મળ્યું, પરંતુ એમના વ્યક્તિત્વને જોઈને જે ઓળખ સ્થાપિત થઈ તે હતીઃ મહાવીર. અને એમના કાર્યક્ષેત્ર/પુરુષાર્થને અનુલક્ષીને ઓળખ થઈ તે હતી 'શ્રમણ'. એમની સિદ્ધિ-ઉપલબ્ધિને રેખાંકિત કરનારી ઓળખ છે : 'ભગવાન'. વર્ધમાન-વિકાસશીલ મહાવીરની અનેકમુખી પ્રતિભાનો પરિચય એક શબ્દથી આપવો શક્ય ન લાગ્યો, તેથી ત્રણ શબ્દો સાથે મૂકાયાઃ શ્રમણ ભગવાન મહાવીર. આ ઓળખ કદાચ એમના જીવનકાળમાં જ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. આગમો તથા મહાવીરનો ઉલ્લેખ સર્વત્ર આ રીતે કરે છે : समणे भयवं महावीरे।

શ્રમ વિના ક્યાં કશું મળે છે ? અને શ્રમ કોણ નથી કરતું ? 'શ્રમણ' શબ્દનો અર્થ છે : જે શ્રમ કરે છે તે. આ અર્થમાં બધા જ શ્રમણ છે. કીડી પણ. મહાવીરને શ્રમણ કહેવાથી શું સિદ્ધ થયું ?

સિદ્ધ આ થયુંઃ જે શ્રમ વિના ચાલે નહિ એવો શ્રમ કરનારને શ્રમણ કહેવાનો અર્થ નથી. સો-બસો રૂપિયા જેની પાસે હોય તે ધનવાન કહેવાતો નથી. ધનવાન કહેવાવા માટે ધન એક હદથી વધુ હોવું જોઇએ. ક્ષુદ્ર હેતુ માટે શ્રમ ઉઠાવનારને પુરુષાર્થી કહેવા માટે આપણી જીભ ઉપડતી નથી. કોઈ ઉચ્ચ, શ્રેષ્ઠ, સુંદર, ગહન સાધ્ય માટે મથે તે જ શ્રમણ. ભગવાન મહાવીર શ્રેષ્ઠ, ગૂઢ, વિકટ, લક્ષ્ય માટે ઝઝૂમ્યા, માટે શ્રમણનું વિશેષણ અપાયું.

શ્રેષ્ઠ, ગહન અને અલૌકિકની ખોજને વરેલા જગતના અન્ય શ્રમણોને શ્રમણ મહાવીર એક અદ્‌ભુત વીરનાયક લાગે. જે શ્રમ કરતો હોય એને જ શ્રમણ મહાવીર સમજાય.

X X X

અણઘડ, અવિરત, અપાર શ્રમ કરીને શાશ્વત પરમ-પૂર્ણની ઉપલબ્ધિ કરી ચૂકેલા મહાવીરે પછી એક અન્ય શ્રમ કર્યોઃ પરમને પામવાના પથનું દિગ્દર્શન આંતર જગતના પથિકોને કરાવવાનો શ્રમ. અધ્યાત્મની ભૂમિના એ ખેડૂના શ્રીમુખે ઉચ્ચરિત વચનો જિજ્ઞાસુ શ્રમિકોને નોંધપોથીમાં ટાંકી લેવા કેમ ન લાગે ? મહાવીરની ઊક્તિને 'સૂક્તિ' કરીને એમણે સન્માની. મહાવીરના શબ્દોને 'સૂત્ર'નું સ્થાન-માન આપ્યું. જિન વચન સૂત્ર છે–આંતરજગતને સમજવા-સંચાલિત કરવાની સંહિતા છે. આજની વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો Formulaઓ છે.

જિનવાણી–જીતનારાની વાણી વિજયેચ્છા માટે માર્ગદર્શિકા બને જ.

જિનવાણી આગમ છે. અગમને સમજાવે તે આગમ.

X X X

સંગીતના વિદ્યાર્થી માટે સંગીતાચાર્યના શબ્દો 'શાસ્ત્ર' બની જાય; વૈદ્યની સૂચનાઓ રોગી માટે નિરોગી થવાની ગુરુચાવી ગણાય; તરવૈયાની શિખામણો તરણવિદ્યાના અર્થી માટે તરણોપાય ઠરે.

સંગીતનો વિદ્યાર્થી કલાચાર્યના શબ્દો માત્ર સમજે નહિ, તેના આધારે અભ્યાસ કરે. વૈદ્યની સૂચનાઓ રોગી માત્ર યાદ ન રાખે, એ સૂચના પ્રમાણે વર્તે; તરવૈયો પોતાના પ્રશિક્ષકના બોલ ઠીક રીતે સમજી લે એટલું જ નહિ, તરતી વખતે તેનો પ્રયોગ કરે.

અધ્યાત્મના અન્વેષક માટે કે જીવનવિદ્યાના ખોજી માટે મહાવીરના વચન એક નિષ્ણાતની સલાહ જેવા છે. સૂચનાપોથી છે–Manual છે. જન્મ અને મૃત્યુની વચ્ચેનો પ્રદેશ–જેને જીવન કહેવાય છે–એને પાર કરવામાં ડગલે ને પગલે કામ આવે એવા સૂત્રો–Formulaઓ મહાવીર આપે છે. જે ક્યાંય જવા નથી માગતો–ભીતર સમાઈ જવા ઇચ્છે છે–તેની Guidelines તો એકમેવ શ્રમણ મહાવીર જ આપી શકે.

શ્રમણના સૂત્રો જીવનપથને અજવાળે<br>
અને મુક્તિના દ્વાર પણ ખોલે.<br>
આ શાસ્ત્રની જરૂર રોગીને પડે, વૈદ્યને પણ.<br>
આ શાસ્ત્ર એવું કે વિદ્યાર્થીએ શીખવું પડે, અને શિક્ષકે પણ.<br>
આ સૂત્રો તરવૈયાને કામના, એના પ્રશિક્ષકને પણ કામના.<br>
કેમકે જીવવું તો બધાને છે.

શેઠને અને નોકરને, રાજાને અને પ્રજાને, બાપને અને દીકરાને, ભાઈને અને બહેનને, પતિને અને પત્નીને, અમલદારને અને ચપરાશીને–માણસ માત્રને પોતાના જીવાતા જીવનને સુંદર, સાર્થક, સુગમ બનાવવાની યુક્તિઓ – tips શ્રમણ મહાવીરની સુક્તિઓમાંથી મળે.

જેને કશું કરવું નથી, કંઈ બનવું નથી, ક્યાંય જવું નથી, કંઈ મેળવવું નથી એને 'કંઈ કરતાં કેમ અટકવું' તેની tips પણ શ્રમણ

*ધરતી પરનું છેલ્લું વૃક્ષ કપાયું હશે,*<br>
*અને આખરી નદીનાં નીર ઝેરીલાં બન્યાં હશે,*<br>
*તે દા'ડે આપણને સમજાશે કે નાણાને આરોગી નથી શકાતું.*<br>
**અમેરિકન આદિવાસી કહેવત**

મહાવીર આપે.

સત્ય તપ સંતોષ

પ્રેમ ત્યાગ ક્ષમા

અહિંસા તિતિક્ષા સેવા

હૃદયમંદિર કે જીવનમંદિરના આંતર-સુશોભનની આ સામગ્રી છે. શ્રમણ મહાવીરની સલાહ આમાં પણ કામ આવે.

કોઈને હૃદયમંદિર ખાલી કરવું હોય તો તે માટેની સલાહ પણ મહાવીર પાસેથી માગે.

મહાવીર સર્વોપયોગી છે.

મહાવીરના સૂત્રો સર્વકાલીન છે.

સત્ય જૂનું થતું નથી.

શ્રમણસૂત્ર સનાતન સત્ય છે.

X X X

અવસ્થાઓ બદલાય. વ્યવસ્થાઓ બદલાય. સંસ્થા બદલાય. આસ્થા પણ બદલાય, પરંતુ કંઈક એવું પણ છે કે જે નથી બદલાતું. જે 'સ્થિત' છે, જેની 'સ્થિતિ' બની રહે છે. જે હતું, છે અને હશે. શ્રમણ મહાવીરે 'સ્થિતિ'ની પણ વાત કરી. જે સ્થિતિ છે તેની સ્થાપના કરી છે. જે નથી તેની કલ્પના નથી કરી.

સ્થિતિ શું છે? સ્થાપિત શું છે?

નિસર્ગ સ્થિત છે.

નિસર્ગના નિયમો સ્થાપિત છે.

દ્રવ્ય છે, ગુણ છે, પર્યાયના પરિવર્તનો છે.

સંસાર છે. સંસારચક્ર છે.

કર્મ છે.

ધર્મ છે.

રાગ છે. રાગની પીડા છે.

વિરાગ છે. શાંતિ છે.

આ જગતસ્થિતિ છે.

રત્નત્રય છે.

વિચાર છે.

લેશ્યા છે.

પરિગ્રહ છે, તો પાપ છે.

એકાંત છે, તો ભ્રમ છે.

અનેકાંત છે, તો બોધ છે.

પરમાણુ છે, સ્કંધ છે.

સ્કંધ છે તો પૂરણ–ગલન છે.

શ્રમણ મહાવીરના આ નિર્દેશો છે, નિષ્કર્ષ છે. શ્રમણ મહાવીરે નિસર્ગના રહસ્યો શોધવાનો શ્રમ કર્યો છે. શ્રમણે આપેલાં સૂત્રો નિર્ગ્રન્થ તરફથી મળેલી ભેટ છે. ગાંઠે બાંધી લેવા જેવી ભેટ છે.

✷ ✷ ✷

જૈન દેરાસર, નાની ખાખર, જિ. કચ્છ-ગુજરાત. પિન-૩૭૦૪૩૫

# પાણી

સુંદરવનમાં પશુ-પક્ષીઓ હળીમળીને રહેતાં હતાં. એમાં હાથીઓની પણ વસ્તી હતી. ઉનાળાના દિવસો આવ્યા. જંગલનું તળાવ સુકાવા માંડ્યું. હાથીઓને તો ખૂબ પાણી જોઈએ.

એક દિવસ બધા હાથીઓએ ભેગા મળીને ભારે મહેનતથી મોટું તળાવ ખોદી કાઢ્યું. હાથીઓ તળાવમાંથી ધરાઈને પાણી પીતા અને પછી જંગલમાં ચાલ્યા જતા.

એક દિવસ આ તળાવની પાળે વાનરોનું ટોળું આવ્યું. પહેલાં તો એમણે પોતાની તરસ છિપાવી અને પછી પોતાના બચ્ચાંને તળાવમાં નવડાવીને પાણી ગંદું કરી નાખ્યું. સાંજે જ્યારે હાથીઓનું ટોળું પાણી પીવા આવ્યું ત્યારે એમણે જોયું તો પાણી ગંદું થયેલું હતું. આવું ગંદું પાણી કેમ પિવાય?

બીજા દિવસે હાથીઓએ ભેગા મળીને ફરીથી નવું તળાવ ખોદી કાઢ્યું. વાનરોએ રાત્રે આવીને નવા ખોદેલા તળાવમાંથી પાણી તો પીધું, પણ પાછાં બચ્ચાંને નવડાવીને પાણી ગંદું કરી ચાલતા થયા.

હાથીઓનું ટોળું નજીકના બીજા જંગલમાં જતું રહ્યું એટલે વાનરોને મઝા પડી. તેઓ કશી રોકટોક વગર પાણી પીતા અને નાહતા-ધોતા. એમણે તળાવનું બધુંયે પાણી ગંદું-ગંદું કરી નાખ્યું.

પછી તો પાણી જેમતેમ વેડફી નાખવાથી તળાવ ખાલીખમ થવા લાગ્યાં. ક્યાંય પાણીનું ટીપુંયે દેખાતું ન હતું. આવી પરિસ્થિતિ જોઈને વાનરોને પોતાની ભૂલનું ભાન થયું. તેમને થયું કે આપણે હાથીઓને મનાવીને આ જંગલમાં પાછા લઈ આવવા જોઈએ.

વાનરોનું ટોળું હાથીઓને મનાવવા માટે ગયું. વડીલ વાનરે હાથીદાદા પાસે જઈને માફી માગી, પરંતુ હાથીદાદા ખૂબ ગુસ્સે થયેલા હતા એટલે એમ માને ખરા?

હાથીદાદા બોલ્યા: 'આપણે આ વાનરોને એવો પાઠ ભણાવીએ કે એ ફરીથી પાણી ગંદું કરવાની ખો ભૂલી જાય.' બધા હાથીઓ વાનરો પર તૂટી પડ્યા. એમણે વાનરોની ખૂબ જ પિટાઈ કરી. હાથીઓ એમને અધમૂવા કરી નાખ્યા અને ત્યાંથી એમને તગેડી મૂક્યા. વાનરો કાયમ માટે પાસેના જંગલમાં જતા રહ્યા.

અબુધ જાનવરો પણ પર્યાવરણને દૂષિત થતું અટકાવે છે. તેઓ પણ પર્યાવરણની જાળવણી જાણે છે એ આ વાત પરથી સમજાય છે.

☐ **વસંતલાલ પરમાર**

ટૂંકાવીને સૌજન્ય : ઓળખ, ભાવનગર

# જૈન ધર્મદર્શન અને જૈન તત્ત્વમીમાંસા

☐ ડૉ. નરેશ વેદ

જૈન ધર્મનું ઉદ્‌ગમ સ્થાન ભારત છે. ભારતમાં જન્મેલા ચાર ધર્મો પૈકીનો તે મહત્ત્વનો ધર્મ છે. એનો ઉદ્‌ભવ કાળ ઈ. સ. પૂર્વે ૫૯૯ છે. એટલે કે આશરે ૨૬૦૦ વર્ષ પૂર્વે જૈન ધર્મનો ઉદ્‌ભવ થયો હતો. આમ, એની સ્થાપના તો ઘણી પૂરાણી છે. પરંતુ એને વ્યવસ્થિત ધર્મ અને તત્ત્વદર્શનરૂપે વિકસાવ્યો વર્ધમાન મહાવીરે.

આ ધર્મનું જૈન એવું નામકરણ 'જિન' શબ્દ ઉપરથી થયું છે. સાંસારિક રાગદ્વેષ ઉપર વિજય મેળવી જે જિતેન્દ્રિય અને વીતરાગી બન્યો હોય તે જિન કહેવાય. એવા જિનના જે અનુયાયીઓ તે જૈન લોકો. આ લોકો માટે અરિહંતોએ પ્રબોધેલો, આચાર્ય અને ઉપાધ્યાયે સમજાવેલો અને સાધુ તથા ગૃહસ્થોએ અપનાવેલો ધર્મ તે જૈન ધર્મ. એના અનુયાયીઓની સંખ્યા આશરે વીસ લાખની છે. આ લોકો મોટે ભાગે ભારતના મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભાગમાં વસેલા છે. તેમની સૌથી વધુ વસ્તી મુંબઈ શહેરમાં છે. ચુસ્ત શાકાહારીપણું, વ્યાપાર-ઉદ્યોગમાં સાહસિકતા, ઉદાર મતવાદિતા શાંતિપ્રિયતા, અહિંસા પાલનનો આગ્રહ અને યુદ્ધસંઘર્ષક્લેશ વિરોધી માનસ આ લોકોની લાક્ષણિકતાઓ છે.

**બે વર્ગો : (૧) દિગમ્બર અને (૨) શ્વેતામ્બર.**

તેના અનુયાયીઓ બે વર્ગોમાં વહેંચાયેલા છે. તે છે: દિગમ્બર અને શ્વેતામ્બર. સ્ત્રીઓ મુક્તિની અધિકારીણી નથી, દેહધારી કેવળજ્ઞાની ભોજન કરે નહીં, સાધુએ સુખ-સગવડની સર્વ સુવિધાઓ ત્યજી દેવી જોઈએ, તેમણે વસ્ત્રો પણ ધારણ કરવા જોઈએ નહીં – એવા ત્રણચાર મુદ્દાઓ સિવાય બાકી બધી વાતોમાં બંને સંપ્રદાયના અનુયાયીઓ સહમત છે.

**જૈન લોકોની માન્યતાઓ :**

આ લોકોની માન્યતા છે કે વીતરાગ અને સર્વજ્ઞ થઈ અન્ય જીવોને મોક્ષમાર્ગ બતાવી, તેમનો ઉદ્ધાર કરે એવા જીવોને તીર્થંકર કહેવાય અને જે જીવો પૂર્ણ વિકાસ પામી, શરીરરહિત થઈ નિર્વાણ કે મોક્ષને પામે છે તેમને સિદ્ધો કહેવાય.આવા ચોવીસ તીર્થંકરોની એક પરંપરા છે; જેમાંના મહાવીર સ્વામી છેલ્લા હતા, તે સૌ તીર્થંકરોને આદર આપવો જોઈએ અને તેમની આરાધના અને ઉપાસના કરવી જોઈએ. સંસારી જીવો એટલે આ બે સિવાયના જીવો. તેમના અનેક પ્રકારો છે અને તે તેમના કર્મોને કારણે હોય છે. જીવાત્મા અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે. તે જૂનાં કર્મો ભોગવે છે અને નવાં કર્મો બાંધે છે. આ કર્મો બે જાતનાં છે: (૧) ક્રોધ, માન, માયા અને લોભ જેવા કષાયોયુક્ત ભાવરૂપ અને (૨) જડ પુદ્‌ગલમય દ્રવ્યરૂપ. જીવાત્માની મન, વચન, અને કર્મની પ્રવૃત્તિ તે યોગ છે. આ યોગને કારણે જીવ કર્મનું આવરણ સ્વીકારે છે અને કષાયોને કારણે જીવ બંધ અવસ્થાને પામે છે. જૈનો તમામ જીવોને પવિત્ર માને છે. તેથી કોઈપણ નાનામોટા જીવને ઈજા પહોંચાડવી જોઈએ નહીં, એવું માને છે. દરેક મનુષ્યનો આત્મા વૈયક્તિક અને શાશ્વત છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાના આત્માને સ્વપ્રયત્નો વડે જીતવો જોઈએ. આવો આત્મવિજય સંન્યાસ વડે તેમ ચુસ્ત ધાર્મિક વર્તણૂંક વડે પામી શકાય. મનુષ્યને તેનાં સારાં-નઠારાં કર્મો જ ઉર્ધ્વગમન કે અધઃપતન તરફ દોરી જાય છે. જીવને બંધનમાં નાખતાં આવાં કર્મો દેહદમનની આકરી તપશ્ચર્યા અને આત્મશુદ્ધિકરણની પ્રક્રિયાથી ખપાવી શકાય છે. જૈન આગમો અને ગણિપિટકોને તેઓ પોતાના નૈતિક અને આધ્યાત્મિક જીવનના માર્ગદર્શક માને છે. સર્વોચ્ચ જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આ સંસારમાંથી અને જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવવી તે જીવનનું લક્ષ્ય હોવું જોઈએ, કેમકે તેજ મોક્ષ છે. ઈશ્વર નથી સ્રષ્ટા, પિતા કે મિત્ર. એ પ્રકારની માન્યતાઓ મનુષ્યની મર્યાદારૂપ છે. ઈશ્વર વિશે એમજ કહી શકાય કે તે છે. પુરુષાર્થ અને અપરિગ્રહથી મુક્તિ મેળવી કોઈપણ જૈન ઈશ્વર થઈ શકે છે.

**જૈન ધર્મદર્શન : તેની વિશેષતાઓ :**

જૈન ધર્મ માણસની સર્વોચ્ચ પૂર્ણતાને ઝંખે છે. તે જીવાત્માની તમામ પીડાઓ અને એનાં જન્મમરણનાં બંધનોને વિદારી, તેનું જે અસલી રૂપ છે, તે પૂર્ણ પવિત્ર મનુષ્ય બનાવવા ઈચ્છે છે. તેથી આ ધર્મ ઈશ્વર જેવી કોઈ હસ્તીને પૂર્ણ મનુષ્યથી ચડિયાતી માનતું નથી. આત્માનો ઉદ્‌ભવ કે અંત હોતો નથી. આત્મા બધામાં એક જ હોતો નથી, તે માત્ર વૈયક્તિક હોય છે. આત્માને તે ત્રણ વર્ગમાં વહેંચે છે: (૧) જીવાત્મા (૨) મુક્તાત્મા અને (૩) સિદ્ધાત્મા. આવો જીવાત્મા જુદા જુદા ગુણસ્થાનકોમાંથી પસાર થાય છે. પાપમયતાનો રકાસ અને પવિત્રતાની વૃદ્ધિ સાથે જીવાત્મા જન્મજાત જ્ઞાન અને શક્તિ વડે આત્મપ્રાપ્તિના માર્ગે પ્રગતિ કરે છે. પોતાનાં ગત જન્મોનાં અને વર્તમાન જન્મનાં દુષ્કર્મો ખપાવીને તથા સત્કર્મો વધારીને જીવાત્મા ક્રમશઃ ઉચ્ચત્તર અવતાર પ્રાપ્ત કરતો રહે છે. આ જન્માંતરો પૈકી જીવાત્મા સાત પૈકી એક નર્કનો, સોળ સ્વર્ગનો અને ચૌદ દિવ્ય ભૂમિનો રહેવાસી બને છે. તમામ જૈનો વ્રતનું પાલન કરીને, જ્યારે સાધકો બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને દરિદ્રતાનો સ્વીકાર કરીને પ્રાપ્તિના માર્ગે આગળ વધી શકે છે. આ ધર્મ તપસ્વી જીવન અને વૈરાગી જીવનપદ્ધતિને ધ્યેય પ્રાપ્તિ માટેનાં સાધનરૂપ માને છે. આ ધર્મ એમના તમામ અનુયાયીઓ માટે સંયમી, વીતરાગી યતિધર્મની અપેક્ષા રાખે છે. જીવાત્માનો મૂળ સ્વભાવ અનંત એવાં જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યનો છે. તેથી સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્રની આ ધર્મ અપેક્ષા રાખે છે. આ ધર્મદર્શનમાં

ત્યાગ, વૈરાગ્ય, અહિંસા અને અનેકાન્ત દૃષ્ટિનો પ્રબોધ છે.

**જૈન તત્ત્વદર્શન : તેની વિશેષતાઓ :**

ભગવાન મહાવીરે વીતરાગ થયા પછી લોકકલ્યાણ માટે જે ઉપદેશ આપ્યો તે તેમની શિષ્યપરંપરા દ્વારા આપણા સુધી ઊતરી આવ્યો છે. એ ઉપદેશોનો સંગ્રહ અંગ ગ્રંથોમાં છે. તેવા અંગ ગ્રંથો બાર છે. તેથી તેને દ્વાદશાંગી કે ગણિપિટક કહીને ઓળખવામાં આવે છે. તેમાં જૈન તત્ત્વમીમાંસા રજૂ થયેલી છે. આપણે તેનો મુદ્દાસર વિચાર કરીએ.

**બ્રહ્માંડના બે ભાગ :**

સમસ્ત બ્રહ્માંડના બે ભાગ છે : (૧) લોક અને (૨) અલોક. લોક અનાદિ છે. તેના ત્રણ વિભાગ છે : (૧) અધોલોક એટલે કે નર્ક (૨) મધ્યલોક એટલે કે અસંખ્ય દ્વીપો અને સમુદ્રોવાળો ભાગ અને (૩) ઊર્ધ્વલોક એટલે દેવોના સ્વર્ગો. લોકમાં જ જીવાદિ પદાર્થો છે, અલોકમાં માત્ર આકાશ છે.

**બે તત્ત્વો : જીવ અને અજીવ :**

બ્રહ્માંડમાં જડ અને ચેતન એમ બે તત્ત્વો છે. જડ તત્ત્વને અજીવ અને ચેતન તત્ત્વને જીવ કહેવામાં આવે છે. અજીવ તત્ત્વમાં પાંચ દ્રવ્યોનો સમાવેશ છે : પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જ્યારે જીવતત્ત્વમાં માત્ર એક જ દ્રવ્ય છે, અને તે છે, જીવ. આમ કુલ છ દ્રવ્યોનું આ બ્રહ્માંડ છે. જીવ ચેતન તત્ત્વ છે. તેને આત્મા કહેવામાં આવે છે. તેનું મૂળ રૂપ પૂર્ણત્વવાળું છે. એ રૂપમાં જીવ અનંત પ્રજ્ઞા, અનંત શાંતિ, અનંત શ્રદ્ધા અને અનંત વીર્યવાળો છે. જીવોની સંખ્યા અગણિત છે. તે બધા નિત્ય અને સમાન છે. વળી આદિ અને અંત વિનાના છે. જે સમય દરમ્યાન તેનો પુદ્ગલ જોડે સંયોગ રહે તેટલો સમય એ તેનો સંસાર. આ સમગ્ર બ્રહ્માંડ અનેક સૂક્ષ્મ જીવોથી ભરેલું છે. તેમાં અસંખ્ય જીવસમૂહો છે. જે ભૌતિક દેહ સાથે જુદે જુદે સમયે તે જોડાય તે દેહના કદ પ્રમાણે આત્મા સંકોચ કે વિસ્તાર પ્રાપ્ત કરે છે. મતલબ કે જીવ મધ્યમ પરિમાણ છે. તેથી તેના કદ કે પરિમાણમાં ફેરફાર થઈ શકે છે. આ જીવ પોતાનાં સુખદુ:ખનો પોતે જ કર્તા છે. સંસારી અવસ્થામાં તેને પૌદગોલિક કર્મો લાગે છે, કારણ કે જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિ છે. જીવના કર્મ સાથેના સંબંધને લઈને આત્માની ચાર પ્રકારની અવસ્થા થાય છે. પૂર્ણ જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, પરંતુ જીવને કર્મનું બંધન નડે છે તેથી તેને પૂર્ણને બદલે માત્ર આંશિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્યારે કર્મોનાં આવરણો જીવના પુરુષાર્થથી પૂરેપૂરાં દૂર થાય ત્યારે તે જ્ઞાનની પૂર્ણતા અને પરાકાષ્ઠાએ પહોંચે છે. ત્યારે આત્મા સર્વજ્ઞ બને છે. એવા સર્વજ્ઞ જીવને કેવલ જ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી 'કેવલી' કહે છે.

ચૈતન્યરહિત જડ પદાર્થોને અજીવ કહે છે. તેના પાંચ ભેદ પાડવામાં આવ્યા છે : ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાળ. આમાંથી કાળ સિવાયના તત્ત્વોમાં પ્રાણ અને ચેતન હોતાં નથી. જ્યારે કાળતત્ત્વ અપરિચ્છિન્ન, અનાદિ અને અનંત પર્યાયવાળું હોય છે. ધર્મ અને અધર્મ જીવાત્માની ગતિ અને સ્થિતિમાં નિયામક તત્ત્વો છે. આકાશ અનંત પરિમાણયુક્ત પ્રદેશ છે. પરમાણુથી લઈને સ્થૂળ-અતિસ્થૂળ-મહાસ્થૂળ તમામ રૂપવાળા પદાર્થોને પુદ્ગલ કહે છે. આ પાંચેય તત્ત્વોને 'અસ્તિકાય' કહીને ઓળખાવ્યાં છે. જ્યારે કાળ અનસ્તિકાય છે. આ સર્વ દ્રવ્યો ઉત્પત્તિ, સ્થિતિ અને લયવાળાં છે, તેથી તેમને 'સત્' કહ્યાં છે.

**બંધન અને મોક્ષ :**

જૈનશાસ્ત્રમાં સાત તત્ત્વો કહ્યાં છે, તેમાંથી આપણે જીવ અને અજીવ બે તત્ત્વો વિશે જોયું. હવે જે બાકી પાંચ તત્ત્વો રહ્યાં છે : બંધ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ તત્ત્વો જીવનશોધનને લગતાં એટલે કે આધ્યાત્મિકવિકાસ ક્રમને લગતાં છે. જૈન તત્ત્વદર્શન અનુસાર કર્મના પુદ્ગલને લીધે જીવ બંધનમાં આવે છે. આ બંધન થવાનાં મુખ્ય કારણો પાંચ છે : મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ પાંચમાંથી કષાય જ બંધનનું સૌથી મુખ્ય કારણ છે. આ કષાયો ચાર છે : ક્રોધ, લોભ, માન અને માયા. આ બંધનોમાંથી જીવને છૂટો કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. મુક્તિ એટલે કષાય મુક્તિ. કષાયો આત્મામાં હોય ત્યાં સુધી જન્મ-પુનર્જન્મનું ચક્ર ચાલુ રહે છે. પણ જીવાત્માની કષાયમુક્તિ થતાં એ મોક્ષ પામે છે, અને મોક્ષ પ્રાપ્ત થતાં જીવાત્માને સિદ્ધ દશા મળે છે.

**આસ્રવ અને સંવર :**

કર્મોનું આત્મા તરફ વહી આવવું એટલે આસ્રવ. જીવાત્મા કર્મથી બંધાય તે ઘટનાને આસ્રવ કહે છે. આત્મા પોતે તો શુદ્ધ હોય છે, પણ એનાં શુદ્ધ સ્વરૂપને બગાડનારી જીવાત્માની ચાર વૃત્તિઓ છે. એ છે : ક્રોધ, લોભ, માન અને માયા. આ ચાર વૃત્તિઓનાં વહેણો આત્મા તરફ વહેતાં રહે છે, એટલે એને આસ્રવ કહ્યાં છે. આ આસ્રવો જે અટકાવે, તેનો વિરોધ કરે, તેને સંવર કહે છે. એ કારણ અને કાર્ય બંને છે. એટલે કે કર્મબંધન જેનાથી અટકે તે સંવર અને પરિણામરૂપ કર્મબંધનનું અટકવું તે પણ સંવર. આસ્રવનિરોધ જેમ વધુ તેમ ગુણસ્થાનભૂમિ ઊંચી પ્રાપ્ત થતી જાય છે. એટલે કે જેમ કર્મબંધન ઓછાં થતાં જાય છે, તેમ આત્મદશા ઉન્નત થતી જાય છે. સંવરમાં ત્રણ બાબતો કરવાની રહે છે. તેને ગુપ્તિ કહે છે. તે છે : (૧) મનમાં અહિંસા અને અપરિગ્રહનો ખ્યાલ રાખવો, (૨) અસત્ય અને ક્રોધયુક્ત વચનો બોલવાં નહીં, (૩) ચોરી કરવી નહીં. જીવને જો કર્મમુક્ત કરવો હોય તો અગાઉ જે કર્મ લાગી ચૂક્યું હોય તેને દૂર કરવું જોઈએ અને બીજું, નવું કર્મ આવતું અટકાવવું જોઈએ.

કર્મની આઠ પ્રકૃતિઓ અને દસ અવસ્થાઓ છે. શુભ કાર્યો કરવાથી શુભ કર્મ (પુણ્ય) બંધાય છે અને અશુભ કાર્યો કરવાથી અશુભ કર્મ (પાપ) બંધાય છે. જો આ કર્મોનાં ફળો રાગ-દ્વેષ વિના સમતાથી ભોગવી લેવાય તો નવાં કર્મો બંધાતાં નથી, અન્યથા બંધાય છે. કષાયો (દુર્વૃત્તિઓ)ને કારણે કર્મથી બંધાયેલો જીવ પોતાના

પુરુષાર્થથી કષાયરહિત બની કર્મમુક્ત પણ થઈ શકે છે. કર્મસહ જીવ એટલે સંસારી અને કર્મરહિત તે મુક્ત–એમ જીવના બે ભેદ છે.

**નિર્જરા :**

નિર્જરા એટલે તપ, વ્રત વગેરે સાધનો દ્વારા કર્મનું નિર્જરણ કરવું. બંધાયેલાં કર્મોનું નિર્જરણ (ક્ષય) બે રીતે થાય છે : (૧) સકામ નિર્જરાથી અને (૨) અકામ નિર્જરાથી. સકામ નિર્જરા એટલે ઉચ્ચ આશયથી કરવામાં આવતી તપશ્ચર્યા. અને અકામ નિર્જરા એટલે કર્મનો ભોગવટો પૂરો થવો. કર્મ ભોગવાય જાય એટલે વૃક્ષ પરથી પાકાં ફળ આપોઆપ ખરી પડે છે, તે રીતે કર્મોનું ખરી પડવું. કષાયો (દુર્વૃત્તિઓ)થી દૂર રહી, તેમ તેમના પર વિજય મેળવી, એટલે કે 'આસ્રવ'થી, જૂનાં કર્મોનો ભોગવટો કરી તેમ નવાં કર્મોનું બંધન અટકાવી, એટલે કે 'સંવર'થી બંધાયેલાં કર્મોનું તપ–ધ્યાન વગેરેથી 'નિર્જરા' કરી, જે આત્માનો કર્મ સાથેનો સંબંધ અનાદિ છે, તે આત્મા કર્મબંધનોથી સમૂળગો મુક્ત થાય છે.

**મોક્ષ :**

જીવ બંધનમાં કેમ આવે છે તે જાણ્યા પછી સ્વાભાવિક જ બીજો પ્રશ્ન એ ઉદ્ભવે કે આ બંધનોમાંથી જીવનો મોક્ષ કઈ રીતે થાય? મોક્ષ એટલે શું? બંધન કરતાં 'આસ્રવ'નાં વહેણો બંધ થતાં, એનાં અભાવમાં ઘાતી કર્મોનો ક્ષય થાય અને 'સંવર'નો અભ્યાસ (પ્રેક્ટીસ) કર્યા પછી અન્ય કર્માશયોનો 'નિર્જરા'વડે ક્ષય થાય, ત્યારે આત્માના મૂળ સ્વભાવરૂપ આનંદ (સુખ) પ્રગટ થાય, તેને મોક્ષ કહે છે. આત્મા ઉપર કર્મોરૂપી જે કાટ લાગ્યો હોય તે દૂર થતાં જ સ્વભાવતઃ જે મુક્ત છે, તે આત્મા સ્વતઃ ઊર્ધ્વગતિ પામે છે. એટલે સમજવાનું એ છે કે મોક્ષ એ કાંઈ ઉત્પન્ન થનારી ઘટના નથી; બલકે કર્મબંધનમાંથી મુક્ત થવું એ જ મોક્ષ નામની ઘટના છે. વાસ્તવમાં કર્મથી સંયુક્ત આત્મા બદ્ધાત્મા છે, પણ કર્મથી વિમુક્ત આત્મા મુક્તાત્મા છે. મોક્ષની અવસ્થા એવી છે કે તેમાં જીવાત્માને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખનો અનુભવ પ્રાપ્ર થાય છે.

**મોક્ષપ્રાપ્તિનાં સાધનો :**

જૈન તત્ત્વદર્શન અનુસાર જીવનનું પરમ ધ્યેય મોક્ષ મેળવવાનું છે. આવો મોક્ષ મેળવવાનાં ત્રણ સાધનો છે. એ છે : (૧) સમ્યક્ જ્ઞાન (૨) સમ્યક્ દર્શન અને (૩) સમ્યક્ ચારિત્ર. એ પ્રાપ્ત કરવા માટે આ ધર્મના અનુયાયીઓએ પાંચ અણુવ્રતો અને ચાર શિક્ષાવ્રતો સમેત બાર વ્રતો કરવા જોઈએ. ઉપરાંત, દેવપૂજા, ગુરુઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન જેવાં છ આવશ્યક કર્મો પણ કરવાં જોઈએ. અને જૈન સાધુઓએ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ જેવાં પાંચ દુષ્કૃત્યોમાંથી પૂર્ણપણે મુક્ત થવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા પાંચ મહાવ્રતોનું પાલન કરવું જોઈએ.

**ઈશ્વર વિશે :**

જૈન તત્ત્વદર્શનને અનીશ્વરવાદી અને નાસ્તિક કહીને કેટલાક લોકો ઓળખાવે છે. એમ કહેવા પાછળ એમનો તર્ક એ છે કે તે હિંદુ સનાતનધર્મના સર્વોચ્ચ શાસ્ત્રગ્રંથ વેદસંહિતાની સર્વોપરિતા (authority)ને સ્વીકારતું નથી. પરંતુ વેદસંહિતાની સર્વોપરિતાનો અસ્વીકાર કરવાથી તેને નાસ્તિક કહી શકાય નહીં. વાસ્તવમાં ઈશ્વરના અસ્તિત્વમાં ન માનનારને નાસ્તિક કહેવાય. જો આ રીતે વિચારીએ તો એમ કહેવાય કે જૈનદર્શન નાસ્તિક છે પણ ખરું; અને નથી પણ ખરું. એ નાસ્તિક છે એ એટલા માટે કહ્યું કે તે કોઈ સર્વશક્તિમાન એક ઈશ્વરમાં માનતું નથી. પરંતુ તે નાસ્તિક નથી એમ એટલા માટે કહી શકીએ કે, તે ઈશ્વરત્વ કે ઈશ્વરીય સ્વરૂપમાં તો શ્રદ્ધા રાખે છે. જૈનદર્શન ઈશ્વર અને એના અસ્તિત્વમાં નથી માનતું; પરંતુ તે જીવાત્મામાંથી પરમાત્મા બનવાનો માર્ગ તીર્થંકરની સંકલ્પના (concept) દ્વારા બતાવે છે. અવતારવાદમાં તે એટલા માટે નથી માનતું કે અવતારમાં ક્યાંકથી કોઈકના અવતરણની સંકલ્પના છે. જ્યારે તીર્થંકરની સંકલ્પનામાં જીવાત્માના ઉત્થાનનો ખ્યાલ છે. પરમાત્મા કે તેના અવતારો ઉપરથી કે અન્ય જગ્યાએથી નીચે નથી ઊતરી આવતા, બલકે જીવાત્માએ જ પોતાના પુરુષાર્થ વડે એ કોટિ, એ કક્ષા પ્રાપ્ત કરવાની હોય છે, તેમ એ માને છે. એટલે આ દર્શન અનુસાર પ્રત્યેક મુક્તાત્મા ઈશ્વર જ છે. જેમનામાં આત્માની સહજશક્તિઓ પૂર્ણપણે આવિર્ભાવ પામી હોય એવા જીવાત્માને તે ઈશ્વરસ્વરૂપ માને છે. તીર્થંકરો અને સિદ્ધો આવા જીવાત્માઓ હોય છે, તેથી આ દર્શન અનુસાર તીર્થંકરો અને સિદ્ધો ઈશ્વરસ્વરૂપ છે. સિદ્ધાત્માઓ તો દેહ અને વિદેહથી નિર્લિપ્ત થઈ જાય છે, પણ તીર્થંકરો લોકોને ઉપદેશ દ્વારા સાધનાપથ દર્શાવતા હોવાથી તેમની આરાધના કે ઉપાસના કરવી જોઈએ. એટલું જ નહિ, જેઓ એ માર્ગે આગળ ધપતાં હોય કે અન્યોને આગળ ધપાવવામાં સહાય કરતાં હોય તેમને પરમેષ્ઠિ સમજવા જોઈએ. એવા પરમેષ્ઠિ પાંચ છે : અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. માટે એ પાંચેયનું નમન કરતો નવકાર મંત્ર જૈન ધર્મ–તત્ત્વદર્શનમાં મુખ્ય છે.

**સ્યાદવાદ અને અનેકાંત વાદ :**

જૈનદર્શન અનુસાર અહિંસા જ પરમ ધર્મ છે. અહિંસક દૃષ્ટિ એ જ સમ્યક્ દૃષ્ટિ છે. તેથી આ દર્શન શારીરિક અને માનસિક ઉપરાંત વૈચારિક અહિંસા અને સહિષ્ણુતાને ઘણું મહત્ત્વ આપે છે. એટલું જ નહીં, દરેક દૃષ્ટિબિંદુને માન આપે છે. કારણ કે દરેક દૃષ્ટિબિંદુમાં આંશિક સત્ય હોય છે. આવા આંશિક સત્યને પૂર્ણ સત્ય માની લેવાની ભૂલ કરનાર અસહિષ્ણુ અને હિંસક બની બેસે છે. માટે બધા દૃષ્ટિબિંદુઓમાં રહેલા આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવો તેને આ દર્શન 'અનેકાન્તવાદ' કહે છે. વિચાર કે ઘટનાનું ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી અવલોકન કરતી વિશાળ અને સમુદાર દૃષ્ટિને તેઓ 'અનેકાન્તવાદ' કે 'સ્યાદ્વાદ' કહીને ઓળખાવે છે. જ્યારે આવી સમન્વયશીલ દૃષ્ટિએ જોઈએ ત્યારે કોઈ પણ વિચાર કે

ઘટના વિશેના ખ્યાલો સંકુચિત અને અપૂર્ણ છે એ વાત આપણને સમજાય છે. અલગ અલગ દૃષ્ટિએ જોતાં જે વિચારો પરસ્પર વિરોધી જણાતા હોય છે તે જો સમગ્રતાલક્ષી દૃષ્ટિએ જોઈએ તો એમાં કોઈ વિરોધ દેખાતો નથી. એકાન્ત દૃષ્ટિ અધૂરી છે, અનેકાન્ત દૃષ્ટિ યથાર્થ દૃષ્ટિ છે, કેમકે તે વસ્તુ કે ઘટનાનું અવલોકન અંશોમાં, ખંડોમાં કે ટૂકડાઓમાં કરતી નથી. અહિંસા અને અનેકાન્ત દૃષ્ટિ એક સિક્કાની બે બાજુઓ જેવી છે. એક નિમિત્ત કારણ છે, બીજી ઉપાદાન કારણ છે.

**જૈનદર્શનની વિશેષતાઓ:**

જૈન ધર્મ એકાશ્રમી અને નીતિવાદી છે, એ જૈન ધર્મની વિશેષતાઓ છે, તેમ જૈન તત્ત્વદર્શનની પણ કેટલીક વિશેષતાઓ છે.

જૈન તત્ત્વદર્શન બાહ્યાર્થવાદી દર્શન છે, કેમકે એ સાત (અથવા પાપ અને પુણ્યને ઉમેરતાં નવ) તત્ત્વોમાં માને છે.

આ દર્શન સાપેક્ષવાદી દર્શન છે કેમકે આ દર્શન સત્ તત્ત્વોનું વિવિધ દૃષ્ટિકોણથી નિરૂપણ કરે છે.

આ દર્શન બહુ તત્ત્વવાદી દર્શન છે કેમકે આ દર્શન અસંખ્ય જીવસમૂહો તેમજ અસંખ્ય ભૌતિક તત્ત્વોમાં વિશ્વાસ કરે છે.

આ દર્શન વાત્સવવાદી દર્શન છે. તે બહુ તત્ત્વોમાં વિશ્વાસ કરે છે તેથી આદર્શવાદી લાગે, પરંતુ એવું નથી.

આ દર્શન કર્મવાદી દર્શન છે. કેમકે એ વ્યષ્ટિ અને સમષ્ટિમાં જે વૈચિત્ર્ય જણાય છે, તે કર્મને આધીન છે, એવું માને છે.

આ દર્શન આધુનિક વિચારધારાને અનુરૂપ દર્શન છે, કેમકે એ સમગ્રતાલક્ષી અભિગમ (Wholistic approach) ધરાવે છે.

ભારતીય બાર દર્શનો પૈકીનું તે એક અત્યંત મહત્ત્વનું દર્શન છે, કેમકે તેમાં બહુ સૂક્ષ્મ અને ગહનરૂપે તત્ત્વમીમાંસા થઈ છે. ✷ ✷

કદમ્બ બંગલો, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. મોબાઈલ : ૦૯૭૨૭૩૩૩૦૦૦

## મુઠ્ઠી ઊંચેરા માનવીની વિદાય

નશ્વર દેહે આપણી વચ્ચે આજે નથી એવા ડૉ. ધનવંત શાહ અક્ષરદેહે સદૈવ આપણને પ્રેરણા અને ટકોર કરતા રહેશે. ધનવંતભાઈનું 'પ્રબુદ્ધ જીવન' દ્વારા શ્રુતજ્ઞાનની પ્રભાવનામાં જબરું યોગદાન રહ્યું. 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંકોની જાહેરાત થયા પછી વાચકો ચાતક નજરે તેની રાહ જોતા. તેમાં પણ વિચારક અને દૃષ્ટા એવા ધનવંતભાઈના તંત્રીલેખ તો કેમ ભૂલાય? 'પ્રબુદ્ધ જીવન'ના વાચક તરીકે મારો પણ કાંઈક આવો જ અનુભવ છે.

ડૉ. ધનવંતભાઈએ ચાતરેલ ચીલાને આગળ ધપાવવાનું બળ ડૉ. સેજલબેનને મળે એવી હૃદયની પ્રાર્થના.

ડૉ. ધનવંતભાઈનો આત્મા ફરી એક વાર માનવભવને પામીને અધૂરી આરાધના પૂરી કરી પંચમગતિને પામે તેવી અંતરની ભાવના.

☐ **જીતેન્દ્ર સંઘવી** (કાંદિવલી)
Cell : 98211 23352

## સરળ, સહૃદયી, પરગજુ અને નવા નવા વિચારોને ઉત્તેજન આપનાર એક દીર્ઘદૃષ્ટા સજ્જન હતા

આજે જ ટપાલમાં, 'પ્રબુદ્ધ જીવન'નો અંક મળતાં, વાંચતા, હૃદયને બેચેન કરી મૂકે તેવા દુ:ખદ સમાચાર મળ્યા. હવે સ્મૃતિશેષ...! ડૉ. ધનવંતભાઈ ટી. શાહ.

ખૂબ દુ:ખ થયું. રૂબરૂ ક્યારેય મળાયું ન હોવા છતાં, કેવળ અક્ષર દ્વારા આત્મીયતાપૂર્વકના સંબંધો બાંધનાર-જાળવનાર, ડૉ. ધનવંતભાઈ, સરળ, સહૃદયી, પરગજુ અને નવા નવા વિચારોને ઉત્તેજન આપનાર એક દીર્ઘદૃષ્ટા સજ્જન હતા.

મારા પત્રો-લેખો છાપતા, ઉત્તેજન આપતાં, તે સાથે જૈન-ધર્મ વિશાળતા પ્રાપ્ત કરે, તેનો ફેલાવો થતો રહે, તેમાં એકતા સ્થપાય, એ ઉદ્દેશથી તેઓ આજીવન જાગૃત રહ્યા. કર્મ કરતાં રહ્યાં. સૌનું ભલું વિચારતાં રહ્યાં. 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંકોમાં તેમનું આગવું બુદ્ધિ-ચાતુર્ય નોખું તરી આવતું. પર્યુષણની વ્યાખ્યાનમાળાઓ, તેના વક્તાઓ અને વિષયોની પસંદગી બેનમૂન રહેતી. એ તો ઠીક, પણ મારા જેવા ગરીબ લેખકો પ્રત્યે તેઓ વિશેષ કાળજી બતાવતા, ઉપયોગી થતા, મદદ કરતા અને અન્યને મદદ કરવા પ્રેરતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે મારો છેલ્લી અર્ધી સદીથી પરોક્ષ સંબંધ રહ્યો છે. છેક મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના સમયથી એક લેખક તરીકે હું સંકળાયેલો રહ્યો છું. ભૂતકાળમાં મારું વ્યાખ્યાન પણ યોજાયું હતું. તે બે-વાર, સમયાંતરે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થયું હતું તેની જાણ થતાં ડૉ. ધનવંતભાઈએ મને ફરીથી 'પ્રબુદ્ધ જીવન'ના અંકો મોકલવાનું શરૂ કર્યું હતું. વચ્ચે, ડૉ. રમણભાઈ શાહના સમયમાં સંપર્ક તૂટી ગયો હતો. તેને મુ. શ્રી ધનવંતભાઈએ પાછો શરૂ કર્યો હતો. આમ, 'પ્રબુદ્ધ જીવન'ના એક તંત્રી તરીકે પણ તેમની સેવા બિરદાવવા યોગ્ય રહી છે. લેખકો સાથે સંબંધો નિભાવવા, પત્રવ્યવહારમાં જાગૃત રહેવું એ તેમની આગવી ખૂબી હતી. તેઓ સમયસર પત્રનો ઉત્તર આપતાં, તેમાં તેમની સરળતા, નિખાલસતાના દર્શન થતાં.

આમ, આપણે સૌ આપણાં પનોતા પુત્ર એવા ડૉ. ધનવંતભાઈને ગુમાવી બેઠાં છીએ, તેમની ખોટ પૂરાતાં સમય લાગશે. તેમની સહૃદયતા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના હૃદયમાં કાયમ ધબકતી રહેશે. તેઓ કર્મ દ્વારા પોતાના જીવનને ઉજ્વળ કરીને મહાન બની ગયા.

ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે વિરમું છું. સદ્ગતનો આત્મા અતિ પવિત્ર, ઊંચો અને વ્યાપક જણાતો રહ્યો છે.

☐ **હરજીવનદાસ થાનકી**
સીતારામનગર, પોરબંદર

# 'સમણસત્તં'નું સંકલન, અનુવાદ અને અનુવાદકો

☐ ડૉ. રમજાન હસણિયા

'સમણસુતં' જેવા જૈન ધર્મના સારરૂપ ગ્રંથનું સંકલન, અનુવાદ અને પ્રકાશન એ જૈન ધર્મના ઈતિહાસમાં અનેક રીતે વિશિષ્ટ કહી શકાય તેવી ઘટના છે. રાષ્ટ્રીય સંત વિનોબાજીની પ્રેરણાથી આરંભાયેલું આ ભગીરથ કાર્ય કેટલાંય સાધુજનો, વિદ્વાનો અને સુશ્રાવકોના અનન્ય પ્રયાસોથી સંપન્ન થઈ શક્યું છે. જિનાગમોમાંથી ચૂંટેલા સર્વમાન્ય જિનવચનોના સંચયરૂપ 'સમણસુતં'ના સર્જનનો ઈતિહાસ પણ જાણવા જેવો છે.

'સમણસુતં'નું વિચારબીજ સૌપ્રથમ સંત વિનોબાજીના મનમાં રોપાયું હતું. મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મોના ધર્મગ્રંથો સહજ સુલભ છે. જેના પરથી જે-તે ધર્મનો પરિચય સરળતાથી મેળવી શકાય છે. આ પ્રકારનો કોઈ એક ગ્રંથ જૈન ધર્મ પાસે નહોતો. વળી, બહોળી સંખ્યામાં ઉપલબ્ધ આગમોનું અધ્યયન સામાન્યજન માટે અશક્યવત્ હતું. આ સંદર્ભે જૈન ધર્મના તમામ પેટા સંપ્રદાયો-ફિરકાઓને માન્ય હોય તેવા એક ગ્રંથની આવશ્યકતા વિનોબાજીને જણાઈ. વિનોબાજીના આ ઉમદા વિચારને મૂર્તિમંત કરવાની જહેમત ઉઠાવી શ્રી જિતેન્દ્ર વર્ણીજીએ. તેમણે અથાગ પરિશ્રમ થકી આગમોનું પરિશીલન કરી જૈન ધર્મના પ્રત્યેક સંપ્રદાયને માન્ય હોય તેવી ગાથાઓનું એક સંકલન તૈયાર કર્યું, જેની 'જૈન ધર્મસાર'એ નામે ૧૦૦૦ નકલ છપાવી ભારતભરના મુનિઓ, આચાર્યો, જૈન-જૈનોતર વિદ્વાનોને મોકલાવી. વિદ્વાનોના સૂચનો અને સંશોધનોને ધ્યાન પર લઈ બીજું સંકલન પંડિત દલસુખભાઈ માલવણિયાએ કર્યું. સંત કાનજી સ્વામીની પ્રેરણાથી ડૉ. હુકમચંદજી ભારીલ્લે કેટલીક જરૂરી ગાથાઓ સૂચવી. ઉદયપુરના ડૉ. કમલચંદજી સોમાણીએ પણ ઊંડાણપૂર્વક અધ્યયન કરી સૂચનો કર્યા. આ બધા સૂચનોનું અવલોકન કરી શ્રી વર્ણીજીએ ત્રીજું સંકલન કર્યું જેને 'જિણધમ્મ' નામ અપાયું.

આ ગ્રંથને અંતિમ રૂપ આપવા અર્થે વિનોબાજીના સૂચનથી ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષની ઉજવણીના ભાગરૂપે દિલ્હીમાં તા. ૨૯, ૩૦ નવેમ્બર, ૧૯૭૪ના રોજ અણુવ્રત વિહાર તથા જૈન બાલાશ્રમમાં વિશાળ સભા ભરાઈ, જેમાં જૈન ધર્મના સર્વ પેટા સંપ્રદાયના અગ્રણી સાધુ ભગવંતો, આચાર્યો તેમજ વિદ્વાનો હાજર રહ્યા. બે દિવસ-ચાર બેઠકોમાં ચાલેલા આ સંમેલનની બેઠકોની અધ્યક્ષતા અનુક્રમે મુનિશ્રી સુશિલકુમારજી, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનકવિજયજી તથા ઉપાચાર્ય શ્રી વિદ્યાનંદજીએ સંભાળી. આ સંમેલનને આચાર્ય તુલસી, આચાર્ય ધર્મસાગરજી, આચાર્ય વિજયસમુદ્રસૂરિજી તથા આચાર્ય દેશભૂષણજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. ઉપાધ્યાય કવિ અમરમુનિજી, મુનિ સંતબાલજી, પૂ. કાનજી સ્વામી, આચાર્ય શ્રી આનંદઋષિજી, મુનિશ્રી યશોવિજયજી આદિ સંતોએ પણ આ કાર્યને સમર્થન આપ્યું. સંમેલનને સફળ બનાવવા શ્રાવક શિરોમણિ સાહુ શાંતિપ્રસાદજી જૈન તથા તેમના ધર્મપત્ની રમારાની જૈન તેમજ પ્રભુદયાલજી ડાભડીવાલનો વિશેષ સહયોગ રહ્યો, તો રાધાકૃષ્ણજી બજાજ, શ્રી જમનાલાલજી જૈન તથા શ્રી માનવમુનિ-આ ત્રણેય સર્વ સેવા સંઘના કાર્યકરોએ પણ આ કાર્યને સંપન્ન કરવા ખૂબ શ્રમ ઉઠાવ્યો. સંમેલનની નિષ્પત્તિરૂપ અંતિમ અને સર્વમાન્ય ચયન 'સમણસુતં'ના નામે ઈ. સ. ૧૯૭૫માં પ્રકાશિત કરવામાં આવ્યું. આ પ્રકાશનમાં પંડિત દલસુખ માલવણિયા અને મુનિશ્રી નથમલજીનું વિશેષ પ્રદાન રહ્યું, તો ડૉ. એ. એન. ઉપાધ્યાયે તથા ડૉ. દરબારીલાલજી કોઠિયા જેવા વિદ્વાનોનો સહયોગ પણ સાંપડ્યો. 'સમણસુતં'ની ગાથાઓનું સંસ્કૃત છાયા પરિશોધન પંડિત બેચરદાસજીએ કર્યું તો તેનો હિન્દી અનુવાદ પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી અને મુનિશ્રી નથમલજીએ કર્યો.

મહાવીર જયંતિના અવસર પર દેશના અનેક શહેરો તેમજ તીર્થક્ષેત્રોમાં એક સાથે આ ગ્રંથના ઉત્સાહપૂર્વક વિમોચન કરવામાં આવ્યા. એપ્રિલ ૧૯૭૫માં છપાયેલી પ્રથમ આવૃત્તિની બધી જ નકલો બીજા જે દિવસે સમાપ્ત થઈ ગઈ અને તાત્કાલિક મે ૧૯૭૫માં ૮૦૦૦ પ્રત સાથે તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી. ઈ. સ. ૧૯૮૨માં રાજસ્થાન સરકારના સૂચનથી ૭૩૦૦ પ્રતો સાથે તેની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરાઈ. ઉદયપુર તથા નાગપુર યુનિવર્સિટીમાં પ્રાકૃત અને જૈન ધર્મના બી.એ. તથા એમ.એ.ના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે તેનો સમાવેશ કરવામાં આવ્યો. આ કારણસર ઈ. સ. ૧૯૮૨માં જ ચોથી આવૃત્તિ થઈ અને તે પછી પણ પ્રકાશિત થતું રહ્યું છે. યજ્ઞ પ્રકાશન વડોદરાએ તાત્કાલિક તેનો ગુજરાતી અનુવાદ કરાવવાનું નક્કી કર્યું અને જાન્યુઆરી ૧૯૭૬માં તેનું પ્રથમ ગુજરાતી સંસ્કરણ, ૫૦૦૦ પ્રત સાથે પ્રકાશિત કરવામાં આવ્યું. પ્રથમ ગુજરાતી અનુવાદ અંગ્રેજી, સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાના વિદ્વાન શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણીએ કર્યો. 'સમણસુતં'ના અંગ્રેજી અનુવાદની માંગ પણ તરત જ ઉઠેલી. મહાવીર નિર્વાણ મહોત્સવની રાષ્ટ્રીય સમિતિએ અનુવાદ કરવાનું નિર્ધારિત પણ કરેલું; પરંતુ આ કાર્યમાં થોડો વિલંબ થયો.

આ સમયગાળા દરમિયાન રાજસ્થાનના વિદ્વાન અધ્યાપક ડૉ.

કમલચંદજી સોમાણીએ સંપાદિત કરેલ 'समणसुतं चयनिका'નું પ્રકાશન પ્રાકૃત ભારતી અકાદમી–જયપુર દ્વારા ઈ. સ. ૧૯૮૫માં કરવામાં આવ્યું. જેની પાંચ આવૃત્તિઓ થઈ. મૂળ 'સમણસુતં'માં ૭૫૬ સૂત્રો-ગાથાઓ સમાવવામાં આવેલ છે. પ્રસ્તુત ચયનિકામાં એમાંથી ચૂંટેલી ૧૭૦ ગાથાઓનો હિન્દી-અંગ્રેજી અનુવાદ કરવામાં આવ્યો છે. કેટલીક રત્નકણિકાઓનું ચયન કરી તેનો પણ અનુવાદ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. આ ૧૭૦ ચૂંટેલી ગાથાઓ અનુવાદ સહિત ડૉ. નેમિચંદજી જૈન દ્વારા સંપાદિત સામયિક 'તીર્થંકર'માં સપ્ટેમ્બર ૧૯૮૧થી ડિસેમ્બર ૧૯૮૨ સુધી ક્રમશઃ છપાયેલી. ચૂંટેલી રત્નકણિકાઓ માર્ચ ૧૯૮૩ના 'તીર્થંકર'ના અંકમાં છપાયેલી. સમગ્ર 'સમણસુતં'નો અંગ્રેજી અનુવાદ પણ ડૉ. કમલચંદ સોમાણીએ કર્યો જે પ્રાકૃત ભારતી અકાદમી જયપુર દ્વારા ઈ. સ. ૧૯૯૩માં પ્રકાશિત કરવામાં આવ્યો.

આ કાર્યની સમાંતરે જ પંડિત દલસુખ માલવણિયાના સૂચનથી ડૉ. કે. કે. દિક્ષિતે પણ 'સમણસુતં'નો અંગ્રેજી અનુવાદ કર્યો, તો વળી, ભારતના તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જટ્ટીના સૂચનથી શ્રી ટી. કે. તુકલે પણ અંગ્રેજી અનુવાદ કર્યો. આ બંને અનુવાદ પાર્શ્વનાથ શોધપીઠ વારાણસીના નિયામક ડૉ. સાગરમલ જૈનને સુપ્રત કરાયા. ચીમનલાલ ચકુભાઈ શાહે તેની ભલાણ કરેલી. બંને લેખકોના અનુવાદોને ભેગા કરી, સુધારીને અંતિમ લખાણ તૈયાર કરાયું. ડૉ. હરિહર સીંઘ (લેક્ચરર, બનારસ હિન્દુ યુનિવર્સિટી ઈતિહાસ વિભાગ) તથા ડૉ. આર. કે. સીંઘે સમણસુતંની ગાથાઓનું રોમન લિપિમાં લિપ્યંતર કર્યું. ઇ. સ. ૧૯૯૩માં સર્વ સેવા સંઘ પ્રકાશન-રાજઘાટ દ્વારા તેનું પ્રકાશન થયું. બીજી આવૃત્તિ ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિએ ઈ. સ. ૧૯૯૯માં બહાર પાડેલી.

આગળ નોંધ્યું તેમ સમણસુતંનો પ્રથમ ગુજરાતી અનુવાદ શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણીએ કરેલો. આ અનુવાદ હિન્દી-સંસ્કૃત શબ્દોના પ્રાચુર્યના કારણે વિદ્વદ્‌ભોગ્ય જ બની રહ્યો હતો. યજ્ઞ પ્રકાશન વડોદરાના સંવાહકો તેમને સરળ છતાં અર્થસભર ગુજરાતી અનુવાદ કરાવવા મથી રહ્યા હતા. તેમણે કેટલાંક વિદ્વાનોને આ કાર્ય માટે વિનંતી કરેલી. કચ્છ-ગાંધીધામના જાણીતા લેખક, ચિંતક, અનુવાદક શ્રી માવજીભાઈ સાવલાને પણ અનુવાદ કરવા માટે અનુરોધ કરાયેલો. તેમણે આ કાર્ય માટે પાર્શ્વચંદ્રગચ્છીય મુનિ શ્રી ભુવનચંદ્રજીનું નામ સૂચવ્યું. મુનિ ભુવનચંદ્રજીએ ભારે ખંતપૂર્વક આ કાર્ય પાર પાડ્યું. ઈ. સ. ૧૯૯૫માં જૈન સાહિત્ય અકાદમી-ગાંધીધામ કચ્છ દ્વારા મુનિ ભુવનચંદ્રજી દ્વારા ગુજરાતીમાં અનુદિત 'સમણસુતં' પ્રકાશિત કરવામાં આવ્યું. જેનાં ત્રણ પુનઃમુદ્રણો સમયાંતરે યજ્ઞ પ્રકાશન વડોદરા દ્વારા કરવામાં આવ્યા. તદ્‌ઉપરાંત પ્રાધ્યાપક શ્રી કુમુદચંદ્ર ગોકળદાસ શાહે પણ અમૃતલાલ સવચંદ ગોપાણી દ્વારા અનુદિત સમણસુતંમાંથી માત્ર ગુજરાતી અનુવાદ અલગથી પ્રકાશિત કરાવેલ. શ્રી જ્યોતિબેન અને નવીનભાઈ શાહે શ્રુતરત્નાકર પ્રકાશન દ્વારા પ્રાકૃત, ગુજરાતી અને અંગ્રેજી અનુવાદ તેમજ રોમન લિપ્યંતર સાથે વર્ષ ૨૦૦૮માં 'સમણસુતં'નું પ્રકાશન કરાવેલ છે. આ સિવાય પણ અન્યત્રથી પ્રકાશન થયેલ હોવાને સંભવ છે.

વળી, 'સમણસુતં'નો પંજાબી ભાષામાં પણ અનુવાદ થયેલ છે. આ અનુવાદ પંજાબના નામાંકિત સહલેખકો શ્રી રવીન્દ્ર જૈન તથા શ્રી પુરુષોત્તમ જૈને કરેલ છે. તદ્‌ઉપરાંત તેનો ઉડિયા ભાષામાં પણ અનુવાદ થયેલો છે. આ બંને અનુવાદો પુસ્તકાકારે પ્રાપ્ય નથી. પરંતુ www.jainworld.comની વેબસાઈટ પર E-Book ના રૂપમાં PDF ફોરમેટમાં ઉપલબ્ધ છે. ડૉ. અનુપમ જેશ 'સમણસુતં'નો બંગાળી અનુવાદ કરી રહ્યા છે. જે આપણને પુસ્તકરૂપે વહેલાસર પ્રાપ્ત થશે.

વિશ્વ સમસ્તમાં ફેલાયેલા જૈન ધર્મના મદદરૂપ ગ્રંથનો વિદેશી ભાષાઓમાં પણ અનુવાદ પ્રાપ્ત થાય છે. તેમાં ઈટાલીના લેખિકા ક્લાઉડિયા પેસ્ટોરીનો દ્વારા ઈટાલીયન ભાષામાં અનુદિત સમણસુતં `Saman Suttam iL canone deL jianismo La Piu Antica Dettrina DeLLa Nanviolanza' નામે `Mondadori Editior' જેવી પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૧માં પ્રકાશિત થયેલ છે. તો વળી, `Le Saman Suttam' નામે તેનો ફ્રેંચ ભાષામાં પણ અનુવાદ થયેલો છે. ચાઈનીઝ તેમજ હોંગકોંગ, મકાઉ તથા ચાઈનાના કેટલાક વિસ્તારોમાં બોલાતી કેન્ટનીઝ ભાષામાં પણ તેનો અનુવાદ થયેલ છે. ચાઈનીઝ તેમજ કેન્ટનીઝ ભાષાના અનુવાદો અંગ્રેજી લિપ્યંતરો સાથે મૂકવામાં આવ્યા છે. તો ફ્રેંચમાં માત્ર સીધો અનુવાદ મુકાયો છે. સ્પેનીશ ભાષામાં અનુવાદ થયેલ હોવાની નોંધ મળે છે, પરંતુ પુસ્તક પ્રાપ્ત થઈ શક્યું નથી. ઈટાલીયન ભાષાના અનુવાદને બાદ કરતાં અન્ય વિદેશી ભાષામાં થયેલ અનુવાદો સંભવતઃ E-book રૂપમાં જ પ્રાપ્ત થાય છે. તેથી તેના અનુવાદક કે પ્રકાશક વિશે માહિતી પ્રાપ્ત થઈ શકી નથી. આ સઘળા અનુદિત પુસ્તકો www.jainworld.org તથા jainelibrery.org પર સહજ સુલભ છે. ઈન્ટરનેટ પર આ વેબસાઈટ પર જઈ સમણસુતંની શોધ કરતાં આ અનુવાદો જોઈ શકાશે. સમગ્ર અનુદિત પુસ્તક વાંચવા માટે સામાન્ય વ્યક્તિગત વિગતો ભરી પોતાનું રજિસ્ટ્રેશન કરાવી સમણસુતં PDF ફોરમેટમાં ડાઉનલોડ કરી વાંચી શકાય છે.

આ વિદ્યાકાર્ય જેમના કારણે સંપન્ન થઈ શક્યું છે એવા સમણસુતંના સંપાદક તેમ જ વિભિન્ન ભાષાઓમાં અનુવાદ કરનારા અનુવાદકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ છે. અહીં

કોઈ તુલનાત્મક અભ્યાસ કરવાની નેમ નથી, ને તે માટેનું સામર્થ્ય પણ નથી. બસ, આ ભગીરથ કાર્યને સુપેરે પાર પાડનાર સાધુજનો તેમજ વિદ્વદ્જનોના ટૂંક પરિચય દ્વારા તેમના કાર્ય પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરવાની ભાવના છે.

(૧) **'સમણસુતં'ના સંકલનકર્તા શ્રી જિતેન્દ્ર વર્ણીજી**

સર્વધર્મ સમભાવ, સર્વ જીવો સાથે મૈત્રીભાવ અને એકાંત-અધ્યયન-ધ્યાનની રુચિવાળા શ્રી જિતેન્દ્ર વર્ણીજીનો જન્મ વિ. સં. ૧૯૭૭ના જેઠ વદ બીજના દિવસે પાનીપતના સુપ્રસિદ્ધ વકીલ જયભગવાનને ત્યાં દિગંબર જૈન પરિવારમાં થયો હતો. તેમના પિતા જૈન, વૈદિક, બૌદ્ધ તેમજ અન્ય દર્શનોના જ્ઞાતા હતા. પિતાની વિદ્વત્તા તેમને વારસામાં મળી. શ્રી રૂપચંદ ગાર્ગીપના સંસર્ગથી તેમણે ધાર્મિક શિક્ષણ મેળવ્યું. શાળાકીય શિક્ષણમાં પણ તેઓ આગળ પડતા રહ્યા. ઇલેકટ્રિકલ તથા રેડિયો વિજ્ઞાનમાં ઈજનેરીની ડિગ્રી પ્રાપ્ત કરી. પિતાજીના અવસાન બાદ ધંધાકીય ક્ષેત્રે પણ કાર્યરત થયા. થોડાં સમયમાં જ બધું ગોઠવી; ભાઈઓને વ્યાપારની જવાબદારી સુપ્રત કરી તેઓ નિવૃત્ત થયા. બાળપણથી જ તેમનું શરીર કૃશ અને અસ્વસ્થ રહ્યા કરતું. ક્ષય, ટાઈફોઈડ જેવા રોગોમાં અભક્ષ્ય તત્ત્વોવાળી દવાઓ ન ખાવાનો દૃઢ સંકલ્પ તેમણે કરેલો ને પાળેલો પણ ખરો. બીમારીના કારણે તેમનું એક ફેફસું પણ કઢાવી નાખવું પડેલું.

તેઓ સ્વાધ્યાયશીલ હતા. તેમના દશ વર્ષના અધ્યયનના પરિપાકરૂપ 'જૈનેન્દ્ર સિદ્ધાંતકોશ'નામક ગ્રંથ પ્રાપ્ત થયેલ છે. વિશેષ અભ્યાસ માટે તેઓ ઈ. સ. ૧૯૫૪થી ૧૯૫૫ સોનગઢ-ગુજરાતમાં પણ રહેલા. જ્ઞાનોપાસનાને લીધે વૈરાગ્ય દૃઢ થતું રહ્યું ને ઈ. સ. ૧૯૫૭માં અણુવ્રત ધારણ કરી ગૃહત્યાગ કરી ગયા. પૂ. શ્રી ગણેશપ્રસાદજી વર્ણીના સાન્નિધ્યમાં રહ્યા. દિગંબર સમુદાયના છુલ્લક બન્યા. તબિયતના પ્રશ્નોને લીધે સાંજે પાણી પીવાનું અનિવાર્ય બનતા આજીવન બ્રહ્મચારી બનીને રહ્યા. ઈ. સ. ૧૯૭૬માં તેઓ વર્ધા આવ્યા. વિનોબાજીની જૈન ધર્મના સારરૂપ ગ્રંથ માટેની ઇચ્છાથી તેઓ પરિચિત હતા. તેમની શારીરિક અસ્વસ્થતાને લીધે તેમના માટે જે કાર્ય અશક્યવત્ હતું તેને તેમણે બાબા (વિનોબાજી)ની ઈચ્છા પૂર્તિ અર્થે અથાગ પરિશ્રમ થકી પૂર્ણ કર્યું. તા. ૧૨-૦૪-૧૯૮૩ના રોજ ઇગતપુરીમાં તેમણે સંલેખણા આરંભી અને તા. ૨૪-૫-૧૯૮૩ના રોજ તેઓ સમાધિ મરણને વર્યા. જૈન ધર્મ માટે 'સમણસુતં' જેવા અનન્ય ગ્રંથનું સંકલન કરનાર આ વિરલ વ્યક્તિત્વનું નામ જૈન ધર્મના ઇતિહાસમાં અમર બની રહેશે.

(૨) **'સમણસુતં'ના સંકલનમાં સહાયક થનાર પંડિત દલસુખ માલવણિયા**

વિશ્વકક્ષાના જૈન વિદ્વાન લેખક, સંશોધક પંડિત દલસુખ માલવણિયાનો જન્મ ૨૨ જુલાઈ ૧૯૧૦ના રોજ ગામ-સાયલા-જિલ્લો-સુરેન્દ્રનગર-ગુજરાતમાં થયો હતો. સ્થાનકવાસી જૈન પરિવારમાં ઉછરેલા માલવણિયાજીએ બંગાળની ખ્યાતનામ શિક્ષણ સંસ્થા શાંતિ નિકેતનમાં અભ્યાસ કર્યો હતો. ઈ. સ. ૧૯૩૧માં તેમણે ન્યાયતીર્થની પરીક્ષા પાસ કરી હતી. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સેવા આપ્યા બાદ તેમણે અમદાવાદની એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજીના નિયામક તરીકે પણ સેવા આપેલી. અન્ય ઘણી સંસ્થાઓમાં પણ તેમની વિદ્વતાનો લાભ આપતા રહ્યા. યુનિવર્સિટી ઓફ ટોરેન્ટો–કેનેડામાં પણ ભારતીય દર્શનશાસ્ત્રના પ્રોફેસર તરીકે તેમણે કાર્ય કર્યું છે. તેઓ આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સાથે પણ અનુબંધિત રહ્યા. તેમણે ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં લેખનકાર્ય કરી આધારભૂત ગ્રંથો આપ્યા છે. 'સંબોધિ'ના અંકોમાં પણ તેમનું લેખન સંગ્રહિત થયું છે.

(૩) **સમણસુતંની ગાથાઓનું સંસ્કૃત છાયા-પરિશોધન કરનાર પંડિત બેચરદાસજી દોશી**

પંડિત બેચરદાસજી દોશીનો જન્મ વલભીપુર (વળાનગર)માં વિ. સં. ૧૯૪૬ના રોજ માગશર વદ અમાવસ્યાના થયો હતો. તેમના પિતાનું નામ જીવરાજ લાધાભાઈ દોશી અને માતાનું નામ ઓતમબાઈ હતું. જ્ઞાતિએ તેઓ વીશા શ્રીમાળી દેરાવાસી જૈન હતા. તેમનું પ્રાથમિક શિક્ષણ વળાની ધૂળી નિશાળમાં જ થયું. ત્યારબાદ પાંચ ચોપડી સુધીનો અભ્યાસ તેમના મોસાળ સણોસરામાં કર્યો. દસ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર બેચરદાસજીએ માતાની સાથે આજીવિકા રળવામાં લાગી જવું પડેલું. આ સમય દરમિયાન શ્રી વિજય ધર્મસૂરિશ્વરજીએ જૈન વિદ્વાનો તૈયાર કરવા સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરેલી, તેમાં થોડો સમય અભ્યાસ કર્યો. પાલીતાણામાં ખાવાપીવાની મુશ્કેલી વેઠીને પણ ભણ્યા. મહેસાણા પાઠશાળામાં પણ અભ્યાસ કર્યો. બનારસમાં રહી અભ્યાસની સાથોસાથ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના ગ્રંથોનું સંપાદન પંડિત હરગોવિંદદાસ ત્રિકમદાસ શેઠના સહકારમાં રહીને કરતા રહ્યા. તેમના આ ગ્રંથો કલકત્તા સંસ્કૃત કૉલેજની 'તીર્થ' પરીક્ષામાં દાખલ થયા. તેમણે સિલોન જઈ પાલિ ભાષાનો પણ અભ્યાસ કર્યો. તેઓ ગાંધીવિચારથી પ્રભાવિત થયેલા. આગમોનો સરળ અનુવાદ કરવા તેમણે વિચાર કરેલો પણ આ બાબતનો સખત વિરોધ થયેલો.

તા. ૨૧-૦૧-૧૯૧૯ના રોજ માંગરોળ જૈન સભામાં 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' વિષય પર જાહેર ભાષણ આપ્યું, જેનાથી જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. અમદાવાદના સંઘે તેમને સંઘ બહાર કર્યા. આ દરમિયાન ગાંધીજીનો સંગ થયો. પંડિત સુખલાલજી સાથે રહી 'સંમતિ તર્ક'ના સંપાદનનું કામ કર્યું. દાંડીકૂચ વખતે નવ મહિનાનો જેલવાસ પણ ભોગવ્યો. ઈ. સ.

૧૯૩૮ની આસપાસ અમદાવાદમાં એલ.ડી. આર્ટ્સ કૉલેજ સ્થપાઈ, જેમાં શ્રી આનંદશંકર ધ્રુવના પ્રયાસોથી તેઓ અર્ધમાગધીના અધ્યાપક તરીકે નિમાયા. ઈ. સ. ૧૯૪૦માં મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' વિષય પરના તેમના વ્યાખ્યાનોએ તેમની વિદ્વતા પર યશકલગી ઉમેરી દીધી. તેમના અભ્યાસની નિપજરૂપ કેટલાય ગ્રંથો પ્રકાશિત થયેલ છે. દેશ-વિદેશમાં તેમના કાર્યની નોંધ લેવાઈ છે. નિવૃત્તિ બાદ તેમણે વા. દ. પ્રાચ્ય મંદિરમાં પણ સેવા આપેલી. તા. ૧૧-૧૦-૧૯૮૮ના રોજ તેમણે શાંતિપૂર્વક દેહ છોડ્યો.

(૪) **'સમણસુતં'ના હિન્દી અનુવાદકર્તા પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી**

જૈન ધર્મ-શાસ્ત્રના અભ્યાસમાં જીવન સમર્પિત કરનાર તેમજ સમસ્ત જૈન સમાજમાં આદરપૂર્વક જેમનું નામ લેવાય છે તેવા લેખક, સંપાદક પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રીનો જન્મ ઈ. સ. ૧૯૦૩માં નિહતોર, જિલ્લો બીજનોર–ઉત્તર પ્રદેશમાં થયો હતો. તેમનું પ્રાથમિક શિક્ષણ નિહતોરમાં જ થયું. ઈ. સ. ૧૯૧૫માં સ્યાદ્‌વાદ મહાવિદ્યાલય–વારાણસીમાં દાખલ થયા. માણેકચંદ દિગંબર જૈન પરીક્ષાલય–મુંબઈથી ઈ. સ. ૧૯૨૩માં શાસ્ત્રીની પરીક્ષા પાસ કરી. બંગાળ સંસ્કૃત અસોસીએશનમાંથી ઈ. સ. ૧૯૩૧માં ન્યાયતીર્થની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પાસ કરી.

ઈ. સ. ૧૯૨૭ થી ઈ. સ. ૧૯૭૨ સુધી તેમણે સ્યાદ્‌વાદ મહાવિદ્યાલયના આચાર્ય તરીકે કાર્ય કર્યું. તેમની નિષ્ઠાપૂર્વકની કામગીરીએ સંસ્થાને ભારે ખ્યાતિ અપાવી. તેમણે તૈયાર કરેલ છસોથી વધુ વિદ્યાર્થીઓ ભારતભરમાં સન્માનનીય પદો શોભાવી રહ્યા છે. તેઓ ભારતીય જ્ઞાનપીઠના સલાહકાર સભ્ય પણ રહી ચૂક્યા છે. 'જૈન ધર્મ' તેમનું ભારતભરમાં પ્રશસ્તિ પામેલું પુસ્તક છે. તત્ત્વાર્થ સૂત્રનો તેમણે હિન્દી અનુવાદ કર્યો છે. 'દક્ષિણ ભારત મેં જૈન ધર્મ', 'નયચક્ર', 'પ્રમાણ નય નિક્ષેપ', 'ભગવાન ઋષભદેવ', 'જૈન સાહિત્ય કે ઈતિહાસ કી પૂર્વ પીઠિકા', 'જૈન ન્યાય' આદિ તેમના નોંધપાત્ર પુસ્તકો છે. તેમની વિદ્વત્તાના પરિણામ સ્વરૂપ તેમને 'સિદ્ધાંતાચાર્ય'નું બિરુદ પ્રાપ્ત થયેલું.

(૫) **શ્રમણસુતંના સંકલનમાં અગત્યની ભૂમિકા ભજવનાર તેમજ તેના હિન્દી અનુવાદક મુનિશ્રી નથમલજી**

જૈન ધર્મની એક મજબૂત પાંખ તેરાપંથની પરંપરાએ દસમા આચાર્ય થયેલા મુનિશ્રી નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞજી)થી ભાગ્યે જ કોઈ જૈન અપરિચિત હશે. તેમનો જન્મ ૧૪મી જુન ૧૯૨૦ના રોજ તામકોર-જિલ્લો જુનજુનુ-રાજસ્થાનમાં તેરાપંથી જૈન પરિવારમાં થયો હતો. તેમનું બાળપણનું નામ નથમલ હતું. તેમના પિતાનું નામ તોલારામ ચોરસિયા અને માતાશ્રીનું નામ બાલુજી હતું. તેઓ માત્ર અઢી માસના હતા ત્યારે જ તેમણે પિતાની છત્રછાયા ગુમાવેલી. તેમના માતાજીએ તેમના સંસ્કાર ઘડતરમાં અગત્યની ભૂમિકા ભજવી છે. તેમના ગામમાં ભણવાની કોઈ વ્યવસ્થા ન હોઈ તેઓ શાળાકીય શિક્ષણ ન મેળવી શક્યા. તેમના માતા તેમને ધર્મના ગીતો-સ્તવનો મુખપાઠ કરાવતા જેમણે તેમનામાં ધર્મના સંસ્કારો રોપિત કર્યાં. ગામમાં વિહારયાત્રા દરમિયાન આવતા સાધુભગવંતો પાસે તેમણે જૈન ધર્મનું પ્રારંભિક શિક્ષણ મેળવેલું. આ સાધુસંગે તેમનામાં વૈરાગ્યપ્રીતિ વધતી ગઈ ને તા. ૨૯-૧-૧૯૩૧ના રોજ સરદારગઢના તેઓ આચાર્ય કાલુગણી (તેરાપંથના આઠમા આચાર્ય)ના શિષ્ય તરીકે દીક્ષિત થયા. આચાર્ય તુલસી પાસે તેમણે જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. જૈન આગમોનો તો તેમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો જ સાથોસાથ તેઓ ભારતીય તેમજ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પણ સુજ્ઞ જ્ઞાતા બન્યા. માત્ર બાવીસ વર્ષની આયુથી તેમણે લેખનકાર્ય આરંભેલ ને આજીવન તેઓ આ કાર્યમાં રત રહ્યા. તેમણે ત્રણસોથી વધુ પુસ્તકો આપ્યા છે. તેઓ સાધુ હોવા છતાં તેમને વિભિન્ન નામાંકિત એવૉર્ડથી સન્માનવામાં આવેલ. જૈન ધર્મના આ પ્રજ્ઞાવાન આચાર્ય જ્યાં દીક્ષિત થયેલા તે જ સરદારશહર-રાજસ્થાનમાં તેઓ ૯મી મે ૨૦૧૦ના રોજ દેહ છોડી પરમાત્મામાં લીન થઈ ગયા.

(૬) **'સમણસુતં ચયનિકા'ના સંપાદક તેમજ તેનો હિન્દી–અંગ્રેજીમાં અનુવાદ કરનાર પ્રો. ડૉ. કમલચંદજી સોગાણી**

'સમણસુતં'માંથી ચૂંટેલી ગાથાઓનો હિન્દી તેમજ અંગ્રેજી અનુવાદ કરનાર ડૉ. કમલચંદજી સોગાણીનો જન્મ ૨૫ ઓગસ્ટ ૧૯૨૮માં જયપુર-રાજસ્થાનમાં દિગંબર જૈન પરિવારમાં થયો હતો. ઈ. સ. ૧૯૬૧માં તેમણે `Ethical Doctriness in Jainism' વિષય પર મહાશોધ નિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે ફિલોસોફી ડિપાર્ટમેન્ટ મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુરના વિભાગાધ્યક્ષ તરીકે ફરજ બજાવી છે. તેમના માર્ગદર્શન હેઠળ દસ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ કરેલ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન, ભારતીય જ્ઞાનપીઠ, જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, પ્રાકૃત ભારતી અકાદમી તેમજ અન્ય ધાર્મિક તથા વિદ્યાકીય ક્ષેત્રની સંસ્થાઓમાં તેમની સેવાઓ પ્રાપ્ત થતી રહી છે. તેમના પુસ્તકો પ્રતિષ્ઠિત એવૉર્ડથી નવાજવામાં આવ્યા છે.

(૭) **'સમણસુતં'નો અંગ્રેજી અનુવાદ કરનાર ડૉ. કે. કે. દીક્ષિત**

'સમણસુતં'નો અંગ્રેજી અનુવાદ કરનાર ડૉ. કે. કે. દીક્ષિત જાણીતા વિદ્વાન લેખક છે. તેમણે મહદ્ અંશે અંગ્રેજી ભાષામાં લેખનકાર્ય કર્યું છે. `Early Jainism'–દલસુખ માલવણિયા સાથે, `Jaina Ontology'–દલસુખ માલવણિયા સાથે, `Tatvartha Sutra'–સુખલાલ સંઘવી સાથે, `Yogabindu' (હરિભદ્રસૂરિની રચનાનો અંગ્રેજી અનુવાદ) `Yogadrashtisammuchay and

Yogavinsika' તેમના નામના પ્રાપ્ત અભ્યાસસંપન્ન પુસ્તકો છે.

**(૮) 'સમણસુતં'ના અંગ્રેજી અનુવાદક શ્રી ટી. કે. તુકલ**

જાણીતા વિદ્વાન શ્રી ટી. કે. તુલકનો જન્મ ૫ મી મે ૧૯૧૮ના રોજ ગુડુર, તાલુકો હુંમુંડ, જિલ્લો બંગાલકોટ-કર્ણાટકમાં થયો હતો. તેઓ હાઈકોર્ટના જજ રહી ચૂકેલા. વળી, તેમણે બેંગ્લોર યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે પણ ફરજ બજાવી હતી. 'સંલેખના એ આપઘાત નથી–Sallekhana is not suiside' પુસ્તક માટે તેઓ ખૂબ જાણીતા થયેલા. તદ્ઉપરાંત `Compendium of Jainism', `Jain Aachar', `Yoga Meditation and mysticism in Jainism' તેમના ખ્યાતનામ પુસ્તક છે. તેમણે જૈન ધર્મ વિશે અન્ય ઘણાં લેખો પણ લખ્યા છે. ૧૮મી ઓગસ્ટ, ૧૯૮૩ના રોજ બેંગ્લોર ખાતે તેમનું દેહાવસાન થયેલ.

**(૯) 'સમણસુતં'ના પ્રથમ ગુજરાતી અનુવાદકર્તા શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણી**

'સમણસુતં'નો પ્રથમ ગુજરાતી અનુવાદ આપનાર શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણી જાણીતા લેખક, સંપાદક, અનુવાદક છે. તેમના નામે ૫૩ જેટલાં પુસ્તકો પ્રાપ્ત થાય છે. સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, ગુજરાતી આદિ ભાષાના ગ્રંથો તેમણે આપ્યા છે. The Yogshashtra of Hemchandracharya : a 12th Century guide of Jain yoga', `Jainsara by Yashvijayji', `Siddhasenadivakara's Sanmati Tarka', 'બાહુબલિસંહિતા' જેવા તેમના પુસ્તકો ખૂબ જાણીતા થયા છે, ને તેની એકાધિક આવૃત્તિઓ પ્રકાશિત થયેલ છે.

**(૧૦) 'સમણસુતં'નો સરળ છતાં મૂલગામી ગુજરાતી અનુવાદ કરનાર ઉપાધ્યાય શ્રી ભુવનચંદજી મ.સા.**

પાર્શ્વચંદ્રગચ્છીય ઉપાધ્યાય ભુવનચંદ્રજી મ. સા.નો જન્મ તા. ૧૮મી જૂન, ૧૯૫૪ના રોજ ગુજરાતના કચ્છ જિલ્લાના બિદડા ગામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ પદમશી નરશી દેઢિયા તથા માતાનું નામ કેશરબાઈ હતું. તેમનું સંસારી નામ ધીરજભાઈ હતું. બાળપણમાંજ માતાની છત્રછાયા ગુમાવનાર મુનિશ્રી શાળાકીય અભ્યાસ કરી શક્યા નથી. ૧૨ વર્ષની બાળવયે આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીના હસ્તે મુનિશ્રી પ્રીતિચંદ્રજી મ. સા.ની પાસે અમદાવાદ મુકામે તેમની દીક્ષા થયેલી. સ્વઅધ્યયન તેમજ પંડિતો પાસે અભ્યાસ કરી મુનિશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી આદિ ભાષાઓ પર એટલું પ્રભુત્વ હાંસલ કરેલ છે કે તેમાં સર્જન કરી શકે. વર્તમાન જૈન વિદ્વાન શ્રમણ ભગવંતોમાં તેમની ગણના થાય છે. પ. પૂ. મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ. સા.ને તેઓ પોતાના આધ્યાત્મિક સૂત્રધાર માને છે. તેઓ વિપશ્યના ધ્યાન પદ્ધતિના પણ ઊંડા અભ્યાસી છે. સંશોધન, સંપાદન, અનુવાદ આદિ તેમના રુચિક્ષેત્રો છે. તેમની પાસેથી 'જિનસ્તવન ચતુર્વિંશતિકા' (પાર્શ્વચંદ્રસૂરિ રચિત ચોવીસીનું સંશોધન-સંપાદન), 'આચારાંગસૂત્ર-બાલાવબોધ', 'સિદ્ધસેન શતક' તથા 'નિયતિ દ્વાંત્રિંશિકા' (સિદ્ધસેન દિવાકરજીની રચનાઓ ગુજરાતી વિવેચનસહિત), પંચસૂત્રનો સંસ્કૃત પદ્યાનુવાદ, ભક્તામરનો ગુજરાતી પદ્યાનુવાદ જેવા ઉત્તમ કોટિના ગ્રંથો પ્રાપ્ત થયા છે. તેઓ 'ચિન્મય' ઉપનામથી કાવ્ય સર્જન પણ કરે છે. 'ઝરણું' નામે તેમનો એક કાવ્યસંગ્રહ પ્રગટ થયેલ છે. તેમણે કચ્છી કવિ તેજની ચૂંટેલી કવિતાઓનો અંગ્રેજી અનુવાદ 'Rays of Light' નામે કર્યો છે. 'વિચાર વલોણું' તથા 'ધર્મક્ષેત્રનું અંતરંગ ઑડિટ' તેમના વિચારપ્રેરક પુસ્તકો છે. તેઓ આ. વિજયશીલચંદ્રસૂરિ દ્વારા સંપાદિત સંસ્કૃત સામયિક 'અનુસંધાન'માં નિયમિત લખતા રહે છે. તેમના દ્વારા અનુદિત રચનાઓનો સંચય 'પ્રતિબિંબ' નામે મુનિશ્રી રત્નકીર્તિવિજયજી ગણિએ સંપાદિત કરેલ છે તો તેમના પત્રોનું સંપાદન 'પત્ર ઝરણું' નામથી ડૉ. ગુલાબ દેઢિયાએ કર્યું છે. તેઓ મોટે ભાગે કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં વિચરે છે. હાલ તેઓ પાર્શ્વચંદ્રગચ્છમાં ગચ્છ વરિષ્ઠની પદવી શોભાવી રહ્યા છે.

**(૧૧) 'સમણસુત્ત'ને પંજાબી ભાષામાં અનુદિત કરનાર શ્રી રવીન્દ્ર જૈન તથા શ્રી પુરુષોત્તમ જૈન**

પંજાબના પ્રથમ જૈન લેખકોનું સન્માન પ્રાપ્ત કરનાર શ્રી રવીન્દ્ર જૈન તથા શ્રી પુરુષોત્તમ જૈન પાસેથી ૬૫ જેટલા પુસ્તકો પ્રાપ્ત થયા છે. તેમણે સહલેખન કર્યું છે. શ્રી રવીન્દ્ર જૈનનો જન્મ તા. ૨૩-૧૦-૧૯૪૯ના રોજ ગામ પંજાબના સંગરૂર જિલ્લાના મલેરકોટલા ગામમાં સ્થાનકવાસી પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી મોહનલાલ જૈન તથા માતાનું નામ વિમલાદેવી હતું. તેઓ પંજાબ યુનિવર્સિટી ચંદીગઢમાંથી ૧૯૭૨માં બી.એ. થયા હતા. તેમણે ફરી પંજાબ યુનિવર્સિટી પટીયાલામાંથી 'રીલીજીયન'માં બી. એ. કર્યું. ૧૯૭૨થી તેમણે લેખનકાર્ય આરંભેલું. તેમણે પંજાબી તથા હિન્દીમાં લેખન કાર્ય કરેલ છે. તેમના સહલેખક શ્રી પુરુષોત્તમ જૈનનો જન્મ ૧૦મી નવેમ્બર ૧૯૪૬ના રોજ ગામ ધુરી જિલ્લો સંગરૂર–પંજાબમાં તેરાપંથી જૈન પરિવારમાં થયો હતો. તેમના પિતાજીનું નામ શ્રી સ્વરૂપચંદજી જૈન હતું. તેમણે પણ શ્રી રવીન્દ્રજી જૈનની જેમ બે વખત બી.એ.નો અભ્યાસ કરેલ છે. આ બંને લેખકોએ સાધ્વીશ્રી શ્રવણકાંતાજી મહારાજની પ્રેરણાથી જૈન ધર્મના અધ્યયન–લેખનનું કાર્ય આરંભેલું. 'ધ્યાન શતક', 'ગચ્છાચાર', 'ઈષ્ટોપદેશ', 'જગત કલ્યાણકારી જૈન ધર્મ', 'કલ્યાણ મંદિર', 'પુરાતન પંજાબ બીચ જૈન ધરમ', 'ભગવાન મહાવીર ચરિત્ર', 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' આદિ તેમના જાણીતા પુસ્તકો છે. આ બંને લેખકોને ૨૭ ફેબ્રુઆરી ઈ. સ.

૧૯૮૭ના રોજ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસીંગના હસ્તે 'શ્રમણોપાસક'નો એવૉર્ડ પ્રાપ્ત થયેલ છે. યુનેસ્કો દ્વારા અપાતો 'હિન્દી સેવી એવૉર્ડ' વર્ષ ૨૦૦૦ માટે હિન્દી સાહિત્યના સર્જન માટે તેમને એનાયત કરાયેલ છે. ભાષા ભવન પંજાબ દ્વારા 'એવૉર્ડ ઑફ ઓનર' સન્માનથી તેમને નવાજવામાં આવ્યા છે. હાલ નિવૃત્તિમાં પણ સક્રિય રહી બંને વિદ્વદ્જનો જૈન સાહિત્યની સેવા કરી રહ્યા છે.

### (૧૨) સમણસુતંને બંગાળી ભાષામાં રૂપાંતરિત કરવાનો યત્ન કરી રહેલા ડૉ. અનુપમ જેશ

'સમણસુત્તં'નો બંગાળી ભાષામાં અનુવાદ કરી રહેલા ડૉ. અનુપમ જેશનો જન્મ પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લાના કટવા ગામમાં ૧૮-૦૩-૧૯૭૭ના રોજ થયો હતો. તેમણે એમ. એ. પીએચ.ડી. સુધીનો અભ્યાસ કરેલ છે. હાલ તેઓ બાંકુરા ક્રિશ્ચિયન કૉલેજમાં ફિલોસોફીના આસિ. પ્રોફેસર તરીકે કાર્યરત છે. જ્ઞાતિએ ક્ષત્રિય એવા ડૉ. અનુપમ જેશે 'જૈન અનેકાંતવાદ' પર પીએચ. ડી. કરેલ છે. આ ઉપરાંત યુ.જી.સી. રિસર્ચ પ્રોજેક્ટ અંતર્ગત પણ જૈન ધર્મ-સાહિત્ય વિષયક સંશોધન કાર્ય કરેલ છે. તેમણે `A Critical study of the Jaina Theory on non-one-sidedness', `Acharya Umasvati virachit Tattvarth Sutra' જેવા જૈન ધર્મ વિષયક તેમજ અન્ય પુસ્તકો લખ્યા છે, તો `Jainism in Bengal' અને 'Studies in Jain Epistermology' પુસ્તકનું પ્રકાશન કાર્ય ચાલુ છે. તેઓ `Jain Journal' તથા જૈનોલોજી અને પ્રાકૃત રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-જૈન ભવન કલકત્તાના મુખપત્ર 'Shramana' જેવા નામાંકિત જૈન સામયિકોના સહસંપાદક છે. હાલ તેઓ 'સમણસુતં'નો બંગાળી અનુવાદ કરી રહ્યા છે, જે 'Shramana' સામયિકમાં ક્રમશઃ છપાઈ રહ્યો છે. થોડા સમયમાં જ તે પુસ્તક રૂપે પ્રગટ થશે.

### (૧૩) 'સમણસુત્ત'ને ઈટાલીયન ભાષામાં અનુવાદ કરનાર ક્લાઉડિયા પેસ્ટોરીનો

'સમણસુતં'ને ઈટાલિયન ભાષામાં અનુદિત કરનાર લેખિકા ક્લાઉડિયા પેસ્ટોરીનોનો જન્મ જેનોઆ–ઈટાલીમાં થયો હતો. તેઓ ઈટાલિયન ગાયિકા, લેખિકા તેમજ કવયિત્રી છે. તેઓ ગીતો લખે છે તેમજ ગાતાં પણ શીખવે છે. તેમની આઠ જેટલી સીડી બહાર પડેલ છે. તેઓ ઈ. સ. ૧૯૯૪થી જૈન ધર્મ વિશેના અભ્યાસમાં રત છે. તેમની પાસેથી `Jainism the most ancient Doctrine of Nonviolence, Compassion and Ecology,' ઈટાલિયન ભાષામાં ૨૦૦૨માં Cosmopis Editor જેવી પ્રકાશન સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તક પ્રાપ્ત થાય છે. `The Essence of Jainism, History, Philosophy Tales' નામે તેમનું અન્ય પુસ્તક ૨૦૦૩માં પ્રકાશિત થયેલ છે. તેમણે ૨૦૦૫માં `Indian school of Voice Therapy'ની સ્થાપના કરેલ છે.

દેખીતી રીતે સરળ લાગતું અનુવાદનું કાર્ય ખરેખર ખૂબ જ અઘરું હોય છે. સ્રોત ભાષામાં રચિત કૃતિને અનન્ય સજ્જતાની આવશ્યકતા રહે છે. વળી, અહીં તો જિનેશ્વરની વાણીનો અનુવાદ કરવાનો હોઈ તે કેટલું દુષ્કર કાર્ય હશે એ તો જેણે આ કાર્ય કર્યું હોય તેઓ જ સમજી શકે. જૈનદર્શન–અધ્યાત્મના આ ગ્રંથનો અનુવાદ કરવા ભાષાકીય સજ્જતાની સાથોસાથ આ દર્શન પામવાની આંતરસૂઝ પણ તેટલી જ આવશ્યક છે. 'સમણસુતં' જેવા ગ્રંથનું સંકલન–અનુવાદ કરી જિનવાણીને આપણી ભાષામાં સુલભ કરી આપનાર, જિનેશ્વર અને આપણી વચ્ચે સેતુરૂપ બનનાર આ સર્વે વિદ્વદ્જનોની વિદ્યાસેવા – ધર્મસેવાને નત મસ્તક વંદન થઈ જાય છે. ✷

આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાપર. કચ્છ. મોબા. ૦૭૫૬૭૦૬૪૯૯૩.

**સહયોગ :**

૧. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મ. સા. કચ્છ
૨. ગીતાબેન જૈન, મુંબઈ
૩. શ્રી પુરુષોત્તમ જૈન
૪. શ્રી ઋષભચંદજી જૈન, વૈશાલી
૫. શ્રીમતી મુક્તાબેન ભાવસાર તથા શ્રી દિનેશભાઈ સંઘવી, કચ્છ
૬. સુશ્રી પારુલબેન દાંડીકર, યજ્ઞ પ્રકાશન, વડોદરા.

## દિવ્યાત્માને શ્રદ્ધાંજલિ

હું એમને 'પ્રબુદ્ધ જીવન'ના લેખકના નાતે જ પરોક્ષ રીતે જાણતો. એક વખત ફોન પર એમની મધુર વાણી સાંભળેલ, મારી પર ઘણીવાર પત્રો આવે તે એમના અસ્તિત્વની નિશાની મારી પાસે છે. પૂ. ગાંધી બાપુ નથી, પણ એમનું 'સત્યના પ્રયોગો' આજે પણ લાખો વ્યક્તિઓને પ્રેરણા આપી રહ્યું છે. પૂ. બાપુ વિચારોથી આજે પણ સમગ્ર વિશ્વમાં જીવંત છે. આજે પણ-બારસો વર્ષ પર થઈ ગયેલા વિદ્યાપ્રેમી જૈન મહામુનિ વંદનીય હેમચંદ્રસૂરિ મહારાજને વિદ્વાનો આજે પણ યાદ કરે છે.

–ઋગ્વેદનું એક સૂત્ર મને યાદ આવે છે.

'એક સત્ વિપ્રા બહુધા વદંતિ।' (ઋગ્વેદ (૧-૧૬૪-૪૬)

'સત્ય એક જ છે, સંતો એને વિવિધ નામ વડે પોકારે છે! ધનવંતભાઈએ જાણે ઉપરોક્ત વિચારને આત્મસાત્ કર્યો હોય એવું લાગે છે!! એમનું સંઘર્ષમય જીવન સૌને પ્રેરણા આપતું રહેશે. તેઓ સુધારાવાદી ક્રાંતિકારી સંત હતા. કહેવા દો કે તેઓ એક ધૂપસળી જેવું જીવીને આપણા વચ્ચેથી વિદાય થયા. તેઓ ઘસાઈને ઊજળા બનીને ગયા.

આવા દિવ્યાત્માને હું કોટિ કોટિ વંદન કરું છું. એવું માનવું રહ્યું કે પ્રભુને ત્યાં પણ એમની જરૂર હોય!! 'જય જિનેન્દ્ર'

☐ **શશિકાંત લ. વૈદ્ય**, વડોદરા

# મારું પ્રિય પુસ્તક-'સમણસુત્તં'

☐ ડૉ. ગુલાબ દેઢિયા

તમને યાદ છે, એમેઝોનની થોડા સમય પહેલાં જાહેર ખબર આવતી હતી, કુટુંબીજનો વચ્ચે એક બાળક નૃત્યની જુદી જુદી અદાઓ બાળસહજ રીતે બતાવે છે, બધા હસે છે અને કહે છે: 'ઓર દિખાઓ.' મને એ જાહેર ખબર ખૂબ ગમે છે.

હાલમાં આપણાં વૉટ્સએપ ગુરુએ દર્શાવ્યું: કપડાંની દુકાને ગ્રાહકો આવે છે. કહે છે: આ રંગમાં બીજી ડિઝાઈનો દેખાડો. પછી કહે છે: આ ડિઝાઈનમાં બીજા રંગો દેખાડો. પછી કહે છે: નવો માલ ક્યારે આવશે? દુકાનદારે શું કરવું હસવું કે રડવું? સમજાતું નથી.

ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના ૨૫૦૦મા વર્ષ નિમિત્તે 'સમણસુતં' જેવા ઉત્તમ ગ્રંથનું સર્જન થયું. આ મહાવીરવાણીનો જાન્યુઆરી ૧૯૭૬માં ગુજરાતી અનુવાદ શ્રી અમૃતલાલ ગોપાણીએ કર્યો. ૫૦૦૦ પ્રત છપાઈ આપણે રાજી થયા. ઍમેઝોન... સારું થયું કે ૧૯૯૫માં મૂળ ગાથાઓ પરથી મુનિ શ્રી ભુવનચંદ્રજીએ સરળ અને શુદ્ધ અનુવાદ કર્યો.

હવે મારી થોડીક મુંઝવણો અને પ્રશ્નો. સાધુ-સાધ્વી ભગવંતો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓએ આ ગ્રંથ વાંચ્યો હશે. એનો વિશેષ પ્રચાર-પ્રસાર કેમ ન થયો? આ ગ્રંથ બધા જૈનોને પોતાનો કેમ ન લાગ્યો? આપણી પાસ બાઈબલ, કુરાન, ગુરુ ગ્રંથસાહેબ, ભગવત્ ગીતા જેવો સર્વમાન્ય કોઈ ધર્મગ્રંથ નથી તો આ શ્રમણસૂત્રની મહાવીરવાણી આપણા ઘરેઘરે કેમ ન પહોંચી? એમાં કોઈ ગચ્છ-સંપ્રદાય વિશેષની વાત નથી માટે? બહુ સરળ, સીધી અને આચરણમાં મૂકી શકાય એવી વાતો છે માટે? આપણા નિત્યપાઠમાં આ ૭૫૬ ગાથાઓ કેમ સ્થાન ન પામી? આ ગ્રંથની ગાથાઓ ભેગી કરવા જે રીતે આપણાં સર્વ ગચ્છના આચાર્યો અને વિદ્વાનોએ જે સંગીતિ કરી, ચર્ચાઓ કરી એ વાત વાંચીએ તો રોમેરોમ આનંદ ઊભરાય. અદ્વિતીય ક્ષણો હતી.

આજના સમયમાં આપણે નિરીશ્વરવાદથી વધુ ને વધુ ઈશ્વરવાદ તરફ નથી જઈ રહ્યા? દરેક પ્રસંગે, દરેક વાતમાં અતિરેકની આપણને આદત પડી ગઈ છે? વિશેષણ પ્રચૂર, આડંબરી ભાષાનો મોહ આપણને લાગ્યો છે? સંખ્યા એ આપણો મુખ્ય ટારગેટ છે? દરેક ધર્મક્રિયામાં પૈસા અને સંપત્તિને જ પહેલે પાટલે સ્થાન મળે છે? ગુરુપૂજાનો વિવેક નથી જાળવી શકતા શું? શું ચમત્કારો જ તારશે? દેવ-દેવીઓને નામે કેટકેટલું ચલાવીશું? કોઈકથી આગળ વધી જવાની મહેચ્છા વધી તો નથી ગઈ ને? ઇવેન્ટ મેનેજમેન્ટવાળા વધુ સફળ રહ્યા છે? નર્યા ભૂતકાળની જ વાતો કરવી છે? ગૃહસ્થોના બધા વ્યવહારોની ટીકા જ કરવી છે? (ભાઈ! હજી કેટલા પ્રશ્નો પૂછશો?)

આ પ્રશ્નો એટલા માટે પૂછ્યા કે, આ ગ્રંથ મને ગમે છે, જ્યાં આ વાતોના જવાબ છે. આપણને પ્રશ્નો કેમ નથી થતા, એ જ વિકટ પ્રશ્ન છે!

વિશ્વભરની ઘણી બધી હૉટેલના બધા રૂમના એક ખાનામાં બાઈબલ મળી આવશે. મુંબઈમાં જે.વી.પી.ડી. સર્કલ પાસે ભરબપોરે ઈસ્કોનવાળા ભક્તો ભગવતગીતા વેચતા કે વહેંચતા જોવા મળશે. આપણે જૈનો આપણા બધા ધર્મસ્થાનમાં, જૈન પરિવારોમાં સમણસુત્તં જેવા અદ્‌ભુત ગ્રંથને કેમ નથી પહોંચાડી શક્યા? કારણ કે આપણને એ હૈયે નથી વસ્યો. અન્ય પુસ્તકોની જેમ જોયું, વાંચ્યું અને આવ્યો માલ...ઍમેઝોન...

હવે મને ગમતા આ ગ્રંથના કારણોની વાત તો કરું ને! આ ગ્રંથમાં મહાવીરવાણી છે. આપણા ઉત્તરાધ્યયન સૂત્ર જેવા સૂત્રોની કાળજયી વાણી છે. સર્વદેશીય વિચાર છે. સર્વકાલીનતા છે. મને સૌથી વિશેષ ગમતી સરળતા અને સહજતા એ સમણસુત્તંનો શણગાર છે. બધી વાતો તાર્કિક-લોજિકલ છે. પુરુષાર્થવાદ છે.

મારી પ્રિય ગાથા ૨૪૮મી છે. 'દોરો પરોવેલી સોય પડી જાય તોય ખોવાઈ જતી નથી, તેવી જ રીતે જ્ઞાનયુક્ત આત્મા સંસારમાં ફસી જવા છતાં તેમાં ખોવાઈ જતો નથી.' છે ને સરળ ભાષા! કેવું ઘરગથ્થુ ઉદાહરણ! આપણી નજર સામેની જ, આપણા અનુભવની જ વાત છે. છે જરાય અઘરું? જ્ઞાનનો કેવો અદ્‌ભુત મહિમા કર્યો છે! આપણી સોયમાં દોરો પરોવેલો રાખીશું ને!

વિશ્વભરમાં જ્ઞાનની અનેકાનેક વ્યાખ્યાઓ કરવામાં આવી છે. જ્ઞાનનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. જૈન ધર્મ શું કહે છે: ગાથા ૨૫૨-૨૫૩. 'જેનાથી તત્ત્વબોધ થાય, જેનાથી મન વશ થાય, જેનાથી આત્મા શુદ્ધ થાય એને જ જિનશાસનમાં જ્ઞાન કહ્યું છે.'

'જેનાથી રાગ ક્ષીણ થાય, જેનાથી સત્પ્રવૃત્તિની રુચિ થાય, જેનાથી મૈત્રીભાવ વિકસે એને જ જિનશાસનમાં જ્ઞાન કહ્યું છે.'

આ ગાથાઓ પાસે વારંવાર જવાનું ગમે છે. ઊભા રહેવાનું ગમે છે. જ્ઞાનની વ્યાખ્યા કઈ ઊંચાઈ પર છે? આ વાંચીને મન નાચી ન ઊઠે તો શું કરે?

આ બધી ગાથાઓમાંથી પસાર થતાં એ વિચાર આવે છે કે, એક એક ગાથાની પછવાડે અહિંસા, આત્મા, કર્મ, કરુણા જેવા અનેક

ભાવ ઊભા છે. એ મર્મ સમજવા જેવો છે.

શિખામણ કેવી હોય, બોધ કેવો હોય? આ રહી એક સરળ અગાધ ગાથા:

'બહારની લડાઈથી શું વળશે? પોતાની જાત સાથે જ લડ. પોતે પોતાને જીતીએ તો જ સાચું સુખ મળે છે.'

જૈન દર્શન આપણા મનને સુપેરે ઓળખે છે. જૈન દર્શનમાં આજના મનોવિજ્ઞાનની કેવી કેવી વાતો રહેલી છે: 'તાવવાળા માણસને મીઠી વસ્તુ નથી ભાવતી, તેમ મિથ્યાત્વને આધીન વ્યક્તિનું દર્શન વિપરીત બની જાય છે. તેને ધર્મ પણ ગમતો નથી.' ધર્મ તો મધુર છે, મીઠો છે, હિતકારી છે, સુખદાયી છે પણ આપણા મનને જ તાવ લાગ્યો છે ત્યાં શું કરીએ? છે કંઈ અઘરું, છે કંઈ અટપટું!

'જે જે સમયે જીવમાં જેવા જેવા ભાવ જાગે છે તે તે સમયે જીવ તેવા તેવા શુભ કે અશુભ કર્મો બાંધે છે.'

કર્મની કેવી સરળ, સંક્ષિપ્ત અને અદ્ભુત વ્યાખ્યા છે. ભાવનું મહત્ત્વ કેટલું બધું છે. આ વાતને ગાંઠે બાંધીએ તો ય આપણું ભલું થઈ જાય.

અસંભવ કે ઉટપટાંગ ઉદાહરણોને બદલે સાદા, સરળ, વ્યવહારુ ઉદાહરણની મજા આ રહી. 'ઝાડ પર ચડતી વખતે માણસ પોતાની ઇચ્છાથી ચડે છે પણ પડતી વખતે એ પરવશ હોય છે. એમ લોકો કર્મ બાંધતી વખતે સ્વતંત્ર હોય છે પણ એ કર્મોનો ઉદય થાય ત્યારે પરાધીનપણે તેનું ફળ તેમણે ભોગવવું પડે છે.' કેવી ચિત્રાત્મક તાદૃશ વાત છે. શીરાની જેમ ગળે ઉતરી જાય એવી વાત છે, મન માને તો!

'તું તારા પોતા માટે જે ઈચ્છે છે તેવું બીજા માટે પણ ઈચ્છ, તું તારા પોતા માટે જે નથી ઈચ્છતો તેવું બીજા માટે પણ ન ઈચ્છ - જિનનો ઉપદેશ આટલો જ છે.'

આ ગાથા સોને મઢાવવા જેવી છે કે નહિ? આ ગાથા અન્ય ધર્મમાં, અન્ય શાસ્ત્રોમાં આવી હોત તો વિશ્વ પ્રસિદ્ધ થઈ જાત. આપણે શું કર્યું?

પોતાના બળ, દૃઢતા, શ્રદ્ધા, આરોગ્ય, ક્ષેત્ર અને કાળને બરાબર જોઈ-વિચારીને યોગ્ય રીતે તપમાં જોડાવું.' આ ગાથા કેટલી વિચારપ્રેરક છે. બધી બાજુનો વિચાર કરવાનું સૂચન કરે છે. જૈન ધર્મની વિશેષતા જ એ છે કે, એકાંગી કશું નહિ, અનેકાન્તનો સૂક્ષ્મ વિચાર ક્યાંક ને ક્યાંક મધુર સૂર પુરાવતો જ રહે છે.

હવે એક બીજી મજાની વાત. પ. પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ના દીક્ષા પર્યાયની સંયમ સુવર્ણ ઉજવણીના એક ભાગ રૂપે 'સમણસુત્તં–એક જ્ઞાનયાત્રા' એ નામે એક આયોજન કર્યું હતું. જેમાં ઑપન બૂક પરીક્ષા હતી, પણ પહેલી જ સૂચના કે શરત એ હતી કે, આ પરીક્ષા એ તો એક નિમિત્ત છે મૂળ વાત તો ફરી ફરી આ ગ્રંથ તમે વાંચો એ જ જોઈએ છે. ભાવકોને વાત ગમી. બધાને પ્રશ્નપત્રો અને પુસ્તકો પહોંચાડ્યાં. ૨૦૦ ગુણની પરીક્ષા હતી. એક એક પ્રશ્ન માટે વારંવાર વાંચવું પડે એ તો સ્વાભાવિક હતું.

૭૪ વર્ષની શ્રાવિકાએ પરીક્ષા આપી. અક્ષર આડાઅવળા. લખ્યું: હું તો બે-ત્રણ ગુજરાતી ભણી છું. માફ કરજો. જે આવડ્યું તે લખ્યું છે. રોજના બે-ત્રણ સામાયિક કરતાં કરતાં આ સવાલોના જવાબ શોધ્યા છે. ઘણું શીખવા મળ્યું છે. સંલેખનાસૂત્ર વાંચ્યા પછી એવી પ્રાર્થના કરું છું કે અંતસમયે હું પણ સંલેખના લઈ શકું.' પરીક્ષાની આ ફળશ્રુતિ હતી. ૮૦૦ જેટલાં શ્રાવક-શ્રાવિકાઓએ કોઈ પણ સંપ્રદાય-ગચ્છના ભેદભાવ વગર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય શહેરોમાંથી હોંશે હોંશે ભાગ લીધો.

આ ઉત્તરો વાંચતાં પરીક્ષક તરીકે હું પણ ઘણું શીખ્યો. સામાન્ય મનુષ્ય ભદ્રિક છે, એ જ એની અસમાન્યતા છે.

આ પ્રયોગ હજી કરવા જેવો છે. આ ગાથાઓનો અંગ્રેજી અનુવાદ કરી નમૂનેદાર પુસ્તિકાઓ યુવાનો સુધી પહોંચાડવી જોઈએ. શહેરની મોટી બૂક શોપમાં જઈને જોશો તો જુદા જુદા ધર્મના કેવા સુંદર પુસ્તકો ભાવકો સુધી પહોંચે છે. એ અંગ્રેજી પુસ્તકો વચ્ચે આપણા ધર્મની પાયાની સમજ આપતું કોઈ પુસ્તક હાજર હોય એવું ન ઈચ્છીએ? મનમાં તરંગ તો એવો છે કે, ચાતુર્માસમાં પ્રભાવના માટે પણ આ પુસ્તક સાર્થક થઈ શકે. ચાતુર્માસના પ્રવચનોના વિષય પર આ ગાથાઓ બની શકે.

પંડિત સુખલાલજીને ભૂલી જવામાં ય આપણે ક્યાં આપણી ભૂલ દેખાય છે?

મને ખબર છે આ સરળ દેખાતું કામ સરળ નથી. સૂત્રોના રચયિતાઓને હજારો વર્ષ પહેલાં આ વાતની ખબર હશે તેથી જ ગાથા ૭૩૪માં લખે છે: 'પોતપોતાના મતની પ્રશંસા અને અન્યના મતની નિંદા કરનારા જે લોકો વાદવિવાદમાં રાચે છે તેમને સંસારમાં ફસાયેલા સમજી લેવા.' આ ગાથા વિશે કંઈ કહેવાની જરૂર ખરી?

જૈન ધર્મે ભાવનું મહત્ત્વ દર્શાવવા ટૂંકમાં ઘણું કહ્યું છે: 'જીવને મારે કે ન મારે કિન્તુ મારવાના ભાવ હોય તો કર્મ બંધાય છે. જીવો કર્મ બાંધે છે તેની પાછળનો વાસ્તવિક નિયમ ટૂંકમાં આટલો જ છે.' કેટલી મોટી વાત! આપણી એક પણ ક્ષણ કોઈ ને કોઈ વિચાર કે ભાવ વગરની વીતે છે ખરી?

છેલ્લે એક પ્રાર્થના સાથે અટકું (આ લેખમાં કેટલા ઉદ્ગાર અને પ્રશ્ન ચિહ્ન લગાડી દીધા. છે ને મજા!)

'અમૃત સમાન આ જિનવચન, જે પહેલાં કદી પ્રાપ્ત થયું ન હતું તે હવે મને મળ્યું છે. મેં સન્માર્ગ ગ્રહણ કરી લીધો છે, હવે મને કશાનો-મરણનો પણ-ભય નથી.'

આ અદ્ભુત પ્રાર્થના આપણા સૌની પ્રાર્થના બની રહો એ જ પ્રાર્થના.

✷✷✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા,
અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૫૩. Mob.: 9820611852.

# જૈન ગ્રંથ 'સમણસુત્તં'નું શિક્ષણ શાસ્ત્રીય અધ્યયન

❑ ડૉ. શુદ્ધાત્મપ્રકાશ જૈન

'સમણસુતં' ગ્રંથ તીર્થંકર મહાવીરની વાણી સ્વરૂપે જીનાગમોનો સાર સંગ્રહિત કરી રચવામાં આવ્યો છે. જૈન દર્શનમાં જ્યાં એક તરફ સપ્તભંગીનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે એ જ રીતે બીજી તરફ ૧૦૮ અંકનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે, અને બંનેનો પરસ્પર ગુણાકાર કરી ૭૫૬ અંક પ્રાપ્ત થાય છે. આમ બધી પ્રમુખ પ્રાકૃતભાષા બદ્ધિત જૈનાગમોમાં ૭૫૬ મહત્ત્વપૂર્ણ ગાથાઓને સંગ્રહ કરીને સમણસુતંનો આવિર્ભાવ થયો છે. આ ગ્રંથમાં ૪ ખંડ અને ૪૪ પ્રકરણ છે.

આ ગ્રંથ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયો છે. કારણ કે બધા જ પ્રમુખ જૈનાગમોનો સાર આમાં આવરી લેવાયો છે અને મોટાભાગના બધા જ (વૈચારિક) કેન્દ્ર આમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. પછી તે મનોવિજ્ઞાન હોય કે પર્યાવરણના હોય. એ પછીં શિક્ષણશાસ્ત્રક્ષને લગતા હોય કે અધ્યાત્મ હોય. દ્રવ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, કર્મમીમાંસા, એકાન્ત-સ્યાદ્વાદ વગેરે જેવા અનેક વિષયો આમાં સમાવિષ્ટ કરાયા છે. આને ૧૦૮નું સપ્તરંગી સૂત્ર પણ કહી શકાય છે.

આ ગ્રંથના નામથી એવું સમજાય છે કે કદાચ આ શ્રમણ અથવા અણગારના ધર્મ દર્શાવે છે. પરંતુ માત્ર એવું નથી, શ્રાવક અને શ્રમણ બંનેના ધર્મો વિશે અહીં આવરી લેવાયું છે. અહીં અહિંસા, અપરિગ્રહ, કર્મ, તપ, સમિતિ, મોક્ષમાર્ગ, સાધનાપદ્ધતિ, વ્રત, ચરિત્ર, લેશ્યા, અનેકાન્ત, સંલેખના વગેરે અંગે માર્મિક વર્ણન જોવા મળે છે. પ્રસ્તુત લેખમાં શિક્ષણશાસ્ત્રને અધ્યયનનો વિષય બતાવ્યો છે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે અધ્યાત્મલક્ષી દાર્શનિક ગ્રંથમાં 'શિક્ષણ'નો વિષય કઈ રીતે આવ્યો ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પશ્ચિમી દાર્શનિક આર. એસ.ર ોસ કહે છે કે 'શિક્ષા અને દર્શન એક જ શિક્કાની બે બાજુ છે.' (Philosophy & Education are two sides of a coin-R. S. Ross).

શિક્ષા અને દર્શનનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. જેટલા પણ દાર્શનિક થયા છે, તેઓ શિક્ષક પણ રહ્યા છે અને જેટલા શિક્ષકો છે, તેઓને દાર્શનિક પણ કહી શકાય છે. કારણ કે શિક્ષાના ઉદ્દેશ્યોને નિશ્ચિત કરવા એ દર્શનનું કાર્ય છે અને દર્શન દ્વારા નિશ્ચિત ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા, એ શિક્ષાના માધ્યમથી સંભવ છે. આ પ્રકારે આ બંનેનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે.

**સાચી શિક્ષાનું સ્વરૂપ શું છે ?**

દાર્શનિક અને આધ્યાત્મિક ગ્રંથ 'સમણસુતં'માં કહેવાયું છે કે જે જ્ઞાન સંશય, **વિપર્યાય** અને **અનધ્યવસાયથી** રહિત હોય, વાસ્તવમાં એ જ સાચી શિક્ષા છે. જેમકે નીચે પ્રમાણે અવલોકન કરી શકાય છે.

संसयविमोह-विब्भय विवज्जियं अप्पपरसरुपस्स ।
गहणं सम्मं णाणं, सायारमणेयभेयं तु ।। 674 ।।

અર્થાત્ સંશય, વિમોહ અને વિભ્રમ-આ ત્રણ મિથ્યાજ્ઞાનથી રહિત સ્વ અને પરના સ્વરૂપનું ગ્રહણ કરવું સમ્યજ્ઞ જ્ઞાન છે. આ વસ્તુ સ્વરૂપનો યથાર્થ રૂપે નિશ્ચય કરાવે છે, એથી એને સાકાર અર્થાત્ સવિકલ્પક કહેવાયું છે. અનેક ભેદ છે. જિજ્ઞાસુ મૂળગ્રંથનો સ્વાધ્યાય કરી ગ્રહણ કરી શકે.[૧]

**વિદ્યાર્થીને આળસ કરવાની મનાઈ છે :**

સમણસુતં ગ્રંથમાં હોંશિયાર વિદ્યાર્થીને પણ આળસ ન કરવાની પ્રેરણા દેતી ગાથા ૧૬૩માં લખાયું છે-'આશુપ્રજ્ઞ પંડિત સુતેલી વ્યક્તિઓ વચ્ચે પણ જાગ્રત રહે. આળસ પર વિશ્વાસ ન કરવો.

મુહૂર્ત ઘણાં ભયાનક હોય છે. શરીર દુર્બળ છે, એટલે એ **ભારંડ** પક્ષીની જેમ **મધ્મસ્ત થઈ** વિચરણ કરે છે.[૨]

આળસનો નિષેધ કરતા હજુ પણ કહેવાયું છે-આળસને કર્મ અર્થાત્ આસ્રવ અને કાર્યશીલને અકર્મ અર્થાત્ સંવર કહેવાયું છે. આળસને કારણે મનુષ્ય મૂર્ખ કે અજ્ઞાની હોય છે. આળસ ન હોવાથી મનુષ્ય પંડિત હોય છે.[૩]

જેમ કે એક વિદ્યાર્થી માટે કહેવાય છે કે તેણે વિદ્યાર્જન હેતુ પોતાના સુખને તિલાંજલી આપી દેવી જોઈએ, તેવું સંસ્કૃતના સુપ્રસિદ્ધ વાક્યમાં કહેવાયું છે.

'विद्यार्थिनः कुतः सुखम'

આને જ પૃષ્ટિ આપતાં અહીં કહેવાયું છે.

नाऽलस्सेण समं सुकखं, न विज्जा सह निद्दया।
न वेरग्गं भयत्तेणं नारंभेण दयालुया ।।167।।

અર્થાત્ આળસુ સુખી નથી થઈ શકતો, નિદ્રામય વિદ્યાભ્યાસી નથી થઈ શકતો, મમત્વ રાખવાવાળો વૈરાગ્યવાન ન થઈ શકે અને હિંસક દયાળુ ન હોઈ શકે.'[૪]

એક શિષ્યના કર્તવ્યો અંગેના પ્રકરણમાં એ પણ કહેવાયું છે કે એણે ગુરુની સેવા કરવી જોઈએ, એકાન્તમાં સૂત્રોનો અભ્યાસ કરવો જોઇએ.

જુઓ-'ગુરુ અને વૃદ્ધજોની સેવા કરવી, અજ્ઞાની લોકોના સંપર્કથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, એકાન્તવાસ કરવો, સૂત્ર અને અર્થનું સમ્યક્ ચિન્તન કરવું તથા ધીરજ રાખવી–એ દુ:ખોથી મુક્તિનો ઉપાય છે.[૫]

**વિદ્યા મેળવવા માટે શિસ્ત અનિવાર્ય છે**

સમણ સુતંમાં વિદ્યાર્થી માટે શિસ્તની ભૂમિકા મહત્વની દર્શાવતાં કહ્યું છે કે 'જે રીતે હાથીને વશમાં રાખવા માટે 'અંકુશ' હોય છે અને નગરની રક્ષાઉ માટે ખાઈ હોય છે, એ જ રીતે ઈન્દ્રિયોને કાબુમાં રાખવા પરિગ્રહનો ત્યાગ અનિવાર્ય છે. ભૌતિકતાના અસંગત્વથી ઈન્દ્રિયો કાબૂમાં રહે છે.[૬]

**જ્ઞાનનો સાર અહિંસા છે**

માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાથી કોઈ વિદ્વાન નથી બનતું, એ માટે જ્ઞાનને આચરણમાં ઉતારવું જોઇએ. સમગ્ર જીનાગમનો સાર અહિંસા છે. અહિંસા એટલે જીવને કષ્ટ નથી આપવાનું પરંતુ શિક્ષાને પ્રાપ્ત કરવાની છે. જે રીતે ગ્રંથમાં કહ્યું છે.

एवं खु नाणियो सारं, जं न हिंसइ कंचण

अहिंसासमयं चेव, एतावंते वियणिया ।।147।।

જ્ઞાની હોવાનો અર્થ એ જ છે કે કોઈ પ્રાણીની હિંસા ન કરવી. બસ એટલું જ જાણી લો કે અહિંસામૂલક ક્ષમતા એ જ ધર્મ છે અથવા આ જ અહિંસાનું વિજ્ઞાન છે.

આજકાલ અનેક ભણેલા લોકો હિંસા, અન્યાય, રિશ્વતખોરી વગેરે જેવી અનૈતિકતાથી ઘેરાયેલા છે, જે ઉચ્ચ શિક્ષાની નિશાની નથી. સાચો શિક્ષિત એ જ છે જ વાસ્તવમાં બીજાના દુ:ખોથી દુ:ખી થઈ એના દુ:ખને દૂર કરવાનો પ્રયત્ન કરે.

**ચરિત્ર વગર શિક્ષા વ્યર્થ છે**

જો કોઈ વ્યક્તિ ઉપદેશ અનુસાર પાલન ન કરે તો એમ જ કહેવાય કે એણે વિદ્યા ગ્રહણ નથી કરી. 'णाणस्स साहमायारो' આ અનુસાર જ્ઞાન અને શિક્ષાનું તાત્પર્ય ચરિત્રપાલન છે. જ્ઞાની કરતાં ચરિત્રવાન હોવું વધુ શ્રેષ્ઠ છે. ઉદાહરણ રૂપે એક વ્યક્તિ બહુ જ્ઞાની છે પરંતુ એનું ચારિત્ર્ય નબળું છે અને બીજી વ્યક્તિ ચારિત્ર્યવાન છે પરંતુ જ્ઞાની નથી. આવા સંજોગોમાં આપણા માટે ચારિત્ર્યવાન વ્યક્તિ જ વધુ શ્રેષ્ઠ ગણાય છે. સમણસુતંમાં આ શબ્દો ને ગાથાઓ આ રીતે મૂકાયા છે.

'सुबहुं पि सुयमहीयं किं काहिइ चरणविप्पहीणस्स।

अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडी वि. ।।266।।

અર્થાત્ ચારિત્ર્યશૂન્ય પુરુષનું વિશાળ શાસ્ત્રાધ્યયન પણ વ્યર્થ જ છે, જે રીતે આંધળા સામે લાખો કરોડો દીપ પ્રગટાવવા વ્યર્થ છે.[૭]

આગળની ગાથા પણ આ જ બાબતની પુષ્ટિ કરે છે, 'चरित्रसम्पन्न का अल्पतम ज्ञान भी बहुत है और चारित्रविहीन का बहुत श्रुतज्ञान भी निष्फल है.'[૮] આજના ચિંતકને આ બાબતનું જ્ઞાન હોવું અત્યંત આવશ્યક છે.

**વિનય જિનશાસનનું મૂળ છે**

'विणओ सासणे मूलं' સમણસુતંમાં આ ગાથા આવે છે. આ સંદર્ભમાં કહેવાયું છે કે જિનશાસનમાં વિનયનું સ્થાન ઘણું અગત્યનું છે. સંયમ અને તપથી વિનયી બનાય છે. જે વિનય રહિત છે તેનું ધર્મ અને તપ બંને કેવા ?[૯]

વિનય પર ભાર મૂકતાં, તેને મોક્ષનું દ્વાર કહ્યું છે.

विणओ मोक्खदद्दारं विणयादो संजमो तपो णाणं ।

विणएणाराहिज्जदि, आइरिओ सव्वसंघो य ।।470।।

અર્થાત્ વિનય મોક્ષનું દ્વાર છે. વિનયથી સંયમ, તપ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિનયથી આચાર્ય અને સર્વસંઘની આરાધના થાય છે.[૧૦] ગાથા સંખ્યા ૪૭૧ અને ૪૭૨માં પણ કહેવાયું છે કે 'વિનયથી પ્રાપ્ત કરેલી વિદ્યા આલોક અને પરલોકમાં ફળ પ્રદાન કરનારી બને છે. અને વિનયવિહીન વિદ્યા ફળ પ્રદાન કરનારી નથી બનતી જે રીતે પાણી વિના ધાન્ય નથી ઉગતું. એટલે જ ગમે તેટલા પ્રયત્ન કરીને પણ વિનય છોડવો નહીં. જે અલ્પજ્ઞાની છે તે પણ વિનય દ્વારા કર્મનો નાશ કરે છે.[૧૧]

**શ્રુતજ્ઞાનની આરાધના નિરંતર કરવી**

આજે શિક્ષક કેવળ ભણાવવા માટે વાંચે છે એમ કહેવું પણ શંકાસ્પદ લાગવા માંડ્યું છે. કારણ આજે અનેક શિક્ષકો અભ્યાસ કર્યા વગર વર્ગમાં પ્રવેશી વિષયાન્તર દ્વારા સમય સમાપ્ત કરી દે છે.

સમણસુતં ગ્રંથમાં કહ્યું છે કે માત્ર અધ્યાપન માટે જ અધ્યયન ન કરવું પરંતુ નિરંતર અભ્યાસ કરવો જોઈએ. આનાથી જ મુક્તિની પ્રાપ્તિ પણ થશે – 'જ્ઞાનથી ધ્યાન સિદ્ધ થાય છે. ધ્યાનથી બધા જ કર્મોની નિર્જરા થાય છે. નિર્જરાનું ફળ મોક્ષ છે માટે સતત વિદ્યાભ્યાસ કરવો જોઇએ.[૧૨]

આજે સંથારો ચર્ચાનો વિષય છે. આ સંદર્ભે સમજવું જોઇએ કે પ્રતિદિન સંથારાનો અભ્યાસ કરવાથી જ અંતિમ સમયે સંથારો સફળ થાય છે. આ ક્રિયાનો અવસર વારંવાર પ્રાપ્ત થતો નથી.

નિષ્કર્ષ રૂપે એમ કહી શકાય કે સમણસુતંના મોટા ભાગના પ્રકરણોમાં શિક્ષણ શાસ્ત્ર વિષયક ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. વિશેષરૂપે એક વિદ્યાર્થી અથવા સાધકના ગુણોની ચર્ચા અહીં કરવામાં આવી છે. વધુમાં જીજ્ઞાસુઓએ આનો સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ.

✱ ✱ ✱

● લેખકના મૂળ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ

Acting Director,

K. J. Somaiya Centre for Studies in Jainism

**પાદટીપ :**

(૧) સમણસુત્તં–ગાથા ૬૭૪. (૨) સમણસુત્તં–ગાથા ૧૬૩.

(૩) સમણસુત્તં–ગાથા ૧૬૪. (૪) સમણસુત્તં–ગાથા ૧૬૭.

(૫) સમણસુત્તં–ગાથા ૨૯૦. (૬) સમણસુત્તં–ગાથા ૧૪૬.

(૭) સમણસુત્તં–ગાથા ૨૬૬. (૮) સમણસુત્તં–ગાથા ૨૬૭.

(૯) સમણસુત્તં–ગાથા ૪૬૯. (૧૦) સમણસુત્તં–ગાથા ૪૭૦.

(૧૧) સમણસુત્તં–ગાથા ૪૭૧-૭૨. (૧૨) સમણસુત્તં–ગાથા ૪૭૮.

# 'સમણસુત્તં'ની જ્ઞાનયાત્રા જવાબ-પત્ર

**પ્ર. ૧:** આ પંક્તિઓ જે ગાથામાં હોય તે ગાથાનો માત્ર ક્રમાંક લખો. (ગુણ ૫)

**જ. ૧ :** (૧) ૐકાર પંચ પરમેષ્ઠીનું પ્રતીક છે. **ગાથા-૧૨**

(૨) સ્વમાં લીન સાધુ સાચો ભાવલિંગી મુનિ છે. **ગાથા-૩૬૩**

(૩) મુનિ શુભ કે અશુભ-કોઈ આસ્રવ કરતો નથી. **ગાથા-૨૭૯**

(૪) મૂઢ લોક અનંત સંસારમાં ખોવાઈ જાય છે. **ગાથા-૫૮૮**

(૫) સ્વાદનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ તપ છે. **ગાથા-૪૫૦**

(૬) ગણ, ગચ્છ, સંઘ અને નિર્મળ એવો આત્મા છે સમય. **ગાથા-૨૬**

(૭) તૃષ્ણામાંથી મોહ અને મોહમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે. **ગાથા-૯૯**

(૮) નિશ્ચય દૃષ્ટિએ મૌન (મુનિત્વ) એ જ સમ્યક્ત્વ છે. **ગાથા-૨૨૧**

(૯) આંધળાની આગળ કરોડો દીપક પ્રગટાવીએ તે નકામા છે. **ગાથા-૨૬૬**

(૧૦) મુક્તાવસ્થા બાધારહિત છે. **ગાથા-૬૨૩**

**પ્રશ્ન ૨ :** બેથી ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગુણ ૨૦)

(૧) ઉપયોગ શબ્દનો વ્યાવહારિક અને શાસ્ત્રીય અર્થ શું થાય છે?

**જ.** જ્ઞાન અને દર્શનની જાગૃત અવસ્થા એટલે કે સક્રિય અવસ્થા એ ઉપયોગ કહેવાય છે. ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. સક્રિય ઉપયોગ એ જ ધ્યાન છે.

(૨) બાળ અને પંડિત કોને કહ્યા છે?

**જ.** : જે પ્રમત્ત છે-પ્રમાદી છે તે બાળ છે. અપ્રમાદી છે તે જ્ઞાની છે-પંડિત છે. બાળ જીવ એટલે અજ્ઞાની જીવ. લોભ-ભય-પ્રમાદથી બચે છે તે પંડિત.

(૩) પુદ્‌ગલનું સ્વરૂપ શું છે?

**જ.** : જેમાં પૂરણ અને ગલન થયા કરે છે તેને પુદ્‌ગલ કહે છે. કંઈક ઉમેરાય તે પૂરણ, કંઈક ઓછું થાય તે ગલન. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વગેરે ગુણો પણ વધતા-ઘટતા રહે છે.

(૪) ભાવશુદ્ધિ એટલે શું?

**જ.** : ક્રોધ-લોભ-મદ-માન વગેરેથી રહિત ચિત્તવૃત્તિ એ જ ભાવશુદ્ધિ. એ જ આભ્યંતર શુદ્ધિ.

(૫) અભવ્ય આત્મા ધર્મ કરે પણ તે મિથ્યા હોય છે. શા માટે?

**જ.** અભવ્ય આત્મા રત્નત્રયીને યથાર્થ રૂપે સમજતો નથી. એ ધર્મનો સ્વીકાર કરે છે, શ્રદ્ધા પણ રાખે છે, પાલન પણ કરે પરંતુ કર્મક્ષય માટે નહિ, ભોગાદિ માટે કરે છે. તેની સમજણ ખોટી છે તેથી તેનો ધર્મ મિથ્યા છે.

(૬) પર્યાય કોને કહેવાય?

**જ.** : પર્યાય એટલે દ્રવ્યની બદલાતી અવસ્થા. પર્યાયોનો સમૂહ એ જ દ્રવ્ય છે. ઉત્પાદ અને વ્યય થતા રહે છે, મૂળ દ્રવ્ય કાયમ રહે છે.

(૭) જિનેશ્વરોના ઉપદેશનો સાર શું છે?

**જ.** : 'જે તું તારા પોતાના માટે ઇચ્છે છે તે તું બીજા માટે પણ ઇચ્છ, તને જે નથી ગમતું તેવું તું બીજા માટે પણ ઇચ્છ નહિ. પરમાત્માના ઉપદેશનો આ સાર છે.

(૮) જ્ઞાનાભ્યાસ કરલાના લાભ કયા કયા છે?

**જ.** : જે જ્ઞાનાભ્યાસ કરે છે તે પોતે ધર્મમાં સ્થિર થાય છે, બીજાને સ્થિર કરી શકે છે, તેનું ચિત્ત એકાગ્ર થાય છે, અર્હત્ માર્ગને વધુ સારી રીતે અનુસરી શકે છે.

(૯) કર્મબંધ ન થાય તે માટે શું કરવું જોઇએ?

**જ.** : યતના-જયણાથી ચાલવું, જયણાથી રહેવું, બેસવું, બોલવું, ખાવું–આમ સાવધાનીથી રહેનારને કર્મબંધ થતો નથી.

(૧૦) કયું દાન, કયું વચન, કયો તપ અને કયા પુરુષને શ્રેષ્ઠ કહ્યા છે?

**જ.** : દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે. વચનમાં નિષ્પાપ-નિરવદ્ય વચન શ્રેષ્ઠ છે. તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે. પુરુષોમાં લોકોત્તર ઉપદેશક ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન ૩ :** દરેકની ટૂંકમાં વ્યાખ્યા લખો. (ગુણ ૨૦)

(૧) ક્ષીણ કષાય ગુણ સ્થાનકની વ્યાખ્યા કરો.

**જ.** : મોહનો સંપૂર્ણ નાશ થઈ ચિત્ત સ્ફટિક પાત્ર જેવું પારદર્શક થઈ જાય તે ક્ષીણકષાય ગુણસ્થાનક છે.

(૨) 'ભોગોપભોગ પરિમાણ'ની વ્યાખ્યા આપો.

**જ.** : ભોગ અને ઉપભોગની મર્યાદા બાંધવી તે ભોગો-પભોગ પરિમાણ વ્રત છે. ભોજનમાં અભક્ષ્ય આદિનો ત્યાગ અથવા પરિમાણ કરવા, ઉપભોગ એટલે આજીવિકા માટે પંદર પ્રકારના કર્માદાનનો ત્યાગ અથવા પરિમાણ કરવા, એ આ વ્રતમાં આવે.

(૩) તીવ્રકષાયી વ્યક્તિના લક્ષણ દર્શાવો.

જ. : પોતાની બડાઈ હાંકવી, પૂજ્ય પુરુષોના પણ દોષ જોવાની ટેવ, વેર લાંબા સમય સુધી ચાલુ રાખવું–એ તીવ્રકષાયી વ્યક્તિના લક્ષણ છે.

(૪) એવંભૂત નયનું સ્વરૂપ સમજાવો.

જ. : શબ્દથી સૂચિત ક્રિયા કે ગુણ તે તે વસ્તુમાં પ્રકટ હોય ત્યારે જ તે તે નામથી તે વસ્તુનો ઉલ્લેખ થવો જોઇએ- એવો આશય એવંભૂત નયમાં હોય છે.

(૫) કાયોત્સર્ગની સમજૂતી આપો.

જ. : નિયત કરેલ સમયમર્યાદા સુધી સ્થિર, મૌન અને ધ્યાનમાં રહીને કાયા પ્રત્યેનો મોહભાવ તજી દેવો એ કાયોત્સર્ગ છે.

(૬) ગુપ્તિ એટલે શું?

જ. : વિવિધ પ્રકારની ક્રિયાઓમાં પ્રવર્તી રહેલ મન-વાણી-કાયાને સાવધાનપણે પાછા વાળી લેવા એ ગુપ્તિ છે. અંતર્મુખ રહેવું.

(૭) ધ્યાનની વ્યાખ્યા શું છે?

જ. : ચિત્ત એક જ વિષયના અવલંબને ચિંતન કરતું રહે તે ધ્યાનની અવસ્થા છે. નિદ્રા, આસન અને આહાર–એ ત્રણે પર કાબૂ મેળવી ધ્યાન કરી શકાય.

(૮) નિક્ષેપ સમિતિ એટલે શું?

જ. : વસ્ત્ર-પાત્ર આદિ વસ્તુને લેતી કે મૂકતી વખતે પ્રથમ દૃષ્ટિથી પડિલેહણ-નિરીક્ષણ કરવું, જીવજંતુ-રજ વગેરે હોય તો જયણાથી દૂર કરવા, પછી વસ્તુ મૂકવી તે આદાન-નિક્ષેપ સમિતિ છે.

(૯) પરમાણુની વ્યાખ્યા આપો.

જ. : જેને આદિ-અંત-મધ્ય નથી, જેના ભાગ થઈ શકતા નથી, જે ઈન્દ્રિયાતીત છે એવા અવિભાજ્ય દ્રવ્યને શ્રી જિનેશ્વરે પરમાણુ કહ્યો છે.

(૧૦) મનઃપર્યવ જ્ઞાન કોને કહે છે?

જ. : મનુષ્યક્ષેત્રમાં રહેલા જીવોના ચિંતિત, અર્ધ ચિંતિત કે અચિંતિત અનેક પ્રકારના વિચારોને જે જ્ઞાન દ્વારા જાણી શકાય છે તે જ્ઞાન મનઃપર્યવ જ્ઞાન છે.

**પ્રશ્ન ૪** : નીચે આપેલ શબ્દજૂથોમાં એક શબ્દ જૂથ બહારનો છે. કયો શબ્દ જૂથ બહારનો છે તે જણાવો. કારણ બતાવો. (ગુણ ૧૦)

(૧) સમતા, માધ્યસ્થ, શુદ્ધોપયોગ, આનંદ.

જ. : આનંદ. બાકીના ત્રણ સ્વભાવવાચક છે, આનંદ રાગવાચક છે.

(૨) જન્મ, મરણ, જરા, ચિંતા.

જ. : ચિંતા. બાકીના ત્રણ સંસારના સ્વરૂપના સૂચક છે, ચિંતા દુઃખસૂચક છે.

(૩) વાચના, પૃચ્છના, મંગલાચરણ, અનુપ્રેક્ષા.

જ. : મંગલાચરણ. બાકીના ત્રણ સ્વાધ્યાયના પ્રકાર છે. મંગલાચરણ સ્વાધ્યાયરૂપ નથી.

(૪) આળસ, ક્રોધ, વૈર, દુષ્ટતા.

જ. : આળસ કૃષ્ણલેશ્યાનાં લક્ષણોમાં આવતું નથી. બાકીના ત્રણ કૃષ્ણલેશ્યાના લક્ષણ છે.

(૫) અંગવિચ્છેદ, અતિભારારોપણ, જૂઠ, બંધન.

જ. : જૂઠ પહેલાં વ્રતનો વિષય નથી. બાકીનાં ત્રણ પ્રથમ વ્રતના અતિચારરૂપ છે.

(૬) સંયમ, તપ, અહિંસા, અનેકાંત.

જ. : અનેકાંત વૈચારિક છે. બાકીના ત્રણ આચારગત છે.

(૭) કંટાળો, ભૂખ, લોભ, ઠંડી.

જ. : લોભ શારીરિક કષ્ટ નથી, બાકીના ત્રણ શારીરિક છે.

(૮) નગર, તાળું, દ્વાર, સાંકળ.

જ. : નગરની ઉપમામાં તાળું આવતું નથી.

(૯) મનુષ્યત્વ, પુરુષાર્થ, પ્રેરણા, શ્રવણ.

જ. : ચાર દુર્લભ અંગોમાં પ્રેરણા નથી.

(૧૦) જ્ઞાન, ધ્યાન, તપ, ગોચરી.

જ. : ઈન્દ્રિયોના નિગ્રહના સાધનોમાં ગોચરી ગણેલ નથી.

**પ્રશ્ન ૫** : નીચે આપેલ ઉપમાઓ કોને અપાઈ છે તેના માત્ર નામ લખો.

૧. કેળનું ઝાડ: ઈન્દ્રિયોના વિષયો

૨. અળસિયું: આસક્ત માનવી

૩. રંગીન પત્થર: વેશધારી સાધુ

૪. લોઢાની/સોનાની સાંકળ: શુભ/અશુભ કર્મ.

૫. પાણીમાં મીઠું: ધ્યાનમાં લીન ચિત્ત.

૬. પગમાં લાગેલો કાંટો: અંતરમાં રહેલા દોષો

૭. દહીં અને ગોળ: મિશ્ર ગુણસ્થાનક

૮. કાચબો: સંવર કરનાર પુરુષ

૯. પદ્મરાગરત્નની કાંતિ: દેહમાં રહેલો જીવ

૧૦. કડવી દવા: ગુરુકુલવાસનું સેવન

૧૧. દોરો પરોવેલી સોય: જ્ઞાનયુક્ત આત્મા.

૧૨. નિધાન: જ્ઞાન

૧૩. માતા: જયણા. સમિતિ-ગુપ્તિ (અષ્ટ પ્રવચનમાતા)

૧૪. ખુજલી: કામભોગ

૧૫. ભમરો: નિર્લોભી સાધુ

૧૬. કમળનું પાંદડું : વિષયમાં અલિપ્ત મનુષ્ય (સમ્યગ્દર્શન)

૧૭. નાવમાં કાણા: આસ્રવો
૧૮. અગ્નિ: આત્માની ઉર્ધ્વગતિ
૧૯. અમૃત: જિનવચન
૨૦. ગરુડ: મહાવીર સ્વામી

**પ્રશ્ન ૬:** વાક્યપૂર્તિ કરો. (ગુણ ૧૦)

(૧) મુનિને નગર કે શૂન્ય વન વચ્ચે કોઈ અંતર જણાતું નથી કારણ કે **તેમણે મન-વચન-કાયાને સ્થિર કર્યા છે, એમનું ધ્યાન નિશ્ચલ થયું છે.**

(૨) જે અસાવધાન છે તેને સતત હિંસાનું પાપ લાગે છે. કારણ કે **આંતરિક અશુદ્ધિ કે પ્રમાદ એ જ હિંસા છે.**

(૩) આભ્યંતર શુદ્ધિ થતાં આચરણની શુદ્ધિ થાય છે કારણ કે **આભ્યંતર અશુદ્ધિના કારણે જ વ્યક્તિ બાહ્ય દોષોનું આચરણ કરે છે.**

(૪) દેહથી મુક્ત આત્માની ઊર્ધ્વગતિ થાય છે કારણ કે **તુંબડું, એરંડિયાનાં ફળ, અગ્નિ વગેરેની જેમ આત્માનો સ્વભાવ ઊર્ધ્વગતિનો છે.**

(૫) પ્રયોજન વિના કાર્ય કરવાથી કર્મબંધ વધુ થાય છે. કારણ કે **અનાવશ્યક કાર્યમાં સ્થળ-કાળનો ખ્યાલ ન હોવાથી પ્રવૃત્તિ અમર્યાદ બને છે.**

(૬) હવે મને કશાનો–મરણનો પણ–ભય નથી કેમકે **મેં સન્માર્ગ ગ્રહણ કર્યો છે.**

(૭) પરમાણુના ટૂકડા થતા નથી કારણ કે **તે પોતે નાનામાં નાનો ટૂકડો છે.**

(૮) કષાય થોડો હોય તો પણ સારો નથી કેમકે **નાનકડી આગની જેમ કષાયને નાનામાંથી મોટું રૂપ લેતાં વાર લાગતી નથી.**

(૯) અંત સમયે સાધુ ધ્યાન કરવા સમર્થ હોય છે કારણ કે **રાજપુત્રની જેમ સતત અભ્યાસ કરીને તેણે ચિત્તને વશ કરી લીધું હોય છે.**

(૧૦) મનુષ્યને સંતોષ થતો નથી કારણ કે **ઇચ્છાઓ આકાશ જેવી અનંત છે.**

**પ્રશ્ન ૫:** ખાલી જગ્યા પૂરો. (ગુણ ૧૦)

(૧) **દ્રવ્ય-ગુણ-પર્યાયથી** અર્હંતોને જે જાણે છે તે પોતાના આત્માને જાણે છે.

(૨) આત્માની **પુષ્ટિ** માટેનું વ્રત **પૌષધ** છે.

(૩) ચારિત્રનો **પ્રવૃત્તિમય** ભાગ સમિતિ છે,
ચારિત્રનો **નિવૃત્તિમય** ભાગ ગુપ્તિ છે.

(૪) **અપ્રમાદી** હોય એ અહિંસક છે, **પ્રમાદી** હિંસક છે.

(૫) **ધર્મવાન** આત્મા જાગતો સારો, **અધર્મી** આત્મા સૂતેલો સારો.

(૬) **ભારંડ** પક્ષીની જેમ સદા સાવધાન રહેવું.

(૭) જ્ઞાન **ક્રિયા** વિના નકામું છે, ક્રિયા **જ્ઞાન** વિના નકામી છે.

(૮) સમતાથી **શ્રમણ** બનાય અને બ્રહ્મચર્યથી **બ્રાહ્મણ** થવાય.

(૯) સાધુના સર્વ ધર્મોમાં **ધ્યાન** મુખ્ય છે.

(૧૦) **આત્મનિરીક્ષણ** કરવું તે આલોચના તપ છે.

(૧૧) આ લોક પુદ્ગલના **સૂક્ષ્મ** અને **બાદર** સ્કંધોથી ઠાંસી ઠાંસીને ભરેલો છે.

(૧૨) **નયને** સમજ્યા વિના કોઈ વ્યક્તિ સ્યાદ્વાદને સમજી શકે નહીં.

(૧૩) આચરણ થોડું દોષયુક્ત હોય તેને **પ્રમત્ત સંયત** ગુણ સ્થાનકે રહેલો જાણવો.

(૧૪) વિનયી વ્યક્તિ **શત્રુને** પણ **મિત્ર** બનાવી લે છે.

(૧૫) ગુરુકૃપાથી **આત્મસ્વરૂપ** જાણી મુમુક્ષુએ નિજ આત્માનું ધ્યાન કરવું.

(૧૬) **તત્ત્વભૂત** પદાર્થો ઉપર **શ્રદ્ધા** ન હોવી એ મિથ્યાત્વ છે.

(૧૭) બે સાધનામાર્ગ છે : એક **શ્રમણ**ધર્મ, બીજો **શ્રાવક**ધર્મ.

(૧૮) **સામાન્ય** ધર્મ પ્રતિપાદક દૃષ્ટિકોણને દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

(૧૯) **શ્રુતજ્ઞાન** હોય ત્યાં તેની પૂર્વે **મતિજ્ઞાન** હોય જ.

(૨૦) **મોહનીય** કર્મનો નાશ થતાં **અન્ય** કર્મનો પણ નાશ થાય છે.

**પ્રશ્ન ૮:** સાચો વિકલ્પ શોધીને માત્ર તેનો ક્રમાંક લખો. (ગુણ ૧૦)

(૧) શુદ્ધ સંગ્રહનય કોને કહેવાય?

**જ.** શુદ્ધ સંગ્રહનય વિરોધને લક્ષ્યમાં લીધા વગર પદાર્થોને એકમાં સમાવી લેવામાં માને છે.

(૨) દ્રવ્યનિક્ષેપ એટલે શું?

**જ.** : વસ્તુના પૂર્વ અને પશ્ચાત્કાલીન સ્વરૂપને પ્રાધાન્ય આપીને રજૂઆત કરવી તે દ્રવ્યનિક્ષેપ છે.

(૩) ભાવ પ્રતિક્રમણ શું છે?

**જ.** : પાપની આલોચના–નિંદા–ગર્હા કરી, ફરીથી તે ન થાય એવી તત્પરતા તે ભાવપ્રતિક્રમણ.

(૪) ઈન્દ્રિયોના સંયમ માટે શું આવશ્યક છે?

**જ.** : ઈન્દ્રિયોના સંયમ માટે પરિગ્રહ-સંગ્રહનો ત્યાગ આવશ્યક છે

(૫) અપ્રમત્ત સંયત ગુણસ્થાનક અવસ્થા કોને કહેવાય?

**જ.** : પ્રમાદ બિલકુલ ન રહ્યો હોય એવી અવસ્થાને અપ્રમત્ત સંયત ગુણસ્થાનક કહે છે.

**પ્રશ્ન ૯:** A ને B થી જોડો.

(૧) ભવનિર્વેદ (૧૯) સંસાર પ્રત્યે વિરક્તિ

(૨) નય (૧૦) વ્યક્તિનો આશય
(૩) અળસિયું (૧૮) આસક્ત માનવી
(૪) આભ્યંતર પરિગ્રહ (૮) અરતિ
(૫) અશુભ આચરણનો ત્યાગ (૧૪) ચારિત્ર
(૬) વેરની ગાંઠ વાળવી (૧૫) કૃષ્ણ લેશ્યા
(૭) ધર્મની પાલિકા (૨૦) યતના
(૮) ગુણોનો સમુદ્ર (૪) સંઘ
(૯) દાન્ત (૧૭)શ્રમણ
(૧૦) બ્રહ્મચર્ય (૨) બ્રાહ્મણ
(૧૧) પિતામહ (૩) ભગવાન
(૧૨) ઉત્પાદ (૧૬) વ્યય
(૧૩) પરિવર્તના (૧) સ્વાધ્યાય
(૧૪) વ્યુત્સર્ગ (૫) પ્રાયશ્ચિત
(૧૫) ઈન્દ્રિયની ઉપશાંતિ (૯) ઉપવાસ
(૧૬) નીલ લેશ્યા (૧૨) અધોગતિ
(૧૭) કુચેષ્ટા (૭) અનર્થદંડ
(૧૮) નિશ્ચય ચારિત્ર (૧૩) સાધ્ય
(૧૯) નૈમિત્તિક (૧૧) વિશિષ્ટ શક્તિશાળી
(૨૦) નિઃશંક (૬) સમ્યગ્દૃષ્ટિ

**પ્રશ્ન ૧૦**:દરેકનો સમાનાર્થી શબ્દ (આ પુસ્તકમાં પ્રયોજાયો હોય તેવો) આપો. (ગુણ ૧૦)

(૧) આશય : **દૃષ્ટિબિંદુ**
(૨) ભંગ : **ભેદ**
(૩) મૂર્ચ્છા : **આસક્તિ**
(૪) અનુપ્રેક્ષા : **ભાવના**
(૫) ગર્હા : **ગુરુસાક્ષીએ પાપનું પ્રગટીકરણ**
(૬) ઉપસર્ગ : **કષ્ટ**
(૭) પચ્ચક્ખાણ : **પ્રતિજ્ઞા, નિષેધ, ત્યાગ**
(૮) હેતુ : **ઉદ્દેશ**
(૯) અક્ષ : **આત્મા**
(૧૦) ઈર્યા : **ગમનાગમન**
(૧૧) યતના : **સંભાળ, જતન, સાવધાની**
(૧૨) પરિણામ : **સંકલ્પ**
(૧૩) આરંભ : **સાંસારિક કાર્યો**
(૧૪) પ્રાસુક : **જીવરહિત, અચિત્ત**
(૧૫) વિપર્યાસ : **ભ્રમ**
(૧૬) ભવનિર્વેદ : **સંસાર વિરક્તિ**
(૧૭) શ્રુતજ્ઞાન : **શાસ્ત્રજ્ઞાન,આગમજ્ઞાન**
(૧૮) વિકથા : **સમયનો અપવ્યય થાય તેવી વાતો**
(૧૯) તત્ત્વ : **પરમાર્થ, દ્રવ્યસ્વભાવ**
(૨૦) શુભ ભાવ : **કષાયની મંદતા**

**પ્રશ્ન ૧૧**: ફક્ત આંકડામાં જવાબ આપો. દરેકની સંખ્યા કે ભેદ લખો. (ગુણ ૧૦)

૧. શિક્ષાવ્રત : **૪** ૨. વ્યસન : **૭**
૩. કરણ : **૩** ૪. ગુપ્તિ : **૩**
૫. એષણા સમિતિ : **૩** ૬. નિક્ષેપ : **૪**
૭. સ્થાપનાના ભેદ : **૨** ૮. જ્ઞાનના પ્રકાર : **૫**
૯. આભિનિબોધિક જ્ઞાન : **૯** ૧૦.નયના મૂળ ભેદ: **૨**
૧૧. આભ્યંતર પરિગ્રહ : **૧૪** ૧૨. સમ્યગ્દર્શનના અંગ : **૮**
૧૩. અનુપ્રેક્ષા : **૧૨** ૧૪. પ્રભાવક પુરુષો : **૮**
૧૫. ભય : **૭** ૧૬. પ્રવચનમાતા : **૮**
૧૭. વિકથા: **૪** ૧૮. અનર્થદંડના પ્રકાર : **૪**
૧૯. તત્ત્વ : **૯** ૨૦. બાહ્ય તપ : **૬**

**પ્રશ્ન ૧૨.**: આપેલા વિકલ્પોમાંથી સાચો શબ્દ પસંદ કરી ગાથા ક્રમાંક સાથે લખો. (ગુણ ૧૦)

(૧) સાધુના સર્વ ધર્મોમાં મુખ્ય છે. (મૌન, જ્ઞાન, ધ્યાન)
**જ.** : ધ્યાન ગા. ૪૮૪
(૨) સમ્યગ્દૃષ્ટિ આત્મા ...... ગુણયુક્ત છે. (વૈદુષ્ય, વાત્સલ્ય, વૈરાગ્ય)
**જ.** : વાત્સલ્ય ગા. ૨૪૨
(૩) કર્મના ઉદય વખતે...... રહીને ફળ ભોગવવું પડે છે. (સ્વતંત્ર, પરતંત્ર, સ્વસ્થ)
**જ.** : પરતંત્ર ગા. ૬૦
(૪) સન્માર્ગે ચાલનારો આત્મા પોતે પોતાનો ..... છે. (સ્વામી, સાથી, મિત્ર)
**જ.** : મિત્ર ગા. ૧૨૩.
(૫) આત્મા...... છે. (સમયસાર, અધ્યાત્મસાર, જ્ઞાનસાર)
**જ.** સમયસાર ગા. ૨૧૪.
(૬) મોહ આદિને તજે નહિ તેવો મુમુક્ષુ ..... આત્માને પામી શકતો નથી. (પરમ, શુદ્ધ, પ્રબુદ્ધ)
**જ.** : શુદ્ધ ગા. ૨૮૩.
(૭) વસ્તુના સંગ્રહને ભગવાને પરિગ્રહ નથી કહ્યો, .... ને પરિગ્રહ કહ્યો છે. (મોહ, મૂર્ચ્છા, માન્યતા)
**જ.** : મૂર્ચ્છા ગા-૩૭૯
(૮) જ્ઞાતાનો હૃદયગત જે ...... તેને નય કહે છે. (હેતુ, આશય, તર્ક)
**જ.** : આશય ગા. ૬૯૦

(૯) ધ્યાન જ સર્વ અતિચારોનું ..... છે.)
(અતિક્રમણ, પ્રતિક્રમણ, પ્રયોજન)
જ. : પ્રતિક્રમણ ગા. ૪૩૩.
(૧૦) દેહ અને આત્માને એક સમજ છે તે ...... છે.
(અજ્ઞાની, અંતરાત્મા, બહિરાત્મા)
જ. : બહિરાત્મા ગા. ૬૯.

**પ્રશ્ન૧૩**:સંલેખના વિશે સમણસુત્તં શું કહે છે તે તમારા શબ્દોમાં લખો. (ગુણ ૧૦)

જ. મૃત્યુ વિશે મહાપુરુષોએ વિચાર કર્યો છે. જૈન ધર્મે મૃત્યુ વિશે સૂક્ષ્મતાથી વિચાર કર્યો છે.

જીવનની અંતિમ અવસ્થામાં અથવા કોઈ અણધારી ઘાતક પરિસ્થિતિ આવી પડે ત્યારે દેહનું વિસર્જન કરવું પડે છે. શરીર ધર્મસાધનામાં સાથ ન આપે ત્યારે પણ આ અંગે વિચારવું પડે. દેહ પ્રત્યેની મમતા, આસક્તિ, દેહાધ્યાસ છોડી મૃત્યુનો સહર્ષ સ્વીકાર કરવો તેને સમાધિમરણ-પંડિતમરણ કહેવામાં આવ્યું છે.

એક વારનું પંડિતમરણ અનેક મરણોથી બચાવે છે. પરંપરાએ મુક્તિ તરફ લઈ જાય છે. મરણની પૂર્વ તૈયારી પણ કરવી જોઇએ. જૈન પરંપરામાં એ માટે સંલેખના શબ્દ વપરાય છે. 'સમ્'–સારી રીતે, લેખના–કોતરવું. શું કોતરવું? તૃષ્ણા, આસક્તિ, મોહ, કષાય આદિને દૂર કરવા. કોતરવું શબ્દ માર્મિક છે. કાપવું હોય તો ઝડપથી કપાય, પણ એ જ વસ્તુને સારી રીતે કોતરવી હોય તો સમય, સમજ અને ધીરજ જોઇએ. સંલેખનામાં એક બાજુથી શરીરને ક્ષીણ કરવાનું હોય છે, બીજી બાજુથી અંતરંગ કષાયો, દોષો, સંસ્કારોને ક્ષીણ કરવાના હોય છે. શરીરને ક્ષીણ કરતા જવું તે બાહ્ય સંલેખના. કષાયોને ક્ષીણ કરતા જવું તે આભ્યંતર સંલેખના. જ્યાં સુધી શરીર ધર્મસાધનામાં સહાયક બનતું હોય ત્યાં સુધી અનશન, સંથારો, સંલેખના કરવા અનુચિત ગણ્યા છે. મૃત્યુની ઇચ્છા કરવી એ તો અતિચાર–દોષ માનવામાં આવ્યો છે.

સંલેખના કરનારના મનમાં આ લોક કે પરલોકના સુખની કામના ન હોવી જોઇએ. જીવનની કે મરણની પણ ઈચ્છા ન હોવી જોઇએ.

સંથારા માટેની વિધિ હોય છે. તેમ છતાં સમણસુત્તં કહે છે કે જેનું મન શુદ્ધ છે, જાગૃત છે તેના માટે આત્મા જ પ્રાસુક ભૂમિ અને આસન છે. જીવન દરમ્યાન યોગાભ્યાસ દ્વારા ચિત્તને જેણે વશ કર્યું હોય તે અંત સમયે સ્વસ્થ રહી મૃત્યુનો સ્વીકાર કરી શકે છે.

**પ્રશ્ન ૧૪**:ગાથા ૬૬ માં આઠ કર્મો માટે આઠ ઉપમાઓ અપાઈ છે. તેના આધારે દરેક કર્મનું કાર્ય સમજાવો. (ગુણ ૧૦)

જ. : (૧) જ્ઞાનાવરણીય કર્મ પડદા જેવું છે. આંખ આગળ બાંધેલા પાટાને કારણે જોવાની શક્તિ હોવા છતાં કંઈ પણ દેખાતું નથી તેમ આત્મામાં જ્ઞાનગુણ હોવા છતાં આ કર્મના કારણે ઈન્દ્રિયો દ્વારા પણ જ્ઞાન થવામાં બાધા થાય છે.

(૨) દર્શનાવરણીય કર્મ દ્વારપાળ જેવું છે. દ્વારપાળ જવા દે તો જ રાજાનાં દર્શન થાય. તેમ જીવનો દર્શનગુણ કામ કરતો હોય તો જ જ્ઞાન થાય. આ કર્મ સામાન્ય જ્ઞાન રૂપી દર્શનને જ અટકાવે છે.

(૩) વેદનીય કર્મ સુખ અને દુઃખ-બંને આપે છે. મધથી ખરડાયેલી તલવાર કે ચપ્પૂની ઉપમા અપાઈ છે. ચાટીએ તો મધની મીઠાશનું સુખ થાય પણ જીભ કપાવાથી વેદના-પીડા પણ થાય.

(૪) મોહનીય કર્મ જીવને ભાન ભુલાવે છે માટે દારૂની ઉપમા અપાઈ છે. દારૂથી માણસ હિત–અહિતનું ભાન ભૂલે છે તેમ મોહનીયના ઉદયે જીવ વિવેક ચૂકે છે.

(૫) આયુષ્યકર્મ બેડી જેવું છે. ઇચ્છા ન હોવા છતાં બેડીથી બંધાયેલ વ્યક્તિ જેલમાં પડી રહે છે એમ આત્મા શરીરને આધીન ન હોવા છતાં આ કર્મ અનુસાર તેને કાયારૂપી જેલમાં રહેવું પડે છે.

(૬) નામકર્મ ચિત્રકાર જેવું છે. ચિત્રકાર સારા-ખરાબ બધા જ ચિત્રો બનાવે છે તેમ આ કર્મ થકી જીવને સારી-ખરાબ વસ્તુઓ જેવા કે શરીર, ઈન્દ્રિય, ગતિ વગેરે મળે છે.

(૭) ગોત્રકર્મ કુંભાર જેવું કામ કરે છે. કુંભાર નાના-મોટા, સુંદર-બેડોળ ઘડા બનાવે છે એ જ રીતે આ કર્મ થકી જીવ ઉચ્ચ-નીચ સ્થિતિ પામે છે.

(૮) અંતરાય કર્મ ભંડારી કે કોઠારી જેવું છે. રાજા કે શેઠ રાજી થઈને ઈનામ આપે પણ એ વસ્તુ ભંડારી આપે ત્યારે જ હાથમાં આવે છે. ભંડારી હાજર ન હોય તો રાહ જોવી પડે છે. જીવને પણ ઈચ્છા હોવા છતાં કે જરૂર હોવા છતાં દાન, લાભ, ભોગ, ઉપભોગ કે કાર્ય કરવામાં અડચણ પડે છે તે આ કર્મને કારણે હોય છે.

**પ્રશ્ન ૧૫**:ગાથા ૩૦માં આલંકારિક ભાષામાં સંઘનું વર્ણન છે. તેનું વિવરણ તમારા શબ્દોમાં કરો. (ગુણ ૫)

જ. : જેમ કમલ સરોવરની શોભા છે તેમ સંઘ પણ મનુષ્ય-લોકની અને જિનશાસનની શોભા છે. કમળ પાણી અને કાદવમાં ઊગતું હોવા છતાં મલિન થતું નથી તેમ સંઘ સંસારમાં રહેવા છતાં પાપરજ અને કર્મરજથી અલિપ્ત રહે છે.

કમળને નાળનો આધાર હોય છે. તેમાંથી તેને પોષણ મળતું

હોય છે. તેમ સંઘને શ્રુત જ્ઞાનની દાંડીનો આધાર હોય છે. પંચ મહાવ્રતધારી અને જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સ્થિર એવા શ્રમણ-શ્રમણી તે કમળની સ્થિર કર્ણિકા જેવા છે. કમળમાં તંતુ હોય છે. કરુણા, મૈત્રી, ક્ષમા, સમતા વગેરે ગુણો સંઘ રૂપી કમળના તંતુ સમાન છે.

કમળની સુગંધથી ભમરા આકર્ષાય છે તેમ સંઘના સુંદર આચારની સુગંધથી શ્રાવકજન રૂપી ભમરાઓ વીંટળાયેલ હોય છે. કમળ સૂર્યપ્રકાશથી ખીલે છે તેમ જિનેશ્વરના કેવળજ્ઞાનરૂપી સૂર્યના તેજથી સંઘ વિકાસ પામે છે. કમળને હજારો શ્રમણો રૂપી પાંદડા પણ હોય છે.

આવા સંઘ કમળનું સદા કલ્યાણ હો!

**પ્રશ્ન ૧૬ :** શ્રમણ સુત્તંમાં વિવિધ વિષયના સૂત્રો છે. તમને જે સૂત્ર વિશેષ સ્પર્શી ગયું હોય તેનો સારાંશ તમારા શબ્દોમાં આપો. (ઓછામાં ઓછા ૩૦૦ શબ્દો.) (ગુણ ૧૫)

(આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે આપી શકાય છે તેથી અહીં આપ્યો નથી.)

**પ્રશ્ન ૧૭ :** 'સમણસુત્તં' ગ્રંથના સર્જન વિશે, તેના પ્રેરક વિશે તેમજ આ ગુજરાતી અનુવાદના કર્તા વિશે માહિતી આપો. આ ગ્રંથની વિશેષતા અને ઉપયોગિતા વિશે તમારા વિચારો જણાવો. (ઓછામાં ઓછા ૫૦૦ શબ્દો.)

**જુદા જુદા ઉત્તર પત્રોમાંથી ચૂંટેલા જવાબો :**

**૧. ગ્રંથના સર્જન વિશે**

ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મતિથિનું આગમન.

સમાજમાં વિકસેલી ચેતના તથા ધર્મ-નીતિ-પંથ આદિના ભેદોથી પર એવા પ્રતિષ્ઠિત થયેલા વિનોબાજીની દીર્ઘકાલીન આકાંક્ષા યોગે આ ગ્રંથની રચના થઈ. સર્જન થયું. ભૂમિકા રચાઈ. વિનોબાજીની પ્રેરણા બ્રહ્મચારી વર્ણીજીના હૃદયમાં વસી ગઈ. વિદ્વાન જિનેન્દ્ર વર્ણીજીની અખૂટ ધીરજ અને સતત પરિશ્રમથી 'સમણસુત્તં' ગ્રંથનું સર્જન સંભવિત થયું.

વર્ણીજીએ સંકલન કર્યું તે 'જૈન ધર્મસાર' નામે પ્રકાશિત થયું તેની નકલો જૈન-જૈનેત્તર વિદ્વાનોને મોકલી તેમના સૂચનો સુધારાના આધારે બીજું સંકલન ડૉ. દલસુખભાઈ માલવણિયાએ કર્યું. ડૉ. હુકમીચંદ ભારિલ્લે ઘણી ગાથાનું સૂચન કાનજીસ્વામીની પ્રેરણાથી કર્યું. ડૉ. કમલચંદ સાંગાણીએ અનેક સૂચન કર્યાં.

આ તમામ સૂચનનું અધ્યયન કરીને વર્ણીજીએ બીજું સંકલન 'જિણધમ્મ' નામે કર્યું તે પછી અભૂતપૂર્વ સંગીતિનું આહ્વાન થયું. જિનધર્મના તમામ સંપ્રદાયોના મુનિઓ અને અગ્રગણ્ય શ્રાવકોની હાજરીમાં સંગીતિ સમક્ષ 'જિણધમ્મ' રજૂ થયું.

સંગીતિ ૨૯-૩૦ નવેમ્બર ૧૯૭૪માં મળી. બે દિવસના અધિવેશન દરમ્યાન ચાર બેઠકો થઈ. ચાર આમ્નાયના મુનિઓ મુનિ સુશીલકુમાર, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનકવિજયજી તથા ઉપાધ્યાય મુનિશ્રી વિદ્યાનંદજી વારાફરતી અધ્યક્ષપદે બેઠા. ચારે બેઠકોને આચાર્ય તુલસી, આચાર્ય ધર્મસાગરજી, આચાર્ય વિજય સમુદ્રસૂરિજી તથા આચાર્ય શ્રી દેશભૂષણજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. ગ્રંથનું અંતિમ સ્વરૂપ ચારે અધ્યક્ષોની સહાયથી જિનેન્દ્ર વર્ણીજીએ તૈયાર કર્યું જેને શુદ્ધ કરવામાં ઘણાં વિદ્વાનોએ મદદ કરી. ગાથા શુદ્ધિ પંડિત કૈલાસચંદ્ર શાસ્ત્રી, પંડિત બેચરદાસ દોશી, મુનિશ્રી નથમલજીએ ભારે જહેમત ઉઠાવી કરી છે.

વળી પાછી એ ગ્રંથ ઉપર ચર્ચા કરવા વિનોબાજીના આગ્રહથી અનેક સંગીતિ મળી તેમાં આચાર્યો, મુનિઓ, વિદ્વાનો, શ્રાવકો ત્રણસો જેટલા મળ્યા. ચર્ચાને અંતે તેનું નામ અને રૂપ બદલાયું. સહુની સંમતિથી 'શ્રમણસુક્તમ્' (સમણસુતં) તૈયાર થયું જેમાં કુલ ૭૫૬ ગાથાઓ છે. એપ્રિલ ૧૯૭૫માં ચૈત્ર સુદ તેરસ ભગવાન મહાવીરની જયંતિને દિવસે સમસ્ત ભારતને ગ્રન્થ પ્રાપ્ત થયો.

બધા વિદ્વાનોના પરિશ્રમો વિનોબાજીની પ્રત્યક્ષ તથા પરોક્ષ પ્રેરણા પામવાથી સફળ થયા. વિનોબાજીની શક્તિ કેટલી? પોતે અજૈન હોવા છતાં ગ્રંથ સંકલન કરવા જૈનોના બધા ફિરકા એકત્ર થયા. એમની જ પ્રેરણાથી અનેકાંતવાદની સમન્વય શક્તિની ઝાંખી કરાવતી આ સદીની ઐતિહાસિક ઘટના બની.

ભદ્ર પરિણામી, ધર્માનુરાગી શ્રી વિનોબાજી આ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથના પ્રેરક બન્યા.

**(૨) ગુજરાતી અનુવાદના કર્તાનો પરિચય**

સમણસુતં ગ્રંથના અનુવાદકર્તા પાર્શ્વચંદ્રગચ્છના શણગાર વિદ્વદ્વર્ય, ગચ્છવરિષ્ઠ, જ્ઞાનભાસ્કર, શાસ્ત્રસંશોધક પ. પૂ. મહોપાધ્યાય ભુવનચંદ્રજી મ.સા. 'ચિન્મય' છે.

પૂજ્યશ્રી મધ્યકાલીન સાહિત્યના ઉંડા અભ્યાસી છે. પૂજ્યશ્રીનું વિચરણ જે ક્ષેત્રમાં હોય ત્યાંના ગ્રંથભંડારના ગ્રંથો, હસ્તલિખીત પ્રતોનો અભ્યાસ કરે છે. જ્ઞાનભંડારની વ્યવસ્થિત જાળવણી, તેના વ્યવસ્થિત સૂચિપત્રને તૈયાર કરવાનું વિરાટ કાર્ય ને ખૂબ જ મહેનતનું કાર્ય છે, કુશાગ્રબુદ્ધિ માગી લે છે. પૂજ્યશ્રી તન-મનથી આ કાર્ય દ્વારા જ્ઞાનની ઉપાસના-સેવા કરી રહ્યા છે.

જિનદર્શનનો ઊંડો અભ્યાસ ઉપરાંત આધુનિક સાહિત્યમાં પણ તેઓ રૂચિ ધરાવે છે. અંગ્રેજી, હિંદી, મરાઠી, કચ્છી, સંસ્કૃત, અર્ધ-માગધી, ગુજરાતી, અપભ્રંશ, મારૂગુર્જર, બંગાળી ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે. વિજ્ઞાનમાં તેઓશ્રી ઊંડો રસ ધરાવે છે.

પૂજ્યશ્રીની વિદ્યાર્થીવૃત્તિ, અભ્યાસુવૃત્તિ પ્રશંસનીય છે. સંયમ જીવનમાં સમયનો સદ્ઉપયોગ ખૂબ જ સારી રીતે સતત સ્વાધ્યાય અને ધ્યાનમાં કરી રહ્યા છે.

પૂજ્યશ્રીના જીવનમાં રહેલા બે મહત્ત્વના ગુણો – અપ્રમતતા ને તીવ્ર મેધા – એક વખત વાંચેલું સ્મરણપટમાં સતત રહે છે.

સ્વબળે સતત આગળ વધતા રહ્યા. પ્રાચીન-અર્વાચીન સાહિત્ય વાંચન સંશોધનનો શોખ નાની વયથી પૂજ્યશ્રીમાં રહેલો છે. બાર વરસની વયે સંયમ માર્ગે ગમન કર્યું ને ત્રીજા વરસે હરિભદ્રસૂરિ વિરચિત અનેકાંતવાદ પ્રવેશ પર ગુજરાતી વિવેચન લખ્યું.

ત્યારથી જ પૂજ્યશ્રીની કલમ નિરંતર ચાલતી રહી છે. અધ્યાત્મિક ગુરુ પૂ. અમરેન્દ્ર વિજયજી મ.સા.ના પુસ્તકોનું અનુવાદ અને પ્રકાશન પૂજ્યશ્રીના માર્ગદર્શનથી થઈ રહ્યું છે.

શાંત, તેજસ્વી મહોપાધ્યાયશ્રી સહજ–સરળ ને એકાંતપ્રિય છે. વિપશ્યના સાધનાના સંનિષ્ઠ અભ્યાસી અને અનુભવી છે. વૈચારિક ઉદારતાનું વલણ ધરાવતા પૂજ્યશ્રી અસાંપ્રદાયિક રહેવાનું પસંદ કરે છે. છતાં સ્વગચ્છની અનેકવિધ પ્રવૃત્તિ નિષ્ઠાપૂર્વક માધ્યસ્થ-તટસ્થવૃત્તિથી કરી રહ્યાં છે. તેમના સત્સંગમાં જિજ્ઞાસુ સાધકને શાંતિ-શીતળતાનો અનુભવ થાય છે. આનંદની અનુભૂતિ અવર્ણનીય છે.

પૂજ્યશ્રી પ્રાકૃતિક સૌંદર્યના પ્રેમી છે. કવિત્વ શક્તિ દ્વારા પ્રકટ થયેલ પુસ્તક 'ઝરણું' પૂજ્યશ્રીની કુદરત-પ્રકૃતિ સાથે તદ્દરૂપ થવાની એક અનુપમ કૃતિ છે.

પૂજ્યશ્રીએ જીવનમાં કદાચ જિનમંદિરો, ઉપાશ્રય કે ભવ્ય મહોત્સવો નહીં કરાવ્યા હોય. જિર્ણોદ્ધાર કદાચ બહુ નહીં થયા હોય. પણ વ્યક્તિઓને અંગત માર્ગદર્શન આપીને જીવનના સાચા રાહબર બની રહ્યા છે. એ વ્યક્તિ જિર્ણોદ્ધારનું મહાન કાર્ય કરી રહ્યા છે.

અનેક ગુણાલંકૃત પૂજ્યશ્રીએ સૂક્ષ્મદષ્ટિ ને જ્ઞાનદષ્ટિથી સમણસુતં ગ્રંથનો અનુવાદ ગુજરાતીમાં કરીને તત્ત્વ જિજ્ઞાસુ વર્ગ ઉપર મહાન ઉપકાર કર્યો છે. કોટી કોટી વંદના.

**'આ ગ્રંથની વિશેષતા અને ઉપયોગિતા'**

જગત પરિવર્તનશીલ છે. સમયના પ્રવાહની સાથે લોકોના જીવન-રુઢિ-ભાષા-આચાર-વિચાર બદલાઈ રહ્યા છે. માત્ર ને માત્ર એક તત્ત્વ ત્યાંનું ત્યાં જ છે નથી બદલાયું તે 'ધર્મ' છે.

ધર્મ એટલે કર્તવ્ય, આચાર સંહિતા, જીવનના માર્ગદર્શક સિદ્ધાંતો.

સંસાર પોતે જ એક બંધન છે. જીવ અનાદિકાળથી ભ્રમણ કર્યા કરે છે. આજના કાળમાં જ્યાં પુસ્તક વાંચનની અભિરૂચિ નથી રહી કારણ તેની જગ્યાએ મોબાઈલ, ટી.વી., ઈમેલ, વોટ્સએપ આવી ગયા છે. અનેક લોકો યથાર્થ સ્વરૂપને ભૂલીને આ દુનિયામાં જ રમમાણ છે.

એવા સમયે ધર્મ અને સ્વ તરફ જવા માટે દીવાદાંડી સમાન આ 'સમણસુતં' ગ્રંથ મદદરૂપ થાય છે. સરળ ભાષામાં થયેલ અનુવાદ અનેકને ઉપકારી થઈ રહ્યો છે.

૭૫૬ ગાથાઓ જેમાં રહેલી છે અને ચાર ખંડ અલગ અલગ આપીને સંક્ષિપ્ત પરિચય થઈ રહ્યો છે.

જીવનના ક્રમિક વિકાસની પ્રક્રિયાનો પરિચય બાળ જીવોને માટે આ એક સર્વ સંમત પ્રતિનિધિરૂપ ગ્રંથ છે.

સરળ અને સાદી ગુજરાતી શૈલીમાં જ સમજાવવાનો પ્રયત્ન કરાવવામાં આવ્યો છે.

આત્મતત્ત્વ-સ્વની ઓળખ બતાવતું આ નાવીન્યસભર ગ્રંથ જિજ્ઞાસુ માટે ઉપકારક છે.

પ્રેરક-સંકલનકર્તા-અનુવાદકર્તા ને પ્રણામ-ધન્યવાદ. ✷✷✷

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**શ્રીમદ્ રાજચંદ્ર કથા :**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | સી. યુ. શાહ ચેરિટિઝ |
| | હસ્તે : શ્રીમતી મીનળબેન |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ :**

| | |
|---|---|
| ૨૭૦૦૦ | સ્વ. વિરમતિ નરેન્દ્ર દલાલ |
| ૨૭૦૦૦ | સોમચંદ ચુનીલાલ અને જીવીબેન ટ્રસ્ટ |
| ૫૪૦૦૦ | કુલ રકમ |

**વિનય–યશ પરિસંવાદ**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | સોફ્ટેલ ઈન્ફ્રા પ્રા. લિ. |
| | હસ્તે શ્રી સી. કે. મહેતા સાહેબ |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૪૫૦૦ | પ્રેમકુમારી દેવચંદ ગાલા |
| ૪૫૦૦ | દેવચંદ રવજી ગાલા (એચ.યુ.એફ) |
| ૪૦૦૦ | દિનેશ દેવચંદ ગાલા |
| ૪૦૦૦ | મીના પ્રદીપ જવેરી |
| ૪૦૦૦ | પારૂલ સુનીલ પટેલ |
| ૨૧૦૦૦ | કુલ રકમ |

ઉપરોક્ત રૂા. ૨૧૦૦૦ સ્વ. દેવચંદભાઈ રવજી ગાલાની તા. ૨૦.૦૪.૨૦૧૪ના ૩૦મી પુણ્યતિથિએ હસ્તે પ્રેમકુમારી દેવચંદ ગાલા પરિવાર તરફથી.ગામ રાયણ

**શ્રીમદ્ રાજચંદ્ર કથા DVD સૌજન્ય**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)ના સ્મરણાર્થે |
| | હસ્તે શ્રીમતી ડૉ.નીતા કર્ણિક પરીખ,કર્ણિક કાંતિલાલ પરીખ, |
| | ક્રિસ્ટી કર્ણિક પરીખ |
| ૨૫૦૦૦ | કુલ રકમ |

*'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના અચાનક દુ:ખદ અવસાન નિમિત્તે પ્રાપ્ત થયેલ એમને શ્રદ્ધાંજલિ અર્પતા શોક સંદેશાઓ ગતાંકમાં પ્રગટ કર્યા હતા. બાકી રહેલા શ્રદ્ધાંજલિ સંદેશાઓ અત્રે પ્રગટ કરેલ છે...*

# સંસારી સંત ધનવંતભાઈ શાહના દિવ્ય આત્માને ભાવવંદના

**☐ ડૉ. નિરંજન રાજ્યગુરુ**

મુ. શ્રી ધનવંતભાઈ સાથેના વર્ષો જૂના સંબંધો અત્યારે આ ક્ષણે તાજાં થઈ રહ્યા છે, કેટકેટલાં સંસ્મરણો અંતરમાં ઉભરાય છે! એમનું 'આનંદ આશ્રમ' ખાતે જુદાજુદા મિત્રોને સાથે લઈને આગમન થયા કરતું, જેમાં આદરણીય કુમારપાળભાઈ જેવા સાહિત્ય સાથે સંકળાયેલા મહાનુભાવો પણ હોય અને મુંબઈ કે પરદેશના શ્રેષ્ઠિ શ્રીમંતો પણ હોય. 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' માટે રૂબરૂ નિમંત્રણ દેવા આવે, ફોનથી તો અવારનવાર મારી સાહિત્ય સંશોધન-સાધના-લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓની, આશ્રમની ગૌશાળાની ગાયોની અને મારા યોગક્ષેમની ચિંતા વ્યક્ત કરતા રહે. ઓક્ટો. ૨૦૧૪માં એમના દ્વારા અતિ સ્નેહભર્યો આદેશ થયો અને 'પ્રબુદ્ધ જીવન' માટે 'ભજનધન' લેખમાળા શરૂ કરી. કાયમ નિતનવા વિષયો પર લખવાનો એમનો તકાજો અને ઉઘરાણી પણ બરોબરની કરતા રહે.

છેલ્લે હજી હમણાં જ સોનગઢ ખાતે એમના જ દ્વારા યોજાયેલ 'જૈનસાહિત્ય સમારોહ'માં ત્રણ દિવસ સાથે રહ્યા ત્યારે પણ સતત પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં, સૌ આત્મીય સ્નેહીજનોની વારંવારની વિનંતિ છતાં મંચ ઉપર બેસીને નહીં પણ ઊભા ઊભા જ વક્તવ્ય આપે, વચ્ચે વચ્ચે ટિપ્પણી કરતા જાય એ તેમની સાહિત્ય અને જીવન પ્રત્યેની ઊંડી નિસ્બત બતાવે છે. મુ. શ્રી ધનવંતભાઈના સંસ્કૃત-ગુજરાતી ભાષાના વિદ્વાન અભ્યાસી, અધ્યાપક, સંશોધક, સાહિત્યકાર, તંત્રી-સંપાદક, નાટ્યકાર, નિબંધકાર, જૈન તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસી, વિચારક, સમાજસેવક, વિશાળ કાર્યક્રમોના સંજોયક, સંચાલક...એમ વિવિધરંગી વ્યક્તિત્વ વિશે અગણિત લોકો પોતપોતાના સ્થૂલ સંસ્મરણો આલેખતા રહેશે પણ મને લાગે છે કે એમના જીવતરના દરેક સૂક્ષ્મ, રહસ્યવાદી, ગૂઢ, ગુપ્ત સાધનાત્મક અંતરંગ પાસાં તો કાયમ અલિખિત રહેશે.

અત્યંત વિકટ કસોટીઓનો સામનો કરીને આપબળે પૂર્ણ નિષ્ઠા-શ્રદ્ધા અને નીતિ સદાચારથી મુ. ધનવંતભાઈએ શિક્ષણ અને વ્યવહારમાં પોતાનો ઉજળો કેડો કંડારી બતાવ્યો. તેમનામાં પાંચ 'વ'કાર દેખાઈ આવે. વિદ્યા, વિપુષા, વાચા, વસ્ત્રેન, વિનયેન ચ. જેઓ હંમેશાં વિદ્યાના ઉપાસક રહ્યા. કુદરતી રીતે જ આકર્ષક સૌંદર્યવાન દેહયષ્ટિ ધરાવતા હતા. સુંદર વાણીના ઉદ્‌ગાતા હતા. વસ્ત્રમાં સાદાઈ હોવા છતાં એમના વ્યક્તિત્વના વિનયને કારણે એમને પૂર્ણ વૈભવ પ્રાપ્ત થયેલો.

રાજા ભરથરીની સામે એક વિકટ પ્રશ્ન ખડો થયેલો કે સંસારમાં સંત કોણ? અને જવાબ પણ મળી ગયેલો કે 'જે પોતાના પ્રિય વચનોથી સમગ્ર સંસાર સાથે વ્યવહાર કરે છે, ત્રણે લોકનાં જીવોની પ્રસન્નતા માટે સતત પ્રયત્નશીલ રહે છે, બીજાના નાના નાના ગુણો જોઈને પણ જેના હૃદયમાં હર્ષ અને પ્રસન્નતા જાગે છે. જીવનની તમામ વિષમતાઓની વચ્ચે રહીને પણ પોતાની સુગંધથી આજુબાજુનું વાતાવરણ સુગંધિત અને દિવ્ય પ્રફુલ્લિત કરી મૂકે છે, જે ગરીબો માટે કલ્પવૃક્ષ સમાન છે, સજ્જનો માટે વાત કરવાનું ઠેકાણું છે, જે શ્રદ્ધા, નીતિ, ઉદારતા, સત્યપરાયણતા, ધીરજ અને સમર્પણ ભાવથી સદ્‌ભાવનાના ભંડાર જેવું જીવન જીવી રહ્યા છે. સરસ્વતીના જે ઉપાસક છે અને જેમના ઉપર શુભલક્ષ્મીની કૃપાદૃષ્ટિ ઉતરી છે તેવી વ્યક્તિને સંત તરીકે ઓળખાવી શકાય. સંસારમાં રહીને પણ નિર્લેપભાવે ત્યાગ અને વૈરાગ્યના આદર્શોને ચરિતાર્થ કરનારો માનવી સંત જ છે. જે સ્વપરિશ્રમથી સંપત્તિ પ્રાપ્ત તો કરે છે પણ ધન ઉપાર્જનની સ્પર્ધામાં કદી નથી પડતા. જેમનો નાતો શ્રી સાથે હોવા છતાં સરસ્વતી એમના આંગણે હંમેશાં પૂર્ણ પ્રસન્નતા અનુભવે છે તે જ સાચા સંસારી સંત.' મુ. ધનવંતભાઈનું બહુ આયામી વ્યક્તિત્વ એની સાથી પૂરે છે. શિક્ષણ, ધર્મ, સાહિત્ય, પુરાતત્ત્વ, ઇતિહાસ અને જ્ઞાન સેવા અર્થે કાયમ એમણે પોતાના શક્તિ અને સામર્થ્યનો પ્રવાહ વહેતો રાખ્યો. પછી એ કેળવણીનું ક્ષેત્ર હોય કે સાહિત્યનું, ક્યારેય વિચલિત થયા વિના સેવા કાર્યો પ્રત્યે અશ્રદ્ધા રાખ્યા વિના. કોઈપણ જાતના ફળની આશા રાખ્યા વિના કાયમ સત્કાર્યો કરતાં રહેવાની શ્રીમદ્ ભગવદ ગીતાની શીખ તેમણે આત્મસાત કરેલી. તેઓ માત્ર એક શિક્ષક, સાહિત્ય સંશોધક કે કુશળ વહીવટકર્તા જ નહોતા પણ અનેક પ્રકારની શૈક્ષણિક, સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સતત વ્યસ્ત રહેનારા સમાજસેવક પણ હતા. અહર્નિશ સમાજ ચિંતનમાં રત રહીને સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવીને પોતાની મૂકસેવાથી માતૃ અને માતૃભૂમિનું ઋણ અદા કરનારા માનવતાના ઉપાસક (શ્રી ધનવંતભાઈ પ્રત્યે જીવમાત્ર પ્રત્યે પોતાના આત્મભાવે સમાન દૃષ્ટિથી વ્યવહાર કરતા હતા. એક વિદ્યાધામના સફળ નિષ્ઠાવાન વહિવટકર્તા તરીકે પોતાના સમય, શ્રમ અને સંપત્તિનો સતત સદ્‌ઉપયોગ કરનારની આંખોમાં હંમેશાં પ્રસન્નતા અને સદ્‌ભાવ છલકાતા રહે છે. વિદ્યા વિનયથી શોભે છે અને શુભલક્ષ્મી દાનથી. બન્નેને ખુલ્લા દિલે અને ખુલ્લા હાથે વહેંચવા માટે અનેક જન્મોના પુણ્યકાર્ય જ કારણભૂત બને. જીવનમાં ભોગ અને ત્યાગનો સમન્વય બહુ ઓછા સંસારીઓમાં

સંભવે છે. મુ. ધનવંતભાઈ એવા વિરલ સંત હતા. છેલ્લે છેલ્લે અતિ નાદુરસ્ત તબિયત હોવા છતાં પોતાની માતૃસંસ્થા 'શ્રી મહાવીર ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ' ખાતે 'જૈનસાહિત્ય સમારોહ'નું આયોજન કરીને તેઓ માતૃભૂમિ અને માતૃસંસ્થાનું ઋણ ચૂકવી ગયા.

એમની વિદાયથી માત્ર જૈનસમાજને, માત્ર સાહિત્ય જગતને, માત્ર મુંબઈના સંગીત-કલા-ધર્મ-અધ્યાત્મ-સંસ્કૃતિ ક્ષેત્રને ખોટ નથી પડી, પણ સમગ્ર ભારતના તત્ત્વચિંતન, સમાજચિંતન, રાષ્ટ્રચિંતન અને સંસ્કારચિંતનના ક્ષેત્રને ક્યારેય ન પૂરી શકાય એવી ખોટ પડી છે. એમના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન કરીને મારી લેખિનીને વિરામ આપું ત્યારે પરમકૃપાળુ પરમાત્મા સામે એટલી જ યાચના કરું કે એમણે સેવેલાં અનેક અધૂરાં સ્વપ્નોને સાકાર કરવાનું બળ વિવિધ ક્ષેત્રોના એમના અનુગામીઓને મળતું રહે અને એમણે પ્રગટાવેલી સતની જ્યોત કદી યે ઝાંખી ન પડે, બલ્કે વધુ ને વધુ ઝળહળતી રહે. ✷✷✷

આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, ગૌસેવા-ગૌસંવર્ધન ગૌશાળા,
મુ. પો. ઘોઘાવદર, તા. ગોંડલ, ડિ. રાજકોટ-૩૬૦ ૩૧૧.
Phone : 02825 - 271 582, 271409. Mo. : 98243 71904
Web site : www.ramsagar.org
Email : satnirvanfoundation@gmail.com

## જેના પાંદડે પાંદડે ઉમંગ અને ધૈર્ય ભરેલા હતા

'પ્રબુદ્ધ જીવન'ની ઘટાદાર વનરાઈમાંથી એક સાહિત્ય રસિક ફુલી ફાલેલું વૃક્ષ તૂટીને ધરાશાયી થયું, જેના પાંદડે પાંદડે ઉમંગ અને ધૈર્ય ભરેલા હતા.

સ્મૃતિ વિશેષાંકના પાને પાને ધનુભાઈને જે ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી તે બદલ 'પ્રબુદ્ધ જીવન'ના સન્માનીય સંચાલકશ્રીઓને ખૂબ ધન્યવાદ.

એમના દિલના હર ખૂણામાં આશ્રમની સોનેરી યાદો હરહંમેશ તાજી હતી. જેમ સાહિત્ય એમની સાથે જોડાયેલું હતું તેમ શિક્ષાભૂમિ સદંતર એમના જીવનમાં પસરેલી હતી.

હવે તેઓ નથી એ કલ્પના કરતા ધ્રુજારી અનુભવું છું. એ હર હંમેશ સોનગઢ આશ્રમની ક્ષિતિજમાં રોજ રાતે તારા રૂપે પ્રકાશમાન હશે અને તેમના ગુરુજનો સ્વ. દુલેરાય કારાણી તથા સ્વતંત્ર સેનાની વિદ્યાદાતા સ્વ. કલ્યાચંદ્રજી બાપા પાસે બેસી સંસ્થાની પ્રગતિની વાતો કરતા હશે.

સંસ્થા જીવનભર તેમની યાદને તાજી રાખશે. તેમના પરિવારજનો, મિત્રોને હાર્દિક સહાનુભૂતિ અર્પણ કરું છું. પ્રભુ તેમને બીજો જન્મ સોનગઢની સોનેરી વિદ્યાભૂમિ પર બક્ષે તેવી પ્રાર્થના.

□ ટ્રસ્ટી જનસેવા ફાઉન્ડેશન પુના
ટ્રસ્ટી કલ્યાણ રત્નાશ્રમ સોનગઢ, સૌરાષ્ટ

## ધનવંતભાઈ : લીલુંછમ હૃદય હતું જેમનું

મને લીલી શાહીથી પત્ર લખનાર બે સુહૃદ સજ્જનો હતા– 'નવચેતન'ના પૂર્વ તંત્રી શ્રી ચાંપશીભાઈ ઉદેશી અને 'પ્રબુદ્ધ જીવન'ના પૂર્વતંત્રી શ્રી ધનવંતભાઈ શાહ. સન ૨૦૦૭થી મને ધનવંતભાઈનો પરિચય હતો. એમણે મને એમની કૃતિ 'રાજવી કવિ કલાપી' આપી. પહેલા પાને લીલી શાહીથી લખ્યું હતું-

'આ ઘટનાત્મક ચિંતન આપના ચિત્તને
આનંદ આપશે એવી ભાવના સાથે–'

ધનવંતભાઈનો પહેલો પત્ર તા. ૫-૧૦-૨૦૦૭નો હતો. મેં 'પ્રબુદ્ધ જીવન' માટે લેખ મોકલ્યો હતો, તેનો પ્રતિભાવ હતો: 'લેખ ખૂબ ગમ્યો છે. અભિનંદન. લખતા રહેજો. જરૂર લખતા રહેજો'. ધનવંતભાઈએ મારી લેખન-રુચિની વાટને હંમેશાં સંકોરી છે. એને પ્રકાશિત રાખી છે.

૨૦૦૯માં અમદાવાદ મુકામે 'કુષ્ઠસેવા' સામયિકનો ત્રિદશાબ્દી વિશેષાંક બહાર પડ્યો ત્યારે અમે સંપાદકોએ નક્કી કર્યું હતું કે અંક ધનવંતભાઈને અર્પણ કરવો. મેં ધનવંતભાઈને પત્ર લખ્યો. ફોન કર્યો. એમણે ઈન્કાર કર્યો. કંઈક વ્યસ્ત પણ હતા. હું બરાબર પાછળ પડ્યો. છેવટે પ્રેમાગ્રહને વશ થઈ એમણે આમંત્રણ સ્વીકાર્યું. વિશેષાંક માટે એમણે 'શબ્દો અને સેવાની ઝાલર' શીર્ષકથી પ્રાસ્તાવિક લેખ પણ મોકલી આપ્યો. ઔપચારિકતા પ્રમાણે એમને ટ્રેનમાં આવવા-જવાના ખર્ચની તેમજ પુરસ્કાર વગેરે આપવાની વ્યવસ્થા થઈ હતી, પણ ધનવંતભાઈએ તેનો સ્વીકાર ન કર્યો. અમદાવાદમાં એમના ઉતારાની અને ત્યાંથી કાર્યક્રમના સ્થળે આવવા-જવાની સુવિધા પણ ન સ્વીકારી. એમના સંબંધીને ત્યાં ઊતર્યા હતા. કાર્યક્રમમાં ધનવંતભાઇએ મનનીય પ્રવચન આપ્યું હતું.

ફોન કરવામાં, પત્ર લખવામાં કે લેખ મોકલવામાં મારાથી વિલંબ થયા તો ધનવંતભાઈ સામેથી મને ફોન કરે. એમનું પહેલું જ વાક્ય હોય: 'શાંતિભાઈ, કેમ છો તમે?' હું એમને હસતાં હસતાં કહું કે તમારું આ વાક્ય સાંભળવાનું બહુ ગમે છે.

ધનવંતભાઈ સાહિત્ય, ધર્મ, કલા અને અધ્યાત્મના યાત્રી હતા. વળી સમાજનિસબત ધરાવતા સંસ્કારમૂર્તિ હતા. એમના લીલા અક્ષર જેવું જ લીલુંછમ હૃદય હતું એમનું. અસ્તુ

□ શાંતિલાલ ગઢિયા
એ-૬, ગુરુકૃપા સોસાયટી, ઈન્દ્રપુરી પાછળ,
હરણી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૬.

### જરૂરી ખુલાસો

આ અંકમાં સ્થળસંકોચને કારણે કેટલાક અવસરોના અહેવાલ તથા દર અંકે પ્રગટ થતા કાયમી સ્થંભો પ્રગટ કરી શકાય નથી જેની નોંધ લેવા વિનંતી. જે હવે પછી પ્રગટ કરવામાં આવશે..

## અમારી આત્મીયતા

ડૉ. ધનવંતભાઈ શાહ વિષે અમારી આત્મીયતાના મધુર સંસ્મરણો વિષે થોડું કહું તો તે આવા છે.

મુંબઈની ચર્ચગેટ 'સી' ફેઈસ ઉપરની યુનિવર્સિટી હૉસ્ટેલમાં ૧૯૬૧-૧૯૬૩ દરમ્યાન બે વર્ષ માટે હું મનુભાઈ દોશી, ધનવંત અને ભરત ઠક્કર ત્રણેય સાથે રહ્યાં. ધનવંતનો સાહિત્યનો જબરદસ્ત શોખ. ભરત હૉસ્ટેલનો હેમંતકુમાર ગણાય. તે સરસ ગાયક હતો અને હું શેર-શાયરી અને ગઝલોમાં ખોવાયેલો રહેતો. તે બે વર્ષ દરમ્યાન નટરાજ હોટેલની સામેની પાળી ઉપર દરિયાકાંઠે તેમજ ચોપાટીની રેતમાં ઘણી મધુર સાંજ ગાળી છે. ધનવંતની સર્જકતા અને નાટ્ય લેખનમાં તેની કલાનો કસબ ખીલતો જતો હતો અને બંને પરસ્પરના સાહિત્ય શોખમાં એ તેની ચર્ચાઓમાં કલાકો વિતાવતા હતા. તે બધી મીઠી યાદ સાથે બે વર્ષ પછી છૂટા પડ્યા ત્યારે કબીર સાહેબનો આ દુહો અમને ત્રણેને બરાબર લાગુ પડ્યો.

'પત્તા ટૂટા ડારસે લે ગઈ પવન ઊડાય,
અબકે બિછડે કબ મિલે દૂર કહાં તક જાય.'

હું તેની સર્જકતા, મેનેજમેન્ટની શક્તિ અને આત્મભિમુખતા-વાળી તેની સંવેદનાથી પ્રભાવિત થયો. જ્યારે તે મારી અંતરમુખતાનો પ્રશંસક હતો.

**❑ પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી મનુભાઈ દોશી**

## શ્રદ્ધાંજલિ–સમવેદના સાથે

સ્વ. શ્રી ધનવંતભાઈ શાહ! તમોને ધર્મલાભપૂર્વક આ મારી સંવેદના પાઠવું છું. તમારા નામની આગળ 'સ્વ.' લખતાં હાથ નથી ચાલતો..પણ આ હકીકત છે.

સોનગઢ મુકામે ચારિત્ર-કલ્યાણ રત્નાશ્રમમાં ૨૩મા જૈન સાહિત્ય-સમારોહમાં તમો ઉપસ્થિત હતા... અને ત્યારે તમો કાંઈક અસ્વસ્થ પણ થયા હતા. છતાં તમે બધું જ નિર્વિઘ્ને પાર પાડી દીધું. આ દૃશ્ય હજી આંખ સામે છે. ત્યારે જ તમારા ચિર વિદાયના દુઃખદ સમાચાર સાંભળ્યા.

તમને તે સમયે પણ 'પ્રબુદ્ધ જીવન'નું સુકાની પદ કોણ સંભાળશે તેની ચિંતા હતી અને તમે તમારી હાજરીમાં જ ડૉ. સેજલબેન શાહને યોગ્ય ગણી અધિકાર સોંપતા ગયા આ ઘટના મારી દૃષ્ટિએ કોઈ સાધારણ બીના નથી. તમારી નિષ્ઠા મરણોત્તર પછી પણ અકબંધ રહેશે. અને તમારી 'પ્રબુદ્ધ જીવન'ને આપેલી સેવા સદા સ્મરણીય રહેશે. તમારા પ્રતિ આ બે શબ્દો શ્રદ્ધાંજલિ સમજશો.

ભગવદ્ ગીતામાં આવતી પંક્તિ 'ન મ્રિયતે' સાચે જ સાર્થક છે.

બસ આટલું જ.

**❑ પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય**

## હૃદયમાં જીવંત રહેનારા વિદાય લેતાં જ નથી!!!

પર્યુષણ વ્યાખ્યાનમાળાને કારણે ધનવંતભાઈ સાથે વર્ષોનો પરિચય. અત્યંત સરળ અને પ્રેમાળ વ્યક્તિત્વ. આદરપૂર્વક અને સૌજન્યતાથી વાતચીત કરવાની આવડત એમને સિદ્ધહસ્ત. ગમે એટલી વ્યસ્તતા હોય પણ ધનવંતભાઈએ ચીંધેલું કાર્ય કરવાનું અચૂક ગમે!

થોડા વખત પર વેકેશન માણવા બેંગલોર જવાનું થયું અને ધનવંતભાઈનો ફોન આવ્યો કે બેન 'પ્રબુદ્ધ જીવન'નું આટલું કામ કરવાનું છે. થશે? જરા અસમંજસ ઉદ્ભવી કારણ એ સમય તો પોત્ર-પૌત્રી માટે ફાળવેલ હતો. પણ તરત સમાધાન મળી ગયું. રાત્રે જાગીને કે વહેલી સવારે પણ કામ તો કરી જ શકાય ને! અને ખરેખર સરસ રીતે કામ પાર પડ્યું. ધનવંતભાઈના ખાસ આભાર માનતા આત્મીય શબ્દો હજી આજે પણ કાનમાં ગુંજે છે.

શું ખરેખર ધનવંતભાઈ આપણી વચ્ચે નથી!! જે વ્યક્તિ અનેકના હૃદયમાં જીવંત છે એ ખરેખર જઈ શકે? ના...તેઓ હંમેશાં આપણી સાથે જ હતાં, છે અને રહેશે.

એમણે આદરેલા કાર્યો યથાવત્ ચાલુ રહે એ માટે આપણે સૌ પ્રયત્નશીલ રહી એમને ખરા અર્થમાં જીવંત રાખીએ એ જ અંતરની અભિલાષા...

**❑ કીર્તિદા દલાલ**

## સાધુચરિત પુરુષો મરીને પણ અમર બની જાય છે

જૈન સમાજમાં અગ્રહરોળમાં સ્થાન પામેલા એવા શિક્ષણપ્રેમી, સમાજસુધારક, જૈનધર્મનો પ્રચાર-પ્રસાર કરાવનાર એવા જીવદયા-પ્રેમી તેમજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના રાહબર ડૉ. ધનવંતભાઈ શાહ અરિહંતશરણ થયાના સમાચાર જાણ્યા.

સત્કર્મોની સુવાસથી જેઓ જન-જનના હૃદયમાં કાયમી વસવાટ પામે છે તેવા સજ્જનો–સાધુચરિત મહાનુભાવો મરીને પણ અમર બની જતા હોય છે. આવું અમરત્વ પામનાર જીવાત્મા માટે શોક અનુભવવાનો તો કોઈ અર્થ જ નથી છતાં તેમની ગેરહાજરીથી અંતરમાં એક અકથ્ય ખાલીપો જરૂર અનુભવાય.

અમારી શિક્ષણ સંસ્થા લોકવિદ્યાલય-વાલુકડ સાથે પણ તેમનું જીવંત જોડાણ હતું. પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે એકત્ર થયેલ દાનભંડોળ એક વર્ષ માટે અમારી સંસ્થાને ફાળવવામાં આવ્યું હતું.

સ્વ. ડૉ. ધનવંતભાઈ જીવનના અંતિમ શ્વાસ સુધી માનવસેવાના કાર્યોમાં જોડાઈ રહ્યા એવા પુણ્યશાળી આત્માને તો જીવતે જીવજ મોક્ષ મળી જાય છે. જીવન દરમિયાન સત્કાર્યો કરી, ધર્મલાભ કમાવો એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ છે.

**❑ મેનેજીંગ ટ્રસ્ટી**
લોક વિદ્યાલય-વાળુકડ

## મુંબઈના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ડૉ. ધનવંત શાહની અણધારી વિદાય...

પાંચમી જાન્યુઆરી, ૧૯૪૦ના સૌરાષ્ટ્રના ભાવનગરમાં જન્મેલા ધનવંતભાઈનું બાળપણ ભાવનગરમાં અને પ્રાથમિક અભ્યાસ શ્રી મહાવીર કલ્યાણ ચરિત્ર રત્નાશ્રમ સોનગઢમાં, ઉચ્ચ અભ્યાસ મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ., ગુજરાતી, સંસ્કૃત અને એમ.એ. ગુજરાતી ભાષાશાસ્ત્ર સાથે અને મહાકવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન ઉપર શોધ-નિબંધ રચી પીએચ.ડી. કર્યું. મુંબઈની જ સિડનહામ કૉલેજમાં ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક બન્યા, મુંબઈ યુનિવર્સિટી અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના મેમ્બર ઓફ બોર્ડ ઓફ ટ્રસ્ટી તરીકે સેવા આપી.

રોટરી કલબ ઑફ મુંબઈમાં સેવા આપી ફાર્બસ ગુજરાતી સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, જૈન સાહિત્ય સમારોહ, સમગ્ર ગુજરાતી સમાજ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં મહામંત્રી તરીકે સેવા આપી અને સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી રહ્યા. તેમની રાહબરી નીચે 'પ્રબુદ્ધ જીવન' નવા સ્વરૂપે અને ઉચ્ચ માનવીય મૂલ્યોને સ્પર્શતા વિષયો સાથે એક ઊંચાઈ પર પહોંચ્યું. તેમના તંત્રી લેખમાં હંમેશાં સામાજિક ઉત્કર્ષ અને જીવ માત્ર પ્રત્યેની તેમની કલ્યાણ ભાવના પ્રગટ થતી....

૪ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ કલાપીનગર લાઠીમાં પૂજ્ય મોરારિબાપુના શુભ હસ્તે તેમનું ભવ્ય સન્માન થયું હતું અને 'રાજવી કવિ કલાપી' એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા....

શ્રી મહાવીર ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં બાળપણથી જ સાહિત્ય અને સંસ્કારનું ઊંડું સિંચન થયું પરિણામે ધનવંતભાઈનું વ્યક્તિત્વ અલગ જ રીતે ખીલી ઊઠ્યું. માનવીય સંબંધો, ઉચ્ચ આદર્શ સાથે મુંબઈની ઘણી સામાજિક, શૈક્ષણિક સંસ્થામાં સેવાઓ આપી. જૈન તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસને કારણે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વિચાર, વૈવિધ્ય સાથેનું ભવ્ય આયોજન, જૈન કથાઓ, અને જૈન સાહિત્ય સંમેલનમાં સંયોજક તરીકે ખૂબ ગરિમાપૂર્ણ કાર્ય કર્યું!! ખુદ્દારી, ખુમારી અને ખાનદાની, તેમના જીવનના મુખ્ય સિદ્ધાંતો હતા. સમય, સંજોગ અને પરિસ્થિતિ સામે ક્યારેય હાર નહિ માનનારા ધનવંતભાઈ બહુ આકર્ષક વ્યક્તિત્વના માલિક હતા. તેઓ એકદમ હર્યુંભર્યું જીવન જીવ્યા અને અંત સુધી પ્રવૃત્તિમય રહી દુનિયાને અલવિદા કરી ગયા!! ગુજરાતી નાટ્યક્ષેત્રે પ્રયોગાત્મક નાટક આપનાર એક માતબર સર્જક ગુમાવ્યા છે તો શ્રી મુંબઈ જૈન યુવક સંઘે એક એવા સંનિષ્ઠ મહામંત્રી ગુમાવ્યા છે જેની ખોટ ભરપાઈ નહિ થઈ શકે!! એવું જણાવીને યુવક સંઘના ઉપપ્રમુખશ્રી નિતીનભાઈ સોનાવાલાએ બહુ ઊંડા શોકની લાગણી વ્યક્તિ કરી હતી.

પ્યારું ત્યજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર!
ધોવાય યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!
જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની!
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની! –કલાપી

❑ **શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ**

## સરસ્વતી પુત્ર શ્રી ધનવંતભાઈને સો સો સલામ !

જૈન ધર્મ સમાજનો ચળકતો સિતારો ખરી પડ્યો. જેણે પોતાના જ્ઞાનની પરબ માંડી હતી અને તે પરબ પર આવેલો માણસ પોતાની શક્તિ પ્રમાણે કંઈક મેળવીને પોતાની તૃષા જરૂર છીપાવતો, એવા જ્ઞાની, શાંત, ગંભીર છતાં આનંદી એવા ધનવંતભાઈની જૈન સમાજને ખોટ પડી છે.

અમે સોનગઢ સ્કૂલમાં સાથે ભણેલા. સોનગઢ ગામમાં ત્યારે દેરાસર ન હતું. પર્યુષણમાં બધી જ ધાર્મિક પ્રવૃત્તિ આશ્રમમાં સાથે થતાં અમે ઘણી વખત બાળપણના સંસ્મરણો વાગોળતા.

પાલીતાણા ભગિની મંડળને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રૂા. ૨૪ લાખનું દાન અપાવી (વૃદ્ધાશ્રમ) દીકરીનું ઘર બનાવવામાં પહેલ કરી. અમે તેમના અને યુવક સંઘના ઋણી છીએ. હજુ તા. ૨ના તેઓ ભાવનગર હૉસ્પિટલમાંથી સીધા પાલીતાણા આવ્યા. શ્રી વસંતભાઈના સ્વર્ગવાસથી તેમને ઘણો આઘાત લાગેલ. તેમણે મને કહ્યું કે જન્મ અને મૃત્યુ એ તો કુદરતનો ક્રમ છે. જ્યારે મારાથી બોલી જવાયું કે પણ આમ કેમ બને? અને ફરી આજે ધનવંતભાઈના સમાચાર સાંભળી મારા મનમાં આજ પ્રશ્ન થયો કે આમ કેમ બને?

પોતાની નાજુક તબિયતમાં બે કલાક બેઠા અને છેલ્લે કહ્યું કે, માણ્યું તેનું સ્મરણ કરવું.' અને આવતા અંકમાં વસંતભાઈને શ્રદ્ધાંજલિ આપીશું. મને શું ખબર આ જ શબ્દો ધનવંતભાઈ માટે આપણને સૌને શ્રદ્ધાંજલિ રૂપે લખવા પડશે.

કર્મનિષ્ઠ ધનવંતભાઈ જીંદગીની છેલ્લી પળ સુધી કાર્યરત રહ્યા અને કામ કરતા કરતા સફર પૂર્ણ કરી. પવિત્ર અને પરોપકારી ધનવંતભાઈનું સ્થાન આપણાં હૃદયમાં હંમેશાં રહેશે. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે. ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

❑ **કુંદનબેન વસંતભાઈ શેઠ**-પાલીતાણા
ગામ બાકઠીયા, (કચ્છ-વાગડ) મો. 98207 32903

## આ પ્રભાવિત વ્યક્તિને કેમ ભુલાય ?

વિચાર જરા પણ ન આવે કે ધનવંત નથી. તમોએ તો રમણભાઈ, પરમાણંદભાઈ, ચીમનભાઈની ખોટ પ્રકાશિત ન થવા દીધી. એવું કાર્ય કર્યું કે જીવનભર તમારી યાદ અચૂક રહે. પણ તમારી ખોટ તો બધાને પડી છે. કલ્પના પણ ન કરી શકાય તેવો આ સિતારો જીવનની જ્યોત સમાન મૂકી જશે. આજે આ પ્રભાવિત વ્યક્તિને કેમ ભુલાય?

❑ **ભારતી મહાસુખ મહેતા**

## વિરોધ અને વિરોધીને પણ સમાવવાની કળા

'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમે પરોક્ષપણે ધનવંતભાઈનો પરિચય. માર્ચના 'પ્રબુદ્ધ જીવન'માં એમના દેહાંતના સમાચાર સાંભળી આઘાત લાગ્યો. દરેક વર્ગ અને દરેક સમાજને સાથે લઈને, વિરોધ અને વિરોધીને પણ સમાવવાની કળા એમને સહજ સાધ્ય હતી. છતાં આયુષ્યના કાળ ખંડને કોણ સમજી શકે? જન્મ-મરણના અવિરત ચક્ર થોડી વિશ્રાંતિ માનવ જન્મમાં લઈ હવે ચિરકાળે એમનો આત્મા શાંતિ પામે.

☐ આ. રત્નચન્દ્રસૂરિ મ.

## સ્વર્ગ સમૃદ્ધ બન્યું ને વસુંધરા બની રંક !

ભગવતી મા સરસ્વતીના કીર્તિ મંદિરને જેમણે પોતાની જ્યોતિર્મય કલમ તરીકે સર્જન, સંપાદન અને સમીક્ષા વડે વિભૂષિત કર્યું એવા સંસ્કાર પુરુષ અને સૌના કલ્યાણમિત્ર.

શ્રી ધનવંતભાઈ શાહની ચિર વિદાયથી સ્વર્ગ એટલું સમૃદ્ધ બન્યું છે અને આ વસુંધરા એટલી રંક બની છે..!

દિવંગતની દિવ્ય ચેતનાને અમારા કોટિ-કોટિ વંદન. સાથે...

ગુમાવ્યો છે આપણે વાત્સલ્યભીનો સંગાથ

રહેશે સદાય અમર દિવ્ય સ્મૃતિઓનો રસથાળ...!

☐ પ્રા. ધીરેન્દ્ર રેલિયા
☐ સુધા રેલિયા

## દીવાદાંડી કે ધ્રૂવતારક સાથે સરખાવો તો પણ ઓછું !

માર્ચ-૨૦૧૬નો અંક નિયમિત હંમેશની જેમ મળેલો.

છેલ્લું પાનું-પૂરો લેખ વાંચ્યો ને જોઇએ તો ખરા તંત્રી લેખ? પણ ઉઘાડતાં જ શું આ દિવાસ્વપ્ન, હકીકત કે? અનેક વિચારો ઉભરાયા. ધનવંત તિ. શાહ-તંત્રી. હવે સ્મૃતિ શેષ! દૈહિક થકી સાથ છોડી ગયા, ...ખરી પડ્યો...કેવું વિરલ, સહજ, આત્મીય.. જલકમલવત્ જીવન 'જીવી' ગયા, આપણા વચ્ચેથી! પત્રાચાર સામાન્ય હોય, ગ્રીન કલરથી લખાયેલો પત્ર, હું સાક્ષી છું.

શબ્દો, કથન કઈ રીતે વર્ણવું? દુઃખ, વેદના, આઘાત ને તેની અસર રહેવાની જ, ભાવુક જગતમાં. હું તો થોડાંક વર્ષોથી જ પણ તાદાત્મ્યભાવ ભાવ-પ્રતિભાવ કે લેખક અન્ય સાથેનો એક વિશિષ્ટ જ હતો. હું તો દીવાદાંડી કે ધ્રૂવતારક સાથે સરખાવું તો પણ ઓછું. પડે!

☐ દામોદર ફૂ. નાગર 'જૂગનું'
ઊમરેઠ, જિ. આણંદ

## 'પ્રબુદ્ધ' તંત્રીની અણધારી વિદાય

જૈન ધર્મ, સાહિત્ય તથા નાટકોમાં અપાર રુચિ ધરાવતા ડૉ. ધનવંતભાઈ શાહની સહૃદયતાનો જૈન સાહિત્ય સંમેલનમાં પરિચય થયો. આમ પણ જૈન પત્રકારત્વના નાતે ઘણી વાર અનેક વિષયો–પ્રણાલી હોય કે સાહિત્ય સર્જન હોય, ચર્ચાઓ થતી. ખૂબ ઉદ્દામ અને ઋજુ વ્યક્તિત્વના આ માલિક વ્યવસાયે ઈન્ડસ્ટ્રીયલ કેમિકલની ઉત્પાદક કંપનીના મેનેજિંગ ડિરેક્ટર હતા.

તેમના આકસ્મિક અવસાનથી સાહિત્ય જગતને, જૈન ધર્મને એક વિદ્વાન પ્રતિભાની ખોટ પડી છે. માળો બાંધીને બેઠેલા માનવી મેળો સર્જીને ગયા એટલે સદાય સહુના હૈયે જીવંત જ રહેશે.

☐ સંધ્યા શાહ

## જૈન સમાજને મોટી ખોટ આવી પડી છે

આપણા સૌના લાડીલા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હાર્દ સમા, સૌના મિત્ર, સ્વભાવે ફૂલથી પણ કોમળ, વ્યવહાર કુશળ, આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા આપણને સૌને ૨૮-૨-૨૦૧૬ના રોજ આપણાંથી વિખુટા પડી અંતિમ યાત્રાએ ચાલ્યા ગયા.

તેઓશ્રી વિખ્યાત સાહિત્યકાર અને નાટ્યકાર તદઉપરાંત તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

શ્રી જૈન સમાજને ડૉ. શ્રી ધનવંતભાઈ શાહની અણધારી વિદાયથી મોટી ખોટ આવી પડી છે.

☐ શશિકાંત એમ. દોશી
વિલેપાર્લા, મુંબઈ.
M : 9930466686

## શ્રદ્ધાંજલિ

*જેમની આંખોમાંથી નિત્ય વહેતી અમીરસ ધાર,*
*જેમના જીવનમાં હતા શ્રમ અને ધર્મના સંસ્કાર*
*સાદગી અને શ્રાવકધર્મ હતા જેમના અલંકાર*
*જીવદયા અને કરુણા હતા જેમના રોજેરોજ તહેવાર*
*અનંતા કરોડ રહ્યા છે જેમના મારા પર ઉપકાર*
*એવા સ્વર્ગસ્થ ધનવંતભાઈ શાહને મારી શ્રદ્ધાંજલિ.*

*મનને મનાવી લીધું, આવનાર દિન સુધારી લીધું*
*આવનારી પ્રત્યેક પળ, ધનવંતે જાણી અમૂલી*
*સાવધ થઈ કર્યું નિર્બંધકર્મ આવરદા પૂરી સમૂલી*
*જીવનને ધન્ય લીધું, આવતો પરભવ સુધારી લીધું.*

☐ કાનજી જે. મહેશ્વરી
'રિખીયો'

## આયોજનદક્ષ ધનવંતભાઈ

ધનવંતભાઈને મેં સૌ પ્રથમ જોયા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે યોજાતા સાહિત્ય સમારોહમાં. એ સમયે સમારોહનું સંયોજન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળતા. પણ નિબંધ વાંચનની બેઠકોમાં રમણભાઈ સંચાલન ધનવંતભાઈને સોંપતા. ગોરો વાન, આકર્ષક તેજસ્વી મુખમુદ્રા અને સમગ્ર વ્યક્તિત્વમાંથી ઝળકતાં સૌજન્ય, સાલસતા અને સરળતા. ત્યારે એવી કલ્પના તો ક્યાંથી હોય કે તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ સંદર્ભે રમણભાઈ પછીના સવાયા વારસદાર બની રહેશે! સંઘનું મુખ્ય મંત્રીપદ સંભાળવા સાથે 'પ્રબુદ્ધ જીવન'ના માનદ્ તંત્રી તરીકે, પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજક તરીકે, સંઘની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓના સંવર્ધક તરીકે પોતાનું સમગ્ર હીર રેડીને એમણે રમણભાઈની ખોટને ભરપાઈ કરી આપી છે.

ધનવંતભાઈનું ગુજરાતી સાહિત્યના સંન્નિષ્ઠ અભ્યાસી, અધ્યાપક, વિવેચક, નાટ્યસર્જક તરીકે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે, પણ એની વાત અહીં લંબાણ ભયે કરવી નથી. સંઘ અને સાહિત્ય સમારોહ સંદર્ભે જ એમનું સ્મરણ અહીં પ્રસ્તુત છે.

'પ્રબુદ્ધ જીવન' સામયિકની એમણે બહિરંગ અને અંતરંગ બન્ને પ્રકારે કાયાપલટ કરી છે. બહુરંગી ટાઈટલ, વધારેલી પૃષ્ઠસંખ્યા, પંથે પંથે પાથેય વિભાગ, અંગ્રેજી લેખ સામગ્રી, ચિત્રકથાઓ, 'ભાવ-પ્રતિભાવ' દ્વારા વાચકવર્ગની સામેલગિરી, 'કાલ-આજ-કાલ' વિભાગ–ક્રમશઃ થયેલાં આ પરિવર્તનો પ્રથમ નજરે જ પરખાઈ આવે. પણ ધનવંતભાઈની મોટી સિદ્ધિ તો ગણાશે એમણે શરૂ કરેલો વિશેષાંકોનો સિલસિલો.

પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખપદે રહી કુશળ સંચાલન તો ખરું જ, પણ ધનવંતભાઈ આ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને જાણે કે વિસ્તારતા હોય એમ એમણે ત્રિદિવસીય શ્રાવ્ય કથાશ્રેણીની નવી પરંપરા ઊભી કરી. પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ ઘનિષ્ઠ અભ્યાસપૂર્ણ રસાળ અભિવ્યક્તિવાળી મહાવીર કથાથી લઈને હેમચંદ્રાચાર્ય કથા સુધીની છએક કથાઓ પ્રસ્તુત કરી મુંબઈના જૈન શ્રોતાવર્ગને ભક્તિરસમાં તરબોળ કર્યા. કથાઓની આ પરિકલ્પના અને આયોજન ધનવંતભાઈને આભારી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વેબસાઈટ ઉપર પ્રસારણ, વક્તાઓની સી.ડી., કથાશ્રેણીની સી.ડી.–ડી.વી.ડી. 'પ્રબુદ્ધ જીવન'ના તમામ અંકોનું ડીજીટલાઈઝેશન–આ બધાં આયોજનોમાં એમની કાર્યદક્ષતા પ્રતિબિંબિત થતી જોઈ શકાશે.

આ બધી પ્રવૃત્તિઓના સંચાલનમાં કે અન્યત્ર પણ–મેં કદી ધનવંતભાઈને ગુસ્સે થતા, કોઈની સાથે ઊંચે અવાજે વાત કરતા જોયા નથી, તો કોઈને મુખે એમને વિશે વિપરીત ટીકા-ટીપ્પણી થતી પણ સાંભળી નથી. સહુના તે પ્રીતિપાત્ર હતા. સાચે જ તેઓ અજાતશત્રુની જિંદગી જીવી ગયા.

એમના સંસ્મરણો તો ઘણાં છે, પણ હૃદયથી ભાવાંજલિ અર્પીને અહીં જ અટકું.


**☐ ડૉ. કાન્તિભાઈ બી. શાહ**

એ/૪૦૨, સત્ત્વ ફ્લેટ્સ, જયભિખ્ખુ માર્ગ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

મો. : ૦૯૪૨૯૦૬૪૧૪૧


## એ યાદગાર દિવસો કાયમી જીવંત રહેશે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે મારો કોઈ જૂનો પુરાણો પરિચય નથી પરંતુ વર્ષોથી સાવરકુંડલામાં સ્થાયી થયેલા આદરણીય મુ. શ્રી સદ્ગુણા મહારાજશ્રીની સાથે રહેતા આદરણીય મુનિ શ્રી કીર્તિ મહારાજશ્રીની સાથે અવારનવાર આદરણીય મુ. શ્રી લલ્લુભાઈ શેઠના સાન્નિધ્યમાં ખાદી કાર્યાલય સાવરકુંડલામાં પ્રસંગોપાત વાતચીત થતા બાદ આદરણીય મુ. ડૉ. શ્રી ધનવંતભાઈ તેઓશ્રીના મોટા ભાઈ થતા તે ખ્યાલ હતો.

લોક સેવક સંઘ ગઢડાની સ્થાપના વર્ષ ૨૦૦૩-૦૪માં થઈ. નવી સંસ્થા હતી. આર્થિક સહારાની જરૂર હતી. મુંબઈમાં વાલકેશ્વરમાં રહેતા આદરણીય મુ. શ્રી રસિલાબેન એમ. ઝવેરી તથા મુ. શ્રી યાત્રિકભાઈ ઝવેરીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૬-૦૭ ની વ્યાખ્યાનમાળામાં સર્વે વડીલોની મુલાકાત કરી, સંબંધોની શરૂઆત થઈ. અમારી પ્રવૃત્તિઓની પત્રિકા દ્વારા સૌને જાણકારી થાય અને સંબંધો ગાઢ બને તે હેતુસર દર વર્ષે વ્યાખ્યાનમાળામાં ૩-૪ દિવસ હાજરી આપું. પ્રથમ મુલાકાતથી મુ. આદરણીય શ્રી ડૉ. ધનવંતભાઈ શાહનો હસમુખો ચહેરો, મીઠો આવકાર, હું તમને શું મદદ કરી શકું? અગવડતા કે મુશ્કેલી નથી ને? કેમ છે બધા? સૌની ખબર પુછે. દિન પ્રતિદિન સંબંધો ગાઢ થયા, વિકસતા ગયા અને અમારી સંસ્થાની ગ્રામ્ય વિસ્તારની લોક ઉપયોગી સદ્પ્રવૃત્તિઓને વિકસાવવા વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષની વ્યાખ્યાનમાળાનો આર્થિક સહયોગ અમોને આપવાનો સૌએ સર્વાનુમતે નિર્ણય કર્યો. આપ સૌ અમારે ત્યાં નિયત કરેલ તારીખે પધાર્યા. ૨ દિવસ રહ્યા અમોને પીઠ થાબડી અમારી પ્રવૃત્તિને વિકસાવવા પ્રોત્સાહિત કર્યા. તે યાદગાર દિવસો કાયમી જીવંત રહેશે. આ સંબંધ કાયમી જળવાઈ રહે તેવા હેતુસર ભવિષ્યમાં પણ સંઘની સદ્પ્રવૃત્તિઓ વિકસતી રહે તેવી અભ્યર્થના.


**☐ કાંતિભાઈ પટેલ**

મેનેજીંગ ટ્રસ્ટી લોક સેવક સંઘ

## તેમની વાતોના આનંદમાં મન છલકાઈ જતું !

દીપક બૂઝાતા બૂઝાતા રહી ગયો, કારણ! સોનગઢ રત્નાશ્રમમાં, કેટલાંય દિવસોના અથાગ પરિશ્રમ પછી યોજેલ, જૈન સાહિત્ય સમારોહ બાકી હતો. બધાએ આશા છોડી દીધી હતી પણ! પોતાનું કાર્ય પૂરું કરવાની અંદરની ધગશે ધનવંતભાઈને સારા કર્યા. સત્રના ચાર દિવસ ખૂબ જ સહજ રીતે વર્તી બધાને પ્રોત્સાહન આપતા. છેલ્લે દિવસે તો એટલા આનંદમાં હતા કે બધા કાર્યકર્તાઓને સ્ટેજ પર બોલાવી તેમના કાર્યની કદર કરી હતી.

ધનવંતભાઈ સાથે થોડી વાત કરો તો તમારામાં પણ ઉત્સાહ અને કંઈક કરવાની પ્રેરણા જાગે. તેમનું આટલું વ્યસ્ત જીવન હોવા છતાં રશ્મિભાઈ ઝવેરીની તબિયત સારી ન હતી ત્યારે બે ત્રણ વખત દવાનો સાત્ત્વિક ડોઝ આપવા આવ્યા હતા. સાથે સ્મિતાબેન પણ આવ્યા હતા. એટલી સહજતાથી બન્ને જણ વાતો કરતા કે તબિયત સારી નથી એમ લાગે જ નહિ. તેમની વાતોના આનંદમાં મન છલકાઈ જતું. એમને ખુલ્લા આકાશ નીચે આવેલી અમારી અગાશીની સુંદર ફૂલોની કયારીઓ વચ્ચે બેસી વાતો કરવી ગમતી.

એકવાર ધનવંતભાઈનો ફોન આવ્યો કે તમારે ગણધરવાદ પર લખવાનું છે. એમણે કહ્યું. આ મારો વિષય નથી. મારાથી કેમ થશે? મેં કહ્યું, આજે ધનવંતભાઈએ તમારામાં વિશ્વાસ મૂકી આ કામ તમને સોંપ્યું છે તો તમારાથી ના પડાય જ નહીં! ધનવંતભાઈએ કહ્યું, તમે ચિંતા નહીં કરો, ફક્ત કામ શરૂ કરો. આવા ધનવંતભાઈ દરેકને ખૂબ પ્રોત્સાહન આપતા અને કામ કરાવતા ખૂબ લાડથી અને પ્રેમથી. આવા બહુશ્રુત આત્માને અમારી ભાવભરી શ્રદ્ધાંજલિ.

☐ **અંજના રશ્મિકુમાર ઝવેરી**

## એમણે જે સેવા આપી છે તે અનન્ય છે

કેટલાક વિરલ મહાનુભાવો એવું અલૌકિક જીવન જીવી જતા હોય છે કે એના દ્વારા હજારો–લાખો વ્યક્તિ જેની પવિત્ર પ્રેરણાઓની પીયૂષધારાને પામી શકે છે અને જીવનને નવજીવન બનાવી શકે છે, એવા જ ધનવંતભાઈ એક વિરલ વિભૂતી હતા જેમના જીવનથી કેટલાય જીવોના જીવન બની ગયેલા છે. તેમની નિસ્વાર્થ ભાવના, નિર્મળ મનોવૃત્તિ, નિતાંત ઉપકારદૃષ્ટિ અને સર્વ જીવો પ્રત્યેનો સદ્ભાવ આપણને જોવા મળે છે. આટલા વર્ષો સુધી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી બનીને એમણે જે સેવા આપી છે તે અનન્ય છે. તેમનું વિરાટ વ્યક્તિત્વ એના અસ્તિત્વની અલવિદા પછી પણ કેટકેટલાના હૃદયસિંહાસને સમ્રાટ થઈને પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું હશે.

અંતમાં ધનવંતભાઈ માટે એટલું જ કહીશ કે જેમણે નામનાની કદી કામના કે ખ્યાતિની ખેવના રાખી નથી. નશ્વર દેહથી ભલે તેઓ હાજર નથી પણ સ્મૃતિદેહે તેઓ ચિરકાળ સુધી ચિરંજીવ રહેશે. એજ ધનવંતભાઈને શ્રદ્ધાંજલિ, ગુણાંજલિ, ભાવાંજલિ.

☐ **વિપિન કામદાર** (મલાડ)

## નખશીખ સજ્જનતાની મૂર્તિ

કોઈને જો નખશીખ સજ્જનતાની મૂર્તિ જોવી હોય તો તે ડૉ. ધનવંતભાઈમાં દેખાય. આંખમાં વિકાર નહિ, મુખમાં નિંદા નહિ. મનમાં ઈર્ષા નહિ. બસ સ્નેહ-સભર હૃદય સૌને માટે. અંતરમાં, વર્તનમાં વિનમ્રતા. પોતે સહન કરવું પણ બીજાને કષ્ટ ન આપવું એ જાણે કે એમનું જીવનસૂત્ર. તેય મનોમન બોલીને તો પોતાની મોટાઈ બતાવે જ નહિ.

સન ૨૦૦૧માં અમારી 'મુંબઈ ગુજરાતી સમાજ' સંસ્થાની પુનઃ સ્થાપનાની અમને જરૂર લાગી. 'સમગ્ર ગુજરાતી સમાજ'ને નામે. બહુ ક્ષોભપૂર્વક, નમ્રતાથી એ સંસ્થાનું પ્રમુખપદ સ્વીકાર્યું. સમિતિ-સભ્ય શ્રી નગીનદાસ સંઘવીનો પણ એમને સબળ ટેકો. સર્વાનુમતે તેઓ 'સમગ્ર ગુજરાતી સમાજ'ના પ્રમુખ બન્યા વર્ષો સુધી દરેક પ્રવૃત્તિમાં સાથ આપ્યો. અમુક લોકો માટે તો દર મહિનાના ત્રીજા ગુરુવારની સાંજ એટલે ભારતીય વિદ્યાભવનના ગીતા હૉલમાં આત્મીયતાથી અનેક વક્તાઓના વક્તવ્ય માણવાની સાંજ–વરસો સુધી રહી. ધનવંતભાઈ નિયમિત અને કામય સમયસર આવતા અને સભાનું સમાપન કરતા.

કોઈ વાર કોઈ સભ્ય કોઈકની નિંદા કરતા હોય તો મૃદુતાથી અટકાવીને ધનવંતભાઈ કહે: આ સંસારમાં જાતજાતના લોકો વસે છે. આપણે શું કામ ચિંતાનો બોજ લઈને ફરવું?

☐ **હંસા રાજડા**

## એમની કામ કરવાની પદ્ધતિ નિરાળી હતી

શ્રી ડૉ. ધનવંતભાઈ શાહ એટલે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું હાર્દ. તેઓ સ્વભાવે એકદમ મૃદુ-વ્યવહારુ, માયાળુ, પ્રેમાળ અને નિખાલસ હોવાથી બધાના લાડીલા બની ગયા હતા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ તેઓએ આ જગતમાંથી અચાનક વિદાય લીધી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ આયોજીત છેલ્લા ચાર જૈન સાહિત્ય સમારોહમાં અમે હાજર હતા, ત્યારથી અમે જોતા આવ્યા છીએ કે આ વ્યક્તિ Down to Earth અને Ego less હતી. એમની કામ કરવાની પદ્ધતિ નિરાળી હતી.

